

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ
આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક
વર્ષ ૩૩મું · અંક ૧લો · જાન્યુઆરી ઈ.૧૯૫૬
૩૮૫
તંત્રી · બચુભાઈ રાવત




રાષ્ટ્રપિતા
જેમણે જીવનભર
ભારતનું ભાગ્ય ચિંતવ્યું
એમના નિર્વાણની આઠમી
સંવત્સરીના પુણ્ય સ્મરણમાં
સ્ક્રેપર બોર્ડ આલેખન · બંસીલાલ

પ્રીતિયોગ: ચિત્રકાર સોમાલાલ શાહ



પ્રીતિયોગ: ચિત્રકાર સોમાલાલ શાહ

'કેસૂડાં' વાર્ષિકના સૌજન્યથી



કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : બાર આના

વાચકો લખે છે

ડિસેંબર અંકમાં 'શેરલૉક હોમ્સ' લેખ વાંચવાથી કોઇકને એમ લાગે કે હોમ્સ રાઇશનબાક ધોધમાં પડયો ત્યાં તેનું અવસાન થયું. પણ ખરી હકીકત જુદી છે.

'The Life of Sir Arthur Conan Doyle' by John Dickson Carrમાં માહિતી નીચે પ્રમાણે છે: સ્કૉટના જેવી કથાઓ લખવાનાં સ્વપ્નાં સેવતા ડૉઇલને, હોમ્સની વાર્તાઓ પૂરી કરવાનો વિચાર આવ્યો અને પોતાનાં માતુશ્રીને તેથી વાકેફ કર્યાં, કારણ કે 'He takes my mind from better things'. જવાબ આવ્યો: You won't; You can't; You mustn't. ત્યારે ડૉઇલે પુષ્કળ મોંઘી કીમતે હોમ્સની વાર્તા વેચવાનો ઠરાવ કર્યો. સ્ટ્રૅન્ડ મૅગેઝીને આ સરત પણ માન્ય રાખી. ૧૮૯૩માં પોતાનાં માતુશ્રીને ફરી લખ્યું: I am in the middle of the last Holmes story, 'The final Problem', after which the gentleman vanishes never to return.' જ્યારે આમ થયું ત્યારે સાહિત્યરસિકોને આઘાત થયો; લંડનમાં લોકો શોકનાં કાળાં કપડાં પહેરી ફરવા લાગ્યા. પણ ડૉઇલ ડગ્યો નહિ. He is at foot of the Reichenbach falls and there he remains.' એમ લખ્યું. પણ ૨૦મી સદીમાં, જ્યારે ફરીને ફરી આગ્રહો થયા ત્યારે, હોમ્સને પુનર્જીવન મળ્યું, અને હોમ્સનું 'અવસાન' થયું જ ન હતું પરન્તુ તે બચી ગયો હતો, પ્રવાસે ગયો હતો વ૦ વાતોથી સાહિત્યરસિકોનો ઉત્સાહ વધારવા માટે, તેની વાર્તાઓ પાછી લખાઇ. The Return of Sherlock Holmesનું શીર્ષક આ વાત સ્પષ્ટ કરે છે. The Empty Houseની વાર્તામાં તે કેવી રીતે પાછો બેકર સ્ટ્રીટમાં આવ્યો તે ડૉ. વૉટસનને અને આપણને જાણવા મળે છે. આમ હોમ્સનું 'અવસાન' થયું જ નથી; તેનું પુનરાગમન થયું.

(નવસારી) —મહેન્દ્ર ન. પંડયા

ડિસેંબર અંકમાં શ્રી જોશીએ જિમ કૉર્બેટ ભૂતપ્રેતમાં માનતા તે માટે, 'દુર્ગમ ડુંગરની ચોટી પર તેમણે જોએલા દીવા'નું પ્રમાણ રજૂ કર્યું છે. ૧૯–૯–૫૪ના 'ઇલસ્ટ્રેટેડ વીકલી'માં કૉર્બેટે વર્ણવેલો આખો કિસ્સો ઘણો રહસ્યમય ને રસિક છે, છતાં 'કૉર્બેટ ભૂતપ્રેતમાં માનતા' તે બતાવવા તે પૂરતો નથી. તેમણે પૂર્ણગિરિના ડુંગર પર (૧) એકસાથે નહિ સળગેલા, (૨) લગભગ ૨ ફીટના એકસરખા વ્યાસવાળા, (૩) પવનથી અકંપિત ને (૪) એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતા દીવાઓ જોયા હતા. દીવા દેખાયા ત્યાં બિલકુલ સીધો ખડક હતો. માણસો તો 'ઉપરથી ટાંગવામાં આવે તો જ' જઈ શકે એવું હતું. આ પરિસ્થિતિમાં તેમણે પોતાના નોકર ગંગારામને પૂર્ણગિરિ મંદિરના મહંત પાસે મોકલ્યો, ને તેણે એક મરી ગએલો સાધુ આ દીવા સળગાવે છે એવી લોકવાયકા કહી. હવે, કૉર્બેટ લખે છે કે 'તેની પોતાની પાસે' આ લોકવાયકા સિવાય બીજી કોઈ સમજૂતી નથી, પણ તેનો અર્થ એમ નહિ થાય કે તે ભૂતપ્રેતમાં માને છે. આ પૂર્ણગિરિની નીચે વહેતી શારદા નદીના કોતરમાં યાત્રા દરમ્યાન કેટલા યે યાત્રિકો ગબડી પડી મૃત્યુ પામ્યા હતા એટલે તેમના પ્રેતાત્માઓની બીકે ત્યાં કોઈ રાત પણ કાઢતું નહિ. અંતે કૉર્બેટ કંઇક વ્યંગમાં કહે છે: 'So there well might be spirits at the foot of that cliff, but not, I think, evil ones.' અહીં 'there well might be' શબ્દો તરફ શ્રી જોશીનું ધ્યાન ખેંચું છું.

તદુપરાંત આ જ લેખમાળાના પહેલા લેખમાંથી નીચેનો ફકરો ટાંકું છું, જે કૉર્બેટનું આવી ઘટના કે વહેમો પ્રત્યેનું પોતાનું દૃષ્ટિબિંદુ સ્પષ્ટ કરે છે: 'Superstition, I am convinced, is a mental complaint similat to measles in that it attacks an individual or a community while leaving others immune. I, therefore, do not claim any credit for not contracting... the virulent type of superstition that Bala Singh (તેમનો એક જૂનો વફાદાર નોકર) died of. But though I claim I am not superstitious, I can give no explanation for the experience I met with at the bungalow while hunting the Champawat tiger, and the scream I heard coming from the deserted Jhak village.' (I.W. ૨૯-૮-૫૪). ટૂંકમાં, બીજા અંગ્રેજો કે પશ્ચિમના માણસો જે ઘટનાઓને વહેમ ગણીને, ચિત્તભ્રમ (hallucination) ગણીને કાઢી નાખે છે તે પ્રત્યે પોતાનું અજ્ઞાન તે નિખાલસપણે કબૂલ કરે છે. એવી કેટલીક ઘટનાઓ જરૂર છે જેનો કાર્યકારણ સંબંધ શોધાતો નથી, એટલું તે સ્પષ્ટ સ્વીકારે છે. બસ, આટલું જ, અને તેથી વધુ નહિ. આ કારણથી તે 'ભૂતપ્રેતમાં માનતા' કહેવું અયુક્ત છે.

'Snake'નો અર્થ શ્રી જોશી 'કાળો નાગ' કરે તે વધુપડતું કહેવાય. વળી તેમણે ટાંકેલા કૉર્બેટના ફકરાનો કંઇક એવો ભાવાર્થ નીકળે છે કે માણસખાઉ વાઘનો શિકાર કરતાં પહેલાં જો એક સાપને મારવામાં તેઓ સફળ જતા તો જ પેલા વાઘને પૂરો કરી શકતા. ... 'એકાદ કાળા નાગનો શિકાર અવશ્ય કરતા' એવા કથનમાં તો જાણે કોઈ નારિયેળ ફોડીને શિકાર કરવા જતા હોય તે અર્થમાં કાળો નાગ મારીને જ શિકાર કરવા જતા એવો ધ્વનિ નીકળે છે!

(મુંબાઇ) —અશ્વિન મહેતા

શ્રી જોશીએ જે વિગતો ટાંકી છે તેથી સંતોષ થયો નથી. નાગના શિકાર બાબતનું મેં વાંચેલું હતું જ. એ કથનમાં નાગની વાત નથી, સાપની વાત છે. Snake=કાળો નાગ ન થાય. નાગ એટલે cobra. કૉર્બેટનાં પુસ્તકોમાં વાઘના શિકારે જતાં પહેલાં નાગનો અવશ્ય શિકાર કર્યાની વાત કયાં ય અપાઈ નથી. 'અવશ્ય કરતા'નો ભાવ એવો લાગે છે કે માણસખાઉને મારવા નીકળતાં પહેલાં એ નાગની જ શોધમાં ન નીકળતા હોય! આ રીતે આ કથન જિમ કૉર્બેટના પુરુષાર્થને હીણપત લગાડનારું બને છે. શ્રી જોશીએ નિર્દેશેલી લેખમાળા હવે 'ધ ટેમ્પલ ટાઈગર ઍન્ડ મોર મૅન ઈટર્સ'ના નામે ઑક્સફર્ડ યુનિ. પ્રેસ દ્વારા પ્રકટ થઈ ગઈ છે.

ડિસેમ્બર અંકને છેલ્લે પાને કબાટના કાચ લૂછવા માટે કાગળની રીત આપી છે. ચોખ્ખી રાખ ઘસવાથી પણ ફાનસના ગોળાની પેઠે અરીસાને સ્વચ્છ કરી શકાય છે. પહેલાં ડાઘ પાણીના પોતાથી લૂછી નાખવા અને ડાઘ સુકાયે રાખ ઘસવી. પછી સાફ કપડા વડે રાખ લૂછી નાખવી. અરીસો ચકચકિત બનશે.

એ જ પૃષ્ઠ પર ઍમેઝોન નદીનું મુખ ૫૦ માઈલ પહોળું અપાયું છે. મેં વાંચેલા સંદર્ભગ્રન્થ એ ૧૭૫થી ૨૦૦ માઈલનો અંક આપે છે. આ પ્રકારના ઉલ્લેખ નવા એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકાના આધારે કરાય તો સારું.

માનવીના શરીરમાં પાંચથી સાત ક્વાર્ટ લોહી સતત ફર્યા કરે છે, એમાં ક્વાર્ટને રતલના વજનમાં નોંધ્યા હોત તો સ્પષ્ટતા થાત.

(અનુસંધાન પૃષ્ઠ ૪૨મે)

પૂરનાં જળ

· ગાન ·

પૂરનાં ડ્હોળાં જલ :
ભૂર વેગીલાં કોઇની યે નવ આડને માને
કારમું એનું બલ...

ફેનિલ જેનું મુખ ને ઊંચી ડોકની ઊડે યાળ,
કાળનો ઘોડો દોડતો ભાંગી ધરતી કેરી પાળ;
નાળને નાદે ઘેઘૂર એનો પ્રાણ ઘૂમે ઉચ્છલ...

આવડો જેનો તૉર
કેમ રે એને નાથીએ, રે કેમ બાંધીએ એને દોર?
આંહિ ઝૂરે જીવ એકલો ́વ્હાલું વસિયું પેલે તીર,
ઉરમાં અગન ઊછળી તે નહિ પલની ધારે ધીર;
ઘટમાં ગગન ઘેરનારાને* મળતું મોંઘું ફલ...

રાજેન્દ્ર શાહ

*ટમાં ગગન ઘેરવું=(૧) સ્થૂલ અર્થે–ખાલી ગાગરને આધારે પૂરની પાર ઊતરી જવું; (૨) સૂક્ષ્મ–કુંભક કરવો, કુંભક કરી જાણનાર યોગ દ્વારા માયાનાં પૂરની પેલી પાર પરમતત્ત્વને પામે છે.

કોણ પધારે?

· ગાન ·

આ આજે કોણ પધારે
દિશાદિશાના દૂરદૂરના પ્રકાશના પગથારે: આ૦
હરિયાળી આ છાઈ સુંવાળી,
ફૂલફૂલની પાંખડીએ પગલી શી પડી રૂપાળી,
ઝળહળતાં ઝાકળરત્નોના સપ્તરંગી હારે: આ૦
તેજ–કિરણના ઘુંઘર ગાજે,
આવનના મનભાવન મદભર સૂરમધુર લય સાજે,
બાજે વધાઈની શહનાઇ દિલનાં મુગ્ધ દુવારે: આ૦

પિનાકિન્ ઠાકોર

ઇચ્છા થઈ

· ગઝલ ·

ખુશીથી કોઈને જ્યારે મરી જાવાની ઇચ્છા થઈ,
તો ત્યારે કાળને પાછા ફરી જાવાની ઇચ્છા થઈ.

ન પૂછો કે કળીને કાં ખરી જાવાની ઇચ્છા થઇ,
ઘણાંને મોત પ્હેલાં પણ મરી જાવાની ઇચ્છા થઇ.

નયનથી જ્યારે અશ્રુને સરી જાવાની ઇચ્છા થઇ,
ગગનથી કંઈક તારકને ખરી જાવાની ઇચ્છા થઈ.

મઝા એ માણવા આવ્યા હતા જ્યારે પ્રભા કેરી,
જીવનના દીપને ત્યારે ઠરી જાવાની ઇચ્છા થઈ.

પડ્યાં મોજાંઓ નૌકામાં ચરણને સ્પર્શવા એનાં,
શું સાગરને ય ભવસાગર તરી જાવાની ઇચ્છા થઈ?

બની તન્મય, પ્રતિમા કોતરી નીરખી જો શિલ્પીએ,
તો પોતાને જ એના દમ ભરી જાવાની ઇચ્છા થઈ!

ફરે ના કોઇ કાળે પણ વલણ આ વિશ્વનું 'નાઝિર'!
અમારે કારણે એને ફરી જાવાની ઇચ્છા થઈ.

'નાઝિર' દેખૈયા

બંધન

· ગાન ·

હું કેમ ગઈ બંધાઇ?
આતમની નિઃસીમતા પરે
સીમા શેં અંકાઇ? હું કેમ૦

જંજીર ના મુજ પાયમહીં કે
રૂંધે ના કો ગાન,
કોઇ અગોચર તત્ત્વ થકી પણ
ઝલાય મારો પ્રાણ;
કાળ તણા અંચલમાંહીં શેં
અનંતતા ઢંકાઇ? હું કેમ૦

અમૃતના પીનારાને શેં
જન્મ-મરણના બંધ?
ખુલ્લાં નયને ક્યાં આવરણ
કરતાં એને અંધ?
મુક્ત ગગનના ઊડનારાની
પાંખ ક્યહીં અટવાઇ? હું કેમ૦

જાણું એને પાશ છતાં ત્યાં
પળપળ આકર્ષાઉં,
મહાન જલનિધિનું મોજું પણ
રેતીમાં જ સમાઉં;
ઘટના કોલાહલમાં સુણવી
શેં આતમ-શરણાઈ? હું કેમ૦

ગીતા પરીખ

કૃષ્ણ

· પરંપરિત હરિગીત ·

કૃષ્ણ કાળા કેમ?
એ તો છે સ્વયંજ્યોતિ;
ન એની છાંય પણ ક્યાં યે પડે.
પણ રાધિકા–
આ માટીની ઉત્કૃષ્ટ કો મૂર્તિ સમી–
ની છાંય લાગી એહને.

રતિલાલ જોગી

વિચારપુષ્પોની સૌરભ*





છે તો બન્ને ગજવેલનાં જ—કાતર પણ ગજવેલની અને સોય પણ ગજવેલની. પણ કાતર એકના બે કરે છે, જ્યારે સોય બેનાં એક કરે છે. એટલે જ દરજી કાતરને પગ નીચે રાખે છે અને સોયને માથા ઉપર!

આજ સુધી હું એમ માનતો હતો કે દુઃખ માણસને સામર્થ્યહીન બનાવે છે, કર્તવ્યભ્રષ્ટ બનાવે છે, દીન અને અનાથ બનાવે છે; પણ આજના આ પ્રસંગે મારી દૃષ્ટિ બદલી છે. હવે સમજાય છે કે દુઃખ વાસનાની ભૂમિકા પર સર્જાયું હોય તો જ એ ઝેરી ડંખ બને છે અને એ ડંખ મનને અસ્વસ્થ કરે છે.

પણ દુઃખ જો કોઇ શુભ સર્જનની ભાવનામાંથી જન્મ્યું હોય તો એ અગ્નિ જેવું હોવા છતાં એના સાન્નિધ્યમાં એક પ્રકારનો આનંદ આવે છે. ટાઢમાં અગ્નિ હૂંફ આપે છે, કાંચનને અગ્નિ શુદ્ધ કરે છે, તો દુઃખનો અગ્નિ પણ માણસના મનને હૂંફ આપે છે ને શુદ્ધ કરે છે.

આવું દુઃખ મિથ્યા ભ્રાન્તિને ટાળે છે, આપણી આસપાસ રહેલા મિત્રવર્તુલમાંથી સાચા મિત્રને ચૂંટી આપે છે, આત્માના પવિત્ર પ્રકાશમય સ્વરૂપને પ્રગટ કરે છે ને ખોટી આશાઓના અસ્તિત્વને નાસ્તિમાં ફેરવે છે.

સૂર્યનો પ્રકાશ જો વિશ્વના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરે છે, તો દુઃખનો પ્રકાશ જીવનના સત્યને પ્રગટ કરે છે.

પશુ અને માનવમાં માત્ર આટલો જ ફરક છે: દંડના ભયથી પ્રેરિત થઇને કાર્ય કરે તે પશુ; અને કર્તવ્યની પ્રેરણાથી પ્રેરિત થઇને કામ કરે તે માનવ.

અનેક વાતોનાં ભાષણો કરનાર કરતાં એક વાતને આચારમાં મૂકનાર વધુ સારો છે. મીઠાઇઓને ગણાવી જનાર કરતાં રોટલાનો પીરસનાર વધુ સાચો છે.

પ્રાણીમાત્રના જીવનમાં ભાવના જ અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. એટલા જ માટે ચિન્તકો માણસના સ્થૂલ કાર્યને નથી જોતા પણ એની પાછળ કામ કરતી સૂક્ષ્મ ભાવનાને અવલોકે છે. કાર્ય એક જ હોય છતાં ભાવના ભિન્ન હોય તો પરિણામ જુદું જ આવે. બિલાડી જે દાંતથી પોતાના બચ્ચાને પકડે છે, એ જ દાંતથી ઉંદરને પણ પકડે છે; પણ એમાં અંતર આકાશ અને પાતાળનું છે. એકમાં રક્ષણની ભાવના છે; બીજામાં ભક્ષણની. એકમાં વહાલ છે, બીજામાં વિનાશ!

માણસને રીઝવવા કરાતી ખુશામત એ મધુર દૂધમાં તેજાબ રેડવા બરોબર છે. એથી માણસ જામતો નથી, પણ ફાટે છે!

તમારો આજનો એક કલાક કઈ રીતે પસાર થાય છે? એ જો તમે બરાબર નિરીક્ષણ કરી શકતા હો તો તમારી જિંદગી કઇ રીતે પસાર થશે તે તમે બરાબર કલ્પી શકો છો; કારણ કે સમયના ગર્ભમાં કલાક છુપાએલો છે અને કલાકના ગર્ભમાં જિંદગી!

કરમાતાં કરમાતાં રડી પડેલા પુષ્પને મેં પૂછ્યું: 'સોહામણા ફૂલ! વિદાય વેળાએ રડે છે શા માટે?' એણે ઉત્તર વાળ્યો: 'ભાઈ! દેવના મસ્તકે ચડવાનું સદ્‌ભાગ્ય તો મને ન મળ્યું, પણ કોઈના પગ નીચે કચરાઇ જવાની તક પણ મને ન મળી! કોઇના યે ઉપયોગમાં આવ્યા વિના મારે કરમાઇ જવાની પળ આવી, એટલે મને લાગી આવ્યું.'

આજના લોકમાનસમાં એક ઉગ્ર ભાવના પ્રવર્તે છે: કોઈ પણ કાર્યનું ફળ શીઘ્ર મળવું જોઈએ. આ ઉગ્ર ભાવનાને લીધે માણસની નજર ફળ તરફ જાય છે, પણ કાર્યની નક્કરતા વીસરાઈ જાય છે. પરિણામે નક્કર કાર્ય પણ થતું નથી, ને ચિરંજીવ ફળ પણ મળતું નથી.

માનવીની એક પ્રતિજ્ઞા તૂટે છે ત્યારે હજારો ભાવનાઓ, હજારો જીવન ને હજારો કલ્પના ભાંગીને ભૂકો થઈ જાય છે. એક મહાબંધ તૂટે તો કેટલાં ગામ જળબંબાકાર બની જાય છે!

સજ્જનને દુર્જન સાથે સ્પર્ધા કરવાનું મન થાય તો આટલો વિચાર કરવો: પાણી અને મેલ વચ્ચે યુદ્ધ થાય તો ખોવાનું કોને? પાણીને! મેલને ખોવાનું શું? થોડો જ ઊજળો થવાનો છે? પાણી જ મેલું થવાનું!

વધેલા નખ જો યથાસમયે ન કાપીએ તો એ બેડોળ લાગે, એમાં મેલ ભરાય અને રોગની વૃદ્ધિ જ કરે; તેમ વધેલી સંપત્તિ–પૈસો પણ યોગ્ય સમયે ન વપરાય તો માણસને સમાજમાં વિકૃત કરે, મલિનતા આણે ને રોગ-શોકનું કારણ બને. વળી કો'ક વાર જેમ ઠેસ વાગતાં, ન કાપેલો અને ખૂબ વધેલો નખ, આખો ને આખો ઊખડી જાય છે, તેમ પૈસાને ન વાપરનાર પણ કો'ક વાર સમૂળગું ધન ખોઈ બેસે છે ને સારમાં માત્ર શોક રહે છે.

મહાલયને સુંદર કહેનારને લોભી ન માનતા; ઝૂંપડાને ભવ્ય કહેનારને સંતોષી ન કલ્પતા. સંતોષી તો તેને કહેજો જે મહાલય અને ઝૂંપડાના ભેદને ભૂલી સંતોષને શ્રેષ્ઠ માને અને અસંતોષને કનિષ્ઠ માને!

સોનું કોને નથી ગમતું? સૌ એને ચાહે છે. પણ અગ્નિમાં તપેલી સોનાની લાલચોળ લગડીને હાથમાં ઝાલવા કોઇ જ તૈયાર નથી. તેમ સત્ય પણ સૌને ગમે છે, પણ એને કટુતાના પાત્રમાં પીરસશો તો કોઈ નહિ ઝીલે.

નાગરિકો નૈતિક રીતે નિર્બળ હોય ત્યારે સરકારે જ નૈતિક રીતે સબળ થવું જોઇએ, એમ એકપક્ષી કહેવું એ મૂર્ખાઈ છે. માનવીનું મુખ બેડોળ હોય ત્યારે અરીસાના પ્રતિબિમ્બે સુંદર બનવું જોઈએ, એના જેવી આ વાત છે.

* મુનિમહારાજ શ્રી ચન્દ્રપ્રભસાગર ('ચિત્રભાનુ') રચિત વિચારમુક્તકોના 'સૌરભ' નામક સંગ્રહમાંથી: એ પુસ્તકના પરિચય માટે અન્યત્ર જુઓ.



પ્રવેશક

ભારતના ભાગ્યચક્રમાં જેને આધુનિક કહીએ એવો, આધિ વ્યાધિ અને આતંકનો યાતનાયુગ શરૂ થયો તે પહેલાંનાં લગભગ સોળસો સત્તરસો વર્ષ દરમ્યાન, ભારતીય સાહસ અને સંસ્કૃતિએ તેમજ વ્યાપાર અને વહાણવટાએ, મડાગાસ્કરથી હાઈનાન (ચીન) સુધીના દેશોને બૃહદ્‌ભારત બનાવી નાખ્યા હતા. પંદરમી સદી દરમ્યાન ગૌડ, બંગ, મગધ ને ઉત્કલનું વહાણવટું અને વસાહતો, પૂરવ પાણી-પંથારોમાંથી ધીમેધીમે અસ્ત થતાં ગયાં ત્યાર પછી પણ–અર્થાત્ છેક ઈસુની અઢારમી સદીની છેલ્લી પચ્ચીસી સુધી, મહાગુજરાત, શોળ મણ્ડળ (કોરોમાંડલ) અને દેરાના બેડાઓ એ પંથારોમાં આબાદ રહ્યા હતા.

એક બાજુએ ઈરાન, અરબસ્તાન, મિસર, સુમાલ, સુવાહિલિ (ઝુંગબાર) અને મડાગાસ્કર; બીજી બાજુએ ભારતનાં જ કેરળ (મલબાર) પાંડ્ય (મધ્ય તમીળનાડ), શોળ (દખ્ખણ પૂર્વ અને તમીળનાડ) કલિંગ, સિંહલ (લંકા અને મહાલદ્વીપ); અને ત્રીજી બાજુએ સુવર્ણ ભૂમિ, એટલે બ્રોમ્યા (બ્રહ્મદેશ), મલયૂ (મલાયા), યવદ્વીપ, (જાવા), સુમાત્રા, બલી, કલિમન્થન (બોર્નિયો), શૂલવેષી (સે'લબીસ), સુવાંગ્થાઈ (સાયામ), કમ્બોજ (કૅમ્બોડિયા), ચમ્પા (ઈન્ડો ચાઈના) અને પચ્છમ ચીનનું હાઈનાન,–એ બધા દેશો જ્યારે તામ્રલિપ્તિ, મગધપત્તનમ્, કાવેરીપત્તનમ્ વગેરેનાં નામો યે ભૂલી ગયા હતા ત્યારે પણ કલિંગપત્તનમ્, કુરંગપત્તનમ્ (કોરિંગા) નાગપત્તનમ્ ને યાળપત્તનમ્ (જાફના) એ દેશોમાં હજુ ધરૂકાં જેવાં બની રહ્યાં હતાં. અને એ દેશોમાં બીજાં જે નામો આશકારા હતાં, તે પચ્છમ કંઠારનાં ગબ્બર સમુદ્રપત્તનો–રાયપુર (કચ્છ માંડવી), વેરાવળપાટણ, ખંભાયત અને સૂરત. આ કથામાં કચ્છ: માંડવી, કોટેશ્વર, ખંભાત અને સૂરતનાં જે વર્ણનો છે, તે વિક્રમની ઓગણીસમી સદીની પહેલી પચ્ચીસીનાં છે; બ્રહ્મદેશ, બલી, જાવા, શૂલવેષી, સુલમ્બ અને કુંગતાઉ પણ તત્કાલીન રૂપે છે. કુંગતાઉનું માત્ર નામ બદલાવ્યું છે. કેટલાક પ્રસંગોના ઐતિહાસિક કાલક્રમમાં પણ થોડો ફરક કર્યો છે. એમ તો આ કથા, કોઈ પણ અર્થમાં, ઐતિહાસિક નથી. ઇતિહાસના થોડા પ્રસંગો, કે વ્યક્તિઓ, કેવળ 'નીરમ' (બિલાસ્ટ) રૂપે જ વપરાયાં છે, પરંતુ આ કથાનકનું એકેક્ય પાત્ર કે પ્રસંગ અસંભવ નથી એટલું જ નહિ, પણ અસંભાવ્ય પણ નથી, અને અસમ્ભૂત પણ નથી.

કચ્છ, સૌરાષ્ટ્ર અને લાટનો વેપાર તથા વહાણવટ, એનાં સાહસકલા અને સંસ્કૃતિ આટલે દૂરના દિગન્તરોમાં પહોંચાડનાર શક્તિ કેવળ વેપારી, કલાકાર, કારીગર કે મુસાફરોની જ ન હતી. એ બધાંને, હજારો કોશ પર લંબાતી તથા અનેક જોખમોથી ભરેલી પાણીપંથારો ઉપર સર્વથા સલામત રાખનાર હતાં વહાણો, અને એ વહાણોના આત્મા જેવા મહાગુજરાતના નાવિકો–એમની અદ્ભુત શક્તિ વગર બીજી શક્તિઓ વ્યર્થ બની રહેત.

એક વિશેષ વાત તો એ બની કે આશરે સોળમી સદી પછી

ગઈ ૨૦મી ઑગસ્ટ ૧૯૫૫ના રોજ 'સુકાની'એ અમને લખ્યું: "મારો વિચાર પ્રાચીન વહાણખેડૂઓ વિષે 'છેલ્લી વાર્તા' લખવાનો છે. એનું વસ્તુ પણ એ જ અર્થનું રહેશે.–અને ગત કાળ વિષેની એ છેલ્લી વાર્તા જ બનશે. હવે એ સમય આવી લાગ્યો છે કે પચ્ચીસ-ત્રીસ ગુજરાતી જવાનો દરિયા ઉપર અફસર કે ઈજનેર બની આગબોટ ચલાવે છે. મારા પોતાના બે દીકરા દરિયાઈ અફસર છે, અને હવે જો આપણે ચાલુ દરિયાઈ જીવનની કડવીમીઠી વીતક ઉપર લખીએ તો વસ્તુનો તોટો નથી. એક કાળે 'કૅપ્ટન મોરાર' શબ્દ જ 'તરજુમિયો' લાગી જતો હતો,–આજે એ વાસ્તવિક બન્યો છે; એટલે 'છેલ્લી વાર્તા' લખી પછી આજના જીવનની ટૂંકી વાર્તાઓ લખવાનો વિચાર છે. ઈન્શાલ્લા! અલબત્ત, 'કુમાર'ને જ માટે.

દરમ્યાન કોઈ અતિ 'બોરડમ'ના વખતનો કંટાળો ઉતારવા એક લાંબી–નવલકથા કહેવાય એટલી લાંબી કથા લખાઈ ગઈ છે. પૂરા ૨૪૨ તાવ, આશરે ૧૪૫ ખંડ જેટલું ખલ ઉભાર્યું છે. આ લખી લીધા પછી હવે આત્મનિ–અપ્રત્યયં–ચેતઃનો જુવાળ આવ્યો છે. (જોકે આમ લખવામાં 'બલવદપિ શિક્ષિત' હોવાનો દાવો નથી કર્યો!) તમે અતિ વ્યવસાયી છો, પરંતુ વાંચીને મશ્કરી ન કરો એવા સ્નેહી પણ છો. એટલે થયું કે તમને ફુરસદ મળે ત્યારે નિરાંતે વાંચવા મોકલી જોઉં... વિશેષ ઉત્તર મળ્યે. સ્ને. 'સુકાની'."

આનો ઉત્તર અમારા તરફથી 'સુકાની'ને માટે બીજો શો હોય?–અને પરિણામ તે આ વાર્તા.

ભારતને વીંટળાએલા દરિયાઓ ઉપર રાજપૂત બેડાઓ ચાલવા લાગ્યા હતા. તાતાર, મુઘલ, પઠાણ; પછી કાઠી, મરાઠા, રોહિલા; પછી અંગ્રેજ, વલન્દા, ફિરંગી અને ફિરાંસિયા; ભારતની રાજપૂતી ઉપર એક પછી એક પ્રતિબળો ઘા કરી રહ્યાં હતાં : આંતરવિગ્રહ, કુસંપ, બંડ અને બખેડાથી રાજસ્થાન વ્યસ્ત બની ગયું હતું. જે કાળે રાજપૂતીની જ્યોત સરજમીન ઉપર મ્લાન બની ગઈ હતી, તે જ વખતે જાણે જમીન ઉપર ગૂંગળાઈ ગયા હોય એમ રાણીજાયા જવાનોએ હજારોની સંખ્યામાં દરિયાલાલના ખોળાનો આશ્રય લઈ લીધો અને એ આ બુઝાતી જ્યોતને ફરી ભભકાવી દીધી. સરજમીન ઉપર ઝંખાએલી રાજપૂતી સાગર ઉપર, એક હાથમાં સુકાન અને એક હાથમાં ખાંડું લઈ, રંગ મ્હાલવા લાગી.

એક અંગ્રેજ તવારીખનવેશ (History of the Indian Navy by Lf. Charles Rathebone Low) કહે છે કે વિક્રમની ઓગણીસમી સદીના આરંભમાં માત્ર લાર સાગરમાં જ બે હજાર જેટલા રાજપૂત બેડાઓ ચક્કર મારી રહ્યા હતા, ને જ્યાં મળે ત્યાં ટોપીવાળાનાં વહાણો ઉપર હુમલો કરતા હતા.

નવાઈની વાત તો એ છે કે આપણા સાહિત્યમાં, આપણા ઇતિહાસમાં, ત્રણ હજાર વર્ષના આપણા સળંગ વહાણવટામાં એકેય સાગરવીરના નામનો ઉલ્લેખ નથી! મલયના જંગલમાં એક ખંડિયેર પર મહાપદ્મનું નામ કોતર્યું છે, અને વાસ્કો દ ગામાએ કાનજી માલમ (Kanos Melemos)નું નામ નિર્દેશ્યું છે; બસ! એક બૌદ્ધ જાતકમાં 'સુપારગ' અને તિલકમંજરીમાં 'તારક,' એ નામ માત્ર કવિનો પરિકરાલંકાર પરનો કાબૂ બતાવે છે, કારણ કે એ 'સાભિપ્રાય વિશેષણ'–નામો લાગે છે.

તો, એ હજારો અનામી અન્યનામ રાજપૂત સાગરવીરોની, આપણાં અક્ષમ્ય અને કૃતઘ્ન અજ્ઞાનના ધૂંધળા ધુમ્મસ આડે પણ, આછી આછી ઝાંખી કરવાના અને કરાવવાના હેતુથી, આ કથા લખાઈ છે. એમાં અર્ઘ્ય છે અને અંજલિ પણ છે.

આ કથામાં પ્રવેશતાં પાત્રોને ઇતિહાસનાં કોઇ પણ જીવંત સ્ત્રી-પુરુષ સાથે કશો સંબંધ નથી. આ કથા ઇતિહાસ નથી; પરંતુ જેટલે અંશે ઇતિહાસ પણ કલ્પના છે, તેટલે અંશે આ કાલ્પનિક કથા પણ ઇતિહાસ છે.

—'સુકાની'

ભાગ પહેલો : 'રાવળનાથ'

ખંડ ૧ : ભોમનો સાદ

મીઠા મહેરામણ જેવી સિંધુ નદી અનેકમુખે જ્યાં સાગરને ભેટે છે એ જગ્યાને ઘોડાબારી કહે છે. એની દખ્ખણમાં કોરીનાળ વહી રહી છે. આજે એનાં મૂળ અને મુખની આડે વાળૂના દાટા દેવાઈ ગયા છે, એનાં પેટ અનેક જગ્યાએ છીછરાં થઈ ગયાં છે; પણ વિક્રમની ઓગણીસમી સદીની પહેલી પચ્ચીસીમાં ત્યાં અતાગ પાણી વહેતાં હતાં. તે કાળે નાળને કાંઠે તરતાં બંદરો હતાં. એના સાગરસમા વિશાળ પટમાં જ્યારે કોટેશ્વર બંદર ગાજતું હતું ત્યારની આ વાત છે.

નાળના મથાળેની ડુંગરાળમાં થોડા દી પહેલાં જ લોહિયાળ ધમસાણ મચી ગયું હતું. પચ્છમ ધરાની તવારીખમાં એ ધમસાણ 'ઝારાના જુદ્ધ'ને નામે ઓળખાય છે. સિંધના મીર ગુલામશાહના કલ્હોરાઓ અને પચ્છમ ધરાના જાડેજાઓ વચ્ચેના એ ટૂંકા પણ કાતિલ જંગમાં, જાડેજાઓની હાર થઈ હતી; અને આસાનીથી મળેલા વિજયના નશામાં ઉન્મત્ત બનેલા કલ્હોરાઓ, પાટનગર ઉપર ધસી રહ્યા હતા. મારગમાં આવતાં ગામ અને શહેર લુંટાઈ રહ્યાં હતાં, દેવમંદિરો ભ્રષ્ટ થઈ રહ્યાં હતાં, કલ્હોરાઓનાં છૂટાંછવાયાં દળ આડમારગે, લૂટની લાલચે ભટકવા લાગ્યાં હતાં અને કોટેશ્વર બંદર ઉપર સરદાર મહમ્મૂદ બલોચની સાંઢણીઓ ખાબકી રહી હતી.

એક તો કોટેશ્વર ધીખતું બંદર, અને ભગવાન શિવજીનું તીરથધામ; આમ કલ્હોરાઓને બેવડું પ્રલોભન હતું. ગામમાં જેટલાં ગરાસિયાનાં ખોરડાં હતાં તેમાંથી એકેએક કેડિયાબંધ જવાન તો ઝારાની ડુંગરાળમાં ખપી ગયો હતો; હવે કોળી, કણબી, કાઠી અને ખારવાઓ, આડહથિયારે બંદરની ચોકી કરતા હતા. મંદિરનાં તોતિંગ કમાડો વાસી બ્રાહ્મણો અખંડ રુદ્રીમાં લાગી ગયા હતા. નગરનારીનાં હૈયાં થડકી રહ્યાં હતાં અને ધોળે દીએ બંદરની શેરીઓમાં સોપો પડી ગયો હતો.


આ કટોકટીના સમયમાં ગામવાસીઓને દેવરાજ નાખવો સાંભર્યો. એના લંગોટિયા ભાઈબંધ ભભૂતગરને સૂઝ્યું, કે દેવો બે વર્ષની મિસર, ઈરાન અને અરબસ્તાનની સફરેથી, બેચાર દી'માં, રાયપુર (માંડવી) બંદરે પહોંચવાના વાવડ હતા. એમ હોય તો તો એનું જુંગ 'રાવળનાથ'



જરૂર કોટેશ્વરના અસ્તંસમાં ખપે! ગામવાસીઓને તો, ડૂબતાંને તરણા જેવું મળી ગયું. એમણે એભલ માલમને મછવો લઈ, મધદરિયે દેવરાજ નાખવાની વાટ રોકવાનું કહ્યું. જુગ 'રાવળનાથ' મળે તો કોટેશ્વર તરફ લાવવા એભલ ઊપડી ગયો.

ખંડ ૨ : દેવરાજ ધાધલ

પોષની કડકડતી રાત હતી; નાળમાં ભરતી ઓસરી રહી હતી. કામળા ઓઢીને અને કાન બૂંદીને બંદરવાસીઓ ટોળે વળ્યા હતા. આજે કટોકટીની રાત હતી. સંઝયા ટાણે પગીઓ ખબર લાવ્યા હતા કે મહમ્મૂદ બલોચ સો સાંઢણીઓ સાથે જખૌ બંદરે આવી પહોંચ્યો હતો. ગામ આડે ગાડાંઓ ઉલાળી જવાનિયાઓ ચોતરફ ખડા થઇ ગયા હતા. ઘેરઘેર, વાસેલાં કમાડ પાછળ વૃદ્ધ, અશક્ત, બાળ અને સ્ત્રીઓ જાગતાં બેઠાં હતાં. સૌનાં મન દરિયાની દિશામાં ચોંટી રહ્યાં હતાં. આજે 'રાવળનાથ' પહોંચી ન આવે તો કોઈની ખયર ન હતી.



કોટેશ્વરના શિવમંદિરનું આજનું દશ્ય (ફોટો · રામસિંહજી રાઠોડ)

ખાડી ઉપર ધુમ્મસ પથરાઈ ગયો હતો. ઓસરતી ચાંદનીએ એ ધુમ્મસને રૂપેરી પરદો બનાવી દીધો હતો. ખાડીમાં નાંગરેલાં વહાણો પણ ઓજલ થઈ ગયાં હતાં. હવે તો રાત પણ ઓસરવા માંડી હતી; સાથેસાથે 'રાવળનાથ'ની આશ પણ ઓસરી રહી હતી.

કાંઠાના ટીંબાઓ ઉપર અનેક માલમો ઊભા હતા. ધોળો દી' હોય એમ આંખે હથેલીની છત કરી એ દરિયા તરફ તાકી રહ્યા હતા. એ સૌ દરિયાના હેવાયા હતા, અને મનમાં ને મનમાં સમજી રહ્યા હતા કે આવા ધુમ્મસમાં, અને ખાડીની આ અટપટી નાળમાં ઊંડું પડાણ લાવવું, એ લગભગ અસંભવિત હતું. પણ કોઈ કંઈ બોલતું ન હતું, કોઈ હલતું પણ ન હતું.

ઓચિંતા ગોડજી ભાભો બોલ્યા: 'અમારી આંખ જુસાં આગર જેવી હણે નથી; પણ હયણીં નીચે વાયાં (ડાબું) જુવો તો! ઉ રાવળનાથ ખપે, ભલા! વાંયાં હેરિયું કરતું લાગે છે.'

ગોડજી ભાભાનું બોલવું સાંભળી બીજાઓએ એ દિશામાં નજર માંડી. પણ ત્યાં ધુમ્મસના ગોટાઓ આડે કંઈ નહોતું સૂઝતું. બેચાર માલમોએ દૂરબીન માંડી અને પાછી નીચી કરી દીધી. દરિયાનાં માનવીઓની નજર એવી તો તીખી હોય છે કે કાળી ચૌદશની રાતે, અંધારી કોતરમાં, પાડા આડે સીદીનો છોરો બેઠો હોય તો ય ખોળી લે! પણ આજે એ નજરો પાછી પડતી હતી.

ગોડજી ભાભાને ખોટા પાડવાની કોઇની દેન ન હતી. ભાભા સો ઉપર દસબાર વરસ વટાવી ગ્યા'તા, પણ એની આંખો હજી સોળે વર્ષે હતી. ભાભા સાચા પડે તો તો રંગ રહી જાય! પણ હવે આશા ન હતી.

'હણે દાહિના (જમણું) ફર્યું છે, બચા!' ભાભા બોલ્યા: 'દેવલો આવ્યો, મારા પે! એની ટોંકે હણુમાનની ધજા ઊડે છે. ઈ શું આપણી ધા ન સાંભરે ભલા? આ તો એની જનમભોમ!'

અને ગોડજી ભાભાની નજરની સાહેદી પૂરતો એક આછો લલકાર ખાડી ઉપરથી ઊડતો આવ્યો! પચ્છમ ધરાની શેરીઓમાં રમતાં ટાબરિયાં પણ એ લલકારનાં ભોંયાં હતાં. એ બુરૂદિયાનો સાદ!

કાન સરવા થયા તે ભેળી આંખો પણ તેજ બની. આકાશ વીંધતા ખુવાઓ ઉપર સઢના કારસા કરવા ચડેલા બડિયાતોના એક-બે ઓળાઓ ધુમ્મસ વચ્ચે દેખાઈ રહ્યા. બડિયાતો જાણે ભગવાન કપર્દીના ભેરવ ગણ હોય, અને બુરૂદિયાની હલક એ જાણે અભય પોકારતી કૈલાસવાણી હોય એવી ધરપત કોટેશ્વરવાસીઓને આવી ગઈ. હજુ માલમોને માત્ર આશા નહોતી બંધાતી. દરિયાખેડના અનુભવી ન હોય એવા નગરવાસીઓ પણ જાણતા હતા કે આવા ધુમ્મસમાં, અને આ નાળમાં વહાણ સારવવું મુશ્કેલ છે.

કાંઠા ઉપર નીરવતા પથરાઇ ગઈ. ઘણી વારે એ નીરવતાને ભેદી એક બુલંદ પોકાર પડયો. કાંઠા ઉપર ઊભેલો દરેક માલમ સડક થઇ ગયો. 'રાવળનાથ'નો નાખવો અંધા લાકડીએ નાળનું મુખ સોંતમાં લેતો હતો.

પછી તો જમીન ઉપર ઊભેલો માલમે માલમ, દેવા નાખવા સાથે નાળના તાગ લેવા લાગ્યો; 'રાવળનાથ' ભેળો વળાંક લેવા લાગ્યો; બડિયાતો ભેળો સઢ ઘટાવવા અને રસ્સા ફેરવવા લાગ્યો; બુરૂદિયા ભેળો પાણી લલકારવા લાગ્યો; સુકાની ભેળો વીણો દબાવવા લાગ્યો, ધામણ વધાવવા લાગ્યો, ખુવા ઉપર ચડવા લાગ્યો; સઢના કારસા કરવા લાગ્યો અને ખાડીનાં છીછરાતાં પેટને પરમીલથી સૂંઘવા લાગ્યો!

બુરૂદિયાયે સાડા છ વામ પોકાર્યાં. કાંઠા ઉપરના માલમો હાથની મુઠ્ઠીઓ વાળી ગયા! અહીં પાણી તો બિસિયાર હતાં, પણ વળાંક સાંકડો અને તીખો હતો. એક પડખે કર્દા અને બીજે પડખે ધડો; વચમાં સાંકડી સાપોળિયાં નાળ; વીણો આમથી આમ હટે તો ધોળે દી'એ પણ વહાણનો વીમો! ત્યારે આ તો અંધો ધુમ્મસ! માલમોએ આંખ મીંચી દીધી. 'રાવળનાથ'નું સુકાન હવે રામસિંહ માલમના હાથમાં હશે! દેવો ધાધલ પોતે ખુવા ઉપરની ખાટલીએ ચડયો હશે!

બુરૂદિયાએ ચાર વામ પોકાર્યાં અને એના સાદને ડુબાડી દેતો બુલંદ પોકાર ઉઠયો: 'વાંઆયાં, આઆસ્તેએ...એ...!'

માલમોનાં મોં ઉપર સ્મિત ફરકી રહ્યાં; એમનાં લમણાંની નસો ઢીલી પડી; એમના કાન અધીરા થઈ ઊઠયા. એ કાનને સંતોખતો અવાજ શરૂ થયો; બુરૂદિયાએ પાંચ વામ પોકાર્યાં અને ઘવર ઉપર ભરડા ખોલતી સંગરે કડેડાટી બોલાવી. ધુંબાંગ કરતો પાવડો પાણીમાં પડયો.

'રાવળનાથ' આવી પહોંચ્યું હતું. કાંઠા પરના માલમોના હાથની મુઠ્ઠીઓ ઊઘડી. આવી ટાઢમાં પણ દરેક માલમ પરસેવે નીતરી ગયો હતો. જાણે એણે જ 'રાવળનાથ'ને આખરે ખાડીમાં આણ્યું હતું!

ખંડ ૩: મહાજનની કેફિયત

નાના ઓવારા પાસેથી એક મછવો 'રાવળનાથ' તરફ ચાલ્યો. શાસ્ત્રી મહેશ્વર, અતીત ભભૂતગર, શેઠ ન્યાલચંદ ઠક્કર, અંધ દરબાર

હોથીજી અને નાગદાન ગઢવી મછવામાં બેઠા હતા.

'રાવળનાથ' ઉપર પહોંચી દેવરાજ નાખવાની આરાસ્તે બેઠકમાં, ખુંદની ઊકળતી પ્યાલીઓથી જરા ગરમાવો લાવી, ગઢવીએ 'રાવળનાથ'ને અતરિયાળ બોલાવવાનું કારણ કહેવા માંડયું:

'ઘણી ખમ્માં, મારા દેવરાજ! ભલો પ્હોંચ્યો, મારા બાપ! તું તો આજ બે વરસ થીયાં બ્હાર નીકળી ગ્યો'તો, પણ ઈયાં તો કેર વર્તી ગ્યો છે. તારાથી ક્યાં અજાણ્યું છે? જીવણ શેઠ જ્યારથી પાટનગરમાં જાગ્યા છે ત્યારથી બાવા તો એનું થાપ્યું થાપે છે, અને એનું ઉથાપ્યું ઉથાપે છે. પૂંજાશેઠ ઉપર ન થવાનાં થાય છે. આખરે પૂંજાશેઠ ખાર્યો 'ને જે ઊપડયો, તે ગ્યો સીધો સિંધના નગરઠઠ્ઠાના મીર પાસે. ઓલા ગુલા-મડા(મીર ગુલામશાહ)ને તો બ્હાનું જ જોતું'તું, તે પૂંજાશેઠ સાથે મોકલ્યાં કલ્હોરાઓનાં કટક! એણે આ ધરતી રોળી નાંખી, બાપલા!

'ધણે ખુદ જીવણશેઠ જાડેજાઓ સાથે ઝારા સુધી ધોડયા. એકે-એક બત્રીસલક્ષણો ભેળો હતો. રાવણી દળ જોઈ કલ્હોરાઓ પ્હેલાં તો મૂંઝાણા, પણ ઈ ગોહત્યારાઓને ધરમજુદ્ધ ન્હોતું કરવું. ઈ એવા નમી પડયા કે જીવણ શેઠ એના ફંદમાં આવી ગ્યા. બેય કટક રાત કાઢી નાખવાને કબૂલ થ્યાં! પણ સિંધીના પેટમાં પ્હેલેથી જ દગો હરો. ભોળા ગિરાસિયા ઈ ન સમજ્યા, ને સૂતા કપાઈ ગ્યા!

'જાડેજો કંઈ ન જાણે, તો ય મરી તો જાણે, બાપ! એક વાર જાગ્યા, પછી તો ઘણે માથાં વગરનાં ધડ લડાવ્યાં; પણ ગઈ બાજી એમ હાથ ન આવે! કેટલાકનં ગણાવું, દેવુભા! તારા તો ઈ ભાયાત. ઈ બકાઓએ સિંધીઓનાં રતના ચોકળા વેવડાવ્યા; પણ પોતે એક પછી એક છાતીએ બરછીઓ બધાવીને પોઢતા ગ્યા.. લખધીરજી, હમીરજી, ભીમજી, વીસોજી, બધા કામે આવી ગ્યા. એકએક જણ દસદસને લઈને સૂતો. પણ તરકડાઓનો મારગ મોકળો થઈ ગ્યો!'

બોલતાં બોલતાં નાગદાન ગઢવીને પોરસ ચડયું. એણે આંખો મીંચી દીધી. એના હોઠો ગણગણવા લાગ્યા; એનું બદન ઝૂલવા માંડયું. ગઢવીએ અધૂરી મૂકેલી કેફિયત ન્યાલચંદ શેઠે ટૂંકમાં પૂરી કરી:

'દેવુભા! આ તો કરણઘેલા ટાણે માધવ નાગરે કર્યું હતું ને, એમ અટાણે પૂંજા શેઠે ભોમ લુટાવી દીધી છે. અમારી આખી ન્યાતને નીચાજોણું થઈ પડયું છે. સિંધીઓનાં ધાડાં તો ગામશહેર લૂટવા ગંડયાં છે. રાજ કંઈ ને કંઈ માઠા વાવડ હાલ્યા જ આવે છે. સરદાર મહમ્મૂદ બલોચ, કે' છે, જખૌ સુધી આવી ગ્યો છે. આ રહ્યું જખૌ! હવે આજકાલમાં અહીં પડવો જોઈએ.

'અમારું બ્રાહ્મણ-મહાજનનું ગજું શું, દેવભા? તો યે અમારાથી બનતું કરી ચૂકયા છીએ. ચારે વરણ ગામ ફરતો ખડો છે. પણ ખાટયા વેપારીની શાખ બ્હોળી! જેણે દરબારો જેવા મહારથીઓને રોળી નાખ્યા, ઈ અમને તો ચપટીમાં ચોળી નાખશે. અમે તો ઉચાળા ભરી જઇયેં, પણ આ મા'દેવના ધામનું શું થાશે?

અમને તો એકે રસ્તો નહોતો સૂઝતો, ત્યાં આ તમારા લંગોટિયા ભાઈબંધ ભભૂતગરને યાદ આવ્યું કે દેવુભા આટલામાં ખપે. તમારું નામ સાંભળીને અમારા જીવમાં જીવ આવ્યો. અમે ભોલ માલમને રવાના કર્યો. અમારાં નશીબ મોટાં, તે તમારો ભેટો થઈ ગ્યો.'

ખંડ ૪: તરતો ગઢ

જુંગ 'રાવળનાથ' તરતો ગઢ હતું. એની પરસાળમાં બે ય પડખે દસ-દસ તોપો હતી; એના બે ય મોરા ઉપર બીજી ચાર તોપો હતી. એના બેડિયાતો તમામ રાજપૂત હતા અને અનેક જમીન ઉપર તેમજ અનેક પાણીમાં એણે જંગ ખેલ્યા હતા. એના બરકંદાઝોનાં નિશાન અચૂક હતાં. દરેકેદરેક જવાન કસાએલો લડવૈયો હતો.

દેવા નાખવાએ દસ તોપો સાથે પચ્ચાસેક બેડિયાતોને કિનારે ઉતાર્યા. એની સરદારી રામસિંહ માલમને સોંપી. રામસિંહ બત્રીસેક વર્ષનો જવાન હતો. દરિયાપરજમાં તો એ હજી 'નાંઢો બાળ' લેખાતો હતો. એ દેવરાજને ખોયડે મોટો થયો હતો અને દેવરાજના બધા ગુણ, અને અવગુણ, એનામાં ઊતર્યા હતા.

કિનારે ઊતરી રામસિંહ માલમે નગરવાસીઓની ચોકી તમામ બરખાસ્ત કરી દીધી. કશી જ દહેશત ન હોય એમ સૌને પોતપોતાનાં કામે લાગી જવાનો એણે હુકમ ફેરવ્યો. આમાં સંદેહ દેખાડનારને માત્ર 'દેવા ધાંધલનો હુકમ છે' એટલો જ ખુલાસો મળ્યો. સૂરજ ઊગતાં ગામવાસીઓ નિત્યકર્મમાં લાગી ગયા. મંદિરનાં કમાડો ઊઘડી ગયાં. મોડીમોડી પણ મંગળાની ઝાલર વાગવા માંડી. દુકાનો ઊઘડવા લાગી. પનિહારીઓ બેડાં સારવા લાગી. શેરીઓમાં અવરજવર શરૂ થઈ ગઈ. ગામમાં જે દુશ્મનોના ભેદુ હોય તો એમને લાગે કે ગામ જરૂર ગાફેલ બની ગયું છે. ગામમાં દુશ્મનોના ભેદુઓ હતા જ, અને એવા જ ખબર મહમ્મૂદ બલોચને પહોંચાડયા.

'રાવળનાથે'તોપો ધરબી દીધી. ખલમાંના ગાળિયા ખોલી નાખ્યા અને મંદિર સામેના ઓવારા પાસે આવી નાંગર્યું.

એના મોટા ખુવા ઉપર બજરંગ બલીનો ઝંડો ફરફરવા માંડયો.

ખંડ ૫: 'હિમ્મતે મર્દાં'

જે કામ બળથી ન થાય તે કામ ઉટાંગથી કરવામાં દેવો નાખવો સિદ્ધહસ્ત હતો. દુશ્મનોની ઝાઝેરી સંખ્યાથી એ કદી હતાશ નહોતો બન્યો. અનેક મોટાં કટક સામે એ એકલે હાથે ઝંપલાવતો રહ્યો હતો ને સામે પડેલાં દળને માત્ર ચડિયાતા બુદ્ધિબળથી મહાત કરી દેતો હતો.

આ પ્રસંગ બળ દેખાડવાનો ન હતો. સરદાર મહમ્મૂદ બલોચ-ના સોએક કલ્હારાઓને તો ધાંધલ કાચા ખાઇ જાય એમ હતું, પણ એની પાછળ જે બીજું દળ ઊમટે, તો એક 'રાવળનાથ' આ તીરથધામ-નો બચાવ કરી શકે એમ ન હતું. એટલે દેવા ધાંધલે કટાંગ લડાવી.

રામસિંહ ગામ બહારના માછીવાડામાં ગયો. આજનો દાવ કેવળ બેડિયાતોએ ખેલી લેવાની એણે તરકીબ સમજાવી. આખી ખારવી પરજ એમાં સાથ પુરાવવા ઉદકી, પણ રામસિંહે માત્ર પચાસેક જવાનો તારવી લીધા.

ઘડી પછી, ત્રીસચાળીસ ગધેડાંઓ અને પાંચસાત ગાડાંઓની વણઝાર ગામમાંથી બહાર પડી. ગધેડાંની બે ય પાસાં કોથળામાં માટી લાદી હતી. ગાડાંઓમાં ખડ ભર્યું હતું. માટી નીચે તમંચાઓ લાદ્યા હતા. ખડ નીચે તરવારો લાદી હતી. એક ગાડામાં ઠક્કર કુટુંબને છાજે એવા પોશાક લાદ્યા હતા. ગધેડાંને પડખે બેડિયાતો હાલતા હતા, પણ અસ્સલ કુંભાર લાગતા હતા. ગાડાંવાળા હૂબહૂબ કણબી બન્યા હતા.

ગાડાંમાં સૌથી કીમતી સામાન તો માછીમારોની મજબૂત જાળો હતી. કલ્હોરાઓ 'ઝારાના જુદ્ધ'માં તો ફાવી ગયા, પણ હવે 'જાળિ-યાંનું જુદ્ધ' ગોઠવાયું હતું!

બંદરમાં 'રાવળનાથ' ઊભું હતું; એના લડવૈયાઓ ચોપાસ ચોકી કરતા હતા; એની તોપો પાદરમાં પડી હતી; રામસિંહ માલમને ખા-રવાઓ સાથે આવી બેઢંગી વણઝાર કાઢતો જોઈ લોકોને અચંબો તો જરૂર લાગ્યો, પણ આમાં જરૂર કંઈ મતલબ છે એમ સમજી ગયા.

ગધેડાંની વણઝાર હાલતીહાલતી ખીજડાના વન પાસે થંભી ગઈ. અહીં વન તો ન હતું, પણ ઝાડી એવી ગીચ હતી કે ધોળે દિવસે એરુ-જાનવર અને ચોર-લૂટારા ત્યાં ભરાઇ બેસતા. ઝાડીની વચ્ચે હનુ-માનનું પુરાણું મંદિર હતું. એમાં અતીત ભભૂતગર રહેતો હતો. ખી-જડાના વનમાં પહોંચી બેડિયાતોએ હથિયાર (અનુસંધાન પૃષ્ઠ ૩૫મે)

ગુજરાતને શાસ્ત્રીય તથા સાત્ત્વિક સંગીતથી ગુંજતું કરનાર અને નિર્મળ તેમજ ઉન્નત ચારિત્ર્યસંપન્ન સંગીતકાર

પંડિત નારાયણ મોરેશ્વર ખરે



'સાંજે આશ્રમના કામમાંથી નિવૃત્ત થઈ સંગીતમંડળના કામને અંગે અનેક વાર તેઓ પગે ચાલીને અમદાવાદ જતા અને રાત્રે દસ વાગ્યે ભૂખ્યાતરસ્યા ચાર-પાંચ માઇલની નિર્જન મજલ કાપી આશ્રમે પહોંચતા. પાણીની ટાંકી પાસેથી સ્મશાનભૂમિને ચીરી ઘોર અંધકારમાં સાબરમતીનાં પાણી ઓળંગતાં એમને કદી યે ભય લાગ્યો નથી. એમને તે ભય કેવો? કાં તો રાષ્ટ્રીય સંગીતમંડળના વિચાર કરતા હોય, કાં તો રાષ્ટ્રીય કેળવણીના; અને કાં તો ધૂનમાં પોતાની લાક્ષણિક રીતે હાથની ચપટી વગાડતા વગાડતા કોઇ ભજન ગાતા ગાતા ચાલ્યા આવતા હોય. ગમે એટલું મોડું થયું હોય, અગિયારે સૂતા હોય કે બાર વાગ્યે, પણ સવારે ચાર વાગ્યે પ્રાર્થનાનો ઘંટ વાગ્યો કે પંડિતજી ઊઠીને તંબૂરા સાથે પ્રાર્થનામાં આવીને બેઠા જ હોય.'

આ વર્ણનમાં જેમની દિનચર્યાના એક નાનાસરખા ભાગની ઝાંખી આપવામાં આવી છે તે, મહાન સંગીતકાર પં. વિષ્ણુ દિગંબરના મહાન શિષ્ય, પં. નારાયણ મોરેશ્વર ખરેનું નામ જેટલું આપણને પરિચિત છે તેટલું તેમનું કામ પરિચિત નથી. પોતાના છેલ્લા શ્વાસ સુધી તેમણે સંગીતને જીવન સાથે એટલું તો તદાકાર કરી મૂક્યું હતું કે તેમની સંગીતની કારકિર્દી તરફ સામાન્ય જનસમુદાયનું ધ્યાન ઓછું જ ગયું.

પંડિત નારાયણરાવ મોરેશ્વર ખરે એ પં. વિષ્ણુ દિગંબરનું ગુજરાતને એક મહત્ત્વનું અર્પણ છે. ભારતમાં શુદ્ધ સંગીતનું સામ્રાજ્ય સ્થાપવા ભેખ લેનાર ચક્રવર્તી સંગીતકાર પં. વિષ્ણુ દિગંબરના ખરેજી પટ્ટશિષ્ય હતા. આ પદ પ્રાપ્ત કરવાની તેમની યોગ્યતા જોઇને, અને તેથી યે વધુ તો આશ્રમની સાધનામાં સંગીતની ઊણપ જણાતાં તે પૂરવા મહાત્મા ગાંધીજીએ પં. વિષ્ણુ દિગંબરને વિનતિ કરી ત્યારે તેમણે પોતાના આ શિષ્યને ગાંધીજીને અર્પણ કર્યા. અને ખરેજીની ગુરુસમોવડી સંગીતસિદ્ધિ તથા આશ્રમને અનુરૂપ તપઃપૂત તેમના ઉચ્ચ જીવનની બેવડી યોગ્યતા જોતાં, તેમની પ્રશંસા કરવા માટેના શબ્દો ખોળવા જતાંજતાં તો તેમની આગળ હૃદય અને શિર બંને નમી પડે.

તેમનું સંગીતપ્રાવીણ્ય અદ્ભુત હતું. સંગીતના તેઓ અનન્ય ઉપાસક હતા, સંગીતશાસ્ત્ર અને સંગીતસાહિત્યના અઠંગ સંશોધક હતા, સંગીત પાછળ ભેખ લેનાર મસ્ત ફકીર હતા. પણ એમની એ બધી વિભૂતિઓને પણ ગૌણ બનાવે એવી એમની સાધુતા હતી. નિર્મળ વિચાર, નિર્મળ હેતુ અને નિર્મળ રહેણીને લીધે પોતે કેટલી સુવાસ ફેલાવે છે અને કેટલાં જીવન ઉપર મુગ્ધપણે અસર પાડે છે એનો ખયાલ સરખો એમને ન હતો. ત્યાગની પરાકાષ્ઠા, ગમે તેવી કસોટીમાંથી પાર ઊતરવાની મનની તૈયારી, કટોકટીને પ્રસંગે પર્વત જેવી દૃઢતા, અને તે સાથે જ નિષ્કપટ, પ્રેમળ અને શિરીષ જેવું કોમળ હૃદય તથા અત્યંત અજાતશત્રુત્વ અને નિરભિમાન વગેરે ગુણો તેમને સ્વભાવથી જ પ્રાપ્ત હતા. અને તે તેમની મહત્તાને અનેકગણી વધારી મૂકે છે. પં. વિષ્ણુ દિગંબરે જેમ ભારતમાં તેમ પં. ખરેએ ગુજરાતમાં સંગીતનો જે પ્રચાર સાધ્યો તેની પ્રતીતિ મેળવવા ઇચ્છનારે પં. ખરેના જીવનમાં જ ડોકિયું કરવું રહ્યું. આગામી છઠ્ઠી ફેબ્રુઆરીએ આવતી તેમની સંવત્સરી નિમિત્તે તેમની ટૂંકી જીવનરેખા તથા તેમના પુત્રે લખેલાં 'થોડાં સ્મરણો' આ નીચે આપીએ છીએ.

સતારા જિલ્લાના તાલુકાગામ તાસગાંવમાં એક સાધારણ સ્થિતિના દક્ષિણી બ્રાહ્મણ કુટુંબમાં ઈ. ૧૮૮૯માં એમનો જન્મ થયો હતો. એમના દાદા પ્રબળ સંન્યસ્તવૃત્તિ ધરાવતા. શેષ જીવન તેમણે ડુંગરોમાં ગુફાઓમાં વસીને પૂરું કરેલું. પંડિતજીમાં જે નિર્લોભતા અને સાધુતા હતી તે દાદાનો વારસો હતો. એમના પિતાશ્રી કે ભાઇઓમાં સંગીતના સંસ્કાર જણાયા નથી. એટલે સંભવ છે કે સંગીતનો વારસો તેમને તેમના નાના (માના બાપ) કેશવ બુવા ગોગટે જેઓ મહાન ગવૈયા અને સંગીતના અચ્છા જાણકાર હતા તેમની પાસેથી મળ્યો હોય.

સંગીત એ નારાયણરાવના જીવનમાં નાનપણથી જ અવિભાજ્ય અંગ બની ગએલું. નિશાળમાં તેઓ બહુ સંસ્કારી અને હોશિયાર વિદ્યાર્થી હતા. ત્યારે તેમના નિર્દોષ આનંદના વિષયો હતા— પદો રચવાં અને શાળામાંનું મિત્રમંડળ એકઠું કરી મંદિરમાં જઈ કથા કરવી. મૅટ્રિકની પ્રીલિમિનરી પરીક્ષા તેમણે આપી એ અરસામાં પં. વિષ્ણુ દિગંબર પલુસ્કર મિરજ ગએલા. એ તક સાધી નારાયણરાવે તેમની પાસે પહોંચી જઈ મધુર કંઠે બેત્રણ ગાન ગાઈ પોતાની સંગીત શીખવાની ઉત્કટતા પ્રકટ કરી. પંડિતજીની નજરમાં પણ નારાયણરાવ વસી ગયા. તેમણે કહ્યું: 'મારી સાથે ચાલ; તને સંગીત શીખવી દઈશ.' આમ, ઈ. ૧૯૦૭થી તેઓ પં. વિષ્ણુ દિગંબરજી સાથે જોડાયા; અને ત્યાર પછી તો જોતજોતાંમાં તેમણે નવ વર્ષનો સંગીત શિક્ષણનો કાર્યક્રમ ચાર વર્ષમાં પૂરો કરી 'સંગીત-પ્રવીણ'ની, આવા ગુરુના પટ્ટશિષ્ય બનવાની, અને અલ્પ સમયમાં એમના વિદ્યાલયના ઉપાચાર્ય થવા સુધીની પદવીઓ મેળવી. તેમને શાળા-શિક્ષણ તેમજ સંગીત-શિક્ષણ માટે શિષ્યવૃત્તિ આપી પ્રોત્સાહન આપનાર કળાપારખુ મિરજ-દરબારનો અહીં ઉલ્લેખ કરવો જરૂરી છે.

(જાન્યુઆરી ૧૯૬૫) ૮

પં. વિષ્ણુ દિગંબરજી સાથે જોડાતાં પહેલાં ઈ. ૧૯૦૬માં તેમનાં લગ્ન શ્રી લક્ષ્મીબાઈ સાથે થએલાં. મુંબાઇના ગાંધર્વ મહાવિદ્યાલયની સ્થાપના પછી લક્ષ્મીબાઈ પંડિતજી સાથે રહેતાં અને સંસ્થાની વ્યવસ્થાના કામમાં મદદ કરતાં.

ઈ. ૧૯૧૫માં ગાંધીજીએ અમદાવાદમાં કોચરબ પાસે સત્યાગ્રહાશ્રમની સ્થાપના કરી ત્યાર પછી તેમને આશ્રમના સત્ય-શોધનના વાતાવરણમાં સંગીતની ઊણપ લાગતાં તે પૂરવા તેમણે પં. વિષ્ણુ દિગંબરજીને વિનતિ કરી. વિષ્ણુ દિગંબરજીએ પોતે ઉપાડેલી બહુલ કામગીરીને લક્ષ્યમાં રાખીને, પોતાના પટ્ટશિષ્ય નારાયણરાવને જ આશ્રમમાં જવા આજ્ઞા આપી. ઈ. ૧૯૧૮ના જાન્યુઆરીમાં પંડિતજી ખરે આશ્રમમાં દાખલ થયા ત્યાર પછી તેમણે પહેલું મહત્ત્વનું કામ આશ્રમ-જીવનને અનુકૂળ ભજનો એકઠાં કરીને શાસ્ત્રબદ્ધ રાગ તાલમાં બેસાડીને 'આશ્રમ-ભજનાવલિ'ને નામે બહાર પાડવાનું કર્યું, જેની દરેક આવૃત્તિમાં ભજનોનાં નવાંનવા ઉમેરણો તેઓ કરતા જ રહેલા. રાષ્ટ્રીય શિક્ષણને પણ ઊર્ધ્વમુખ કરી ઉન્નત કરનાર આ પુસ્તિકાનું મહત્ત્વ અત્યારે તો સહુ કોઈએ નિર્વિવાદરીતે સ્વીકાર્યું છે.

ઈ. ૧૯૨૧માં મહાસભાની બેઠક ભરાઈ ત્યારે પંડિતજીએ પોતાના ગુરુ વિષ્ણુ દિગંબરજીના પ્રમુખપણા નીચે 'અખિલ હિંદ સંગીત પરિષદ' પણ બોલાવેલી. ગુજરાતમાં સંગીત પ્રચારનાં પગરણ શી રીતે થવા માંડ્યાં તે પંડિતજી ખરેની અહીં વિકસતી જતી સંગીત-પ્રવૃત્તિઓ પરથી સહેજે સમજાય તેમ છે. ઈ. ૧૯૨૦માં ગુજરાત વિદ્યાપીઠ સ્થપાયા બાદ તેના અભ્યાસક્રમમાં સંગીતને પણ સ્થાન મળતાં તેના પરીક્ષક તરીકેનું બધું કામ પંડિતજી ખરેને સોંપાએલું. સંગીત માટે મળતા કોઈ પણ આમંત્રણને નકાર્યા વિના તેઓ માત્ર સંગીત-પ્રચારાર્થે તરત પહોંચી જતા. આમ ગુજરાતમાં સંગીતની ભૂખ જાગી. આમ જનતામાં સંગીતનો પ્રચાર થાય તે માટે ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇને મળી તેમણે અમદાવાદમાં ૧૯૨૨ની ૨૬મી નવેમ્બરે 'રાષ્ટ્રીયસંગીત-મંડળ'ની સ્થાપના કરી, જેના મફત વર્ગો ચલાવવાનું કામ પોતે સ્વીકાર્યું. આગળ જતાં અમદાવાદના સંગીતકારોનો દર અઠવાડિયે (વાર્ષિક બાર રૂપિયા લવાજમ ભરનાર મધ્યમ વર્ગના સભ્યો માટે) જલસો ગોઠવવાની યોજના પણ તેમણે અમલમાં મૂકી. આટઆટલાં કાર્ય છતાં તેમણે આર્થિક મમતા કદી નહિ સેવેલી. સંગીત-પ્રચારાર્થે તો રાજા-રજવાડાની ૭૫૦ રૂપિયાની ખાનગી નોકરી તેમણે ઠોકરે મારેલી. અને જે કંઈ ધન કોઈના તરફથી મળતું તે તેઓ સીધું સંગીત સેવામાં ગુરુદેવને જ અર્પણ કરી દેતા. મુંબાઈ મહાવિદ્યાલય તરફથી પ્રતિવર્ષે જુદાજુદા પ્રાંતોમાં સંગીત-પરિષદો ભરાતી. ઈ. ૧૯૨૩ના અંતમાં અમદાવાદમાં એ પરિષદની છઠ્ઠી બેઠક બોલાવી પંડિતજીએ એ કાર્ય સફળ રીતે પાર ઉતાર્યું.

દરમ્યાન સંગીતશાસ્ત્રના સંશોધનનું તેમનું કામ ચાલુ જ હતું, જે જુદાજુદા લેખો દ્વારા પ્રકટ થયું છે. પંડિતજીની પોતાની સંગીતની લાયબ્રેરી પણ સરસ હતી. ગુજરાતી, મરાઠી, હિંદી, સંસ્કૃત ને અંગ્રેજી ભાષાનાં સંગીત ઉપરનાં એકસો ઉપરાંત મહત્ત્વનાં પુસ્તકો (જેમાંનાં ઘણાં દુષ્પ્રાપ્ય અને બહુમૂલ્ય હતાં) તેમની પાસે હતાં.

ગાંધર્વ મહાવિદ્યાલય શિક્ષકપરિષદ તરફથી સંગીત-પ્રચાર માટે તેમણે ઈ. ૧૯૨૮માં સંગીત-પત્રિકા બહાર પાડવી શરૂ કરી, જે કામ બે વર્ષ સુધી ચલાવ્યા બાદ ઈ. ૧૯૩૦માં તેઓ રાષ્ટ્રની સ્વતંત્રતાના સંગ્રામના પ્રતીકરૂપ દાંડીકૂચમાં પૂ. ગાંધીજી સાથે સક્રિયરીતે જોડાયા. એ કૂચમાં એંશી સૈનિકોમાં પંડિતજી મોખરે હતા. એ જ અરસામાં એમના સાત વર્ષના બાળક વસંતનું શીતળાના રોગમાં અવસાન થયું. એ કારણે દાંડીકૂચમાં હમણાં નહિ જોડાતાં ઘર આગળ રહેવા ગાંધીજીએ પંડિતજીને સૂચના કરી, પણ કર્તવ્યભાનથી સદા જાગૃત પંડિતજી તો બાળકની માતાને આશ્વાસન આપી તથા પોતે વજ્રહૃદયી છાતી કરી પુત્રના અવસાનને દસમે દિવસે જ ગાંધીજી સાથે ચાલી નીકળ્યા. ત્યાંથી પકડાઇ તેઓ જેલમાં ગયા. જેલમાંથી છૂટી ફરી તેઓ સાબરમતી આવી પોતાના કાર્યમાં મગ્ન થયા. આ સમય દરમ્યાન ભજનાવલિનાં ભજનોને સ્વરલિપિમાં ઉતારવાનું કામ કટકે કટકે તેમણે શરૂ કરેલું પણ એ કામ અધૂરું જ રહ્યું. આ જ સમયમાં તેમણે બાવન રાગોનાં રાગલક્ષણનાં ગાયનો રચ્યાં અને ઈ. ૧૯૩૩માં એનું નોટેશન તૈયાર કરી એ પુસ્તક બહાર પાડ્યું. ૧૯૩૧ના ઑગસ્ટમાં પં. વિષ્ણુ દિગંબરનું અવસાન થયું અને પંડિતજીએ બધા શિષ્યબંધુઓનું સંગઠન કરી સ્વર્ગસ્થ ગુરુના કાર્યને આગળ ધપાવવામાં ભારે મહેનત ઉઠાવી, જેના ફલરૂપ 'ગાંધર્વ મહાવિદ્યાલય-મંડળ', સ્થપાયું અને તેના પ્રમુખ તરીકેનો કાંટાળો તાજ પણ પંડિતજીને જ શિરે મુકાએલો.

સ્વાતંત્ર્યની લડતને અંગે ઈ. ૧૯૩૩માં આશ્રમનું ઉદ્યોગમંદિર સમેટાયું; ઉદ્યોગમંદિરના મંત્રી અને બીજા સંચાલકોને ગિરફતાર કરવામાં આવેલા, જેમાં પંડિતજી પણ હતા. તેને અંગેની છ માસની કેદ તેમણે નાસિક જેલમાં પૂરી કરી. આમ ઉપરાઉપરી ભોગવેલી જેલને પરિણામે અને જેલના વિચિત્ર ખોરાકને કારણે એમના શરીર અને કંઠ ઉપર અતિ માઠી અસર ઊપજેલી. નાસિકની જેલમાં એમને દાંતની પીડા બહુ ભોગવવી પડેલી અને બીજી રીતે પણ તબિયત લથડેલી.

જેલમાંથી છૂટ્યા એ જ અરસામાં બિહારનો ભયંકર ધરતીકંપ થયો. પંડિતજીએ ત્યાં દોડી જઇ ભૂકંપપીડિત પ્રજાને મદદ આપવામાં ભારે જહેમત ઉઠાવી. ત્યાંનું કામ પૂરું થતાં તેઓ તરત જ અલ્લાહાબાદ ગયા, જ્યાં પોતાના ગુરુબંધુઓ પાસે રહી ગાંધર્વમહાવિદ્યાલય-મંડળ તરફથી નવાં પુસ્તકો રચી બહાર પાડવાનું કામ આરંભ્યું. ને ૧૯૩૪માં સંગીતબાલવિનોદ તથા સંગીતરાગદર્શન ભા. ૧ થી ૩ હિંદીમાં બહાર પાડ્યા. પણ પછી વધુ પુસ્તકો તૈયાર કરવાનો તેમને અવકાશ ન રહ્યો. અલ્લાહાબાદના વસવાટ દરમ્યાન પણ તેઓ ગુજરાતને નહોતા ભૂલ્યા. જ્યાં વરસો સુધી તેમણે સેવા કરી હતી ત્યાં ફરીથી પોતાનું અધૂરું કાર્ય આગળ લેવાની તેમને તમન્ના હતી, એટલે તેઓ અમદાવાદ આવ્યા.

સાબરમતી આશ્રમનું ઉદ્યોગમંદિર ઈ. ૧૯૩૩ પછી હરિજનઆશ્રમ તરીકે જાહેર થયું તેમાં એક મકાન રાખી તેઓ હવે રહ્યા. અમદાવાદમાં સંગીતશિક્ષણનું કાર્ય વ્યવસ્થિતરીતે શરૂ કરવા તેમનું મન તલસ્યા કરતું એટલે ગુજરાત વિદ્યાપીઠના આશ્રય નીચે એક સંગીતવિદ્યાલય શરૂ કરવા એમને કહેવામાં આવ્યું ને એ પ્રસ્તાવ તરત જ એમણે વધાવી લીધો. સાથોસાથ ૧૯૩૫માં અમદાવાદમાં 'ગાંધર્વમહાવિદ્યાલય'ની સ્થાપના કરી અને પ્રાથમિક શિક્ષણમાં કામ આવે એવી 'સંગીતની પ્રાથમિક માહિતી' નામની પુસ્તિકા ગુજરાતીમાં લખી પ્રસિદ્ધ કરી.

ઈ. ૧૯૩૮ના ફેબ્રુઆરીમાં મહાસભાની હરિપુરાની ઐતિહાસિક બેઠક વેળાએ સ્વદેશી પ્રદર્શનના લાભાર્થે સારાસારા સંગીતકારોને આમંત્રણ આપી સંગીતના જલસાઓ ગોઠવવાની યોજના થઇ, એટલે પંડિતજીએ એ કાર્ય પૂર જોશથી ઉપાડેલું. દરમ્યાન રાજકોટની રાષ્ટ્રીય શાળામાં સંગીત વિદ્યાલય ખોલવાની વિચારણા થતાં પંડિતજીને તેનું ઉદ્ઘાટન કરવા આવવા વિનતિ કરવામાં આવી. હરિપુરાના સંગીત વિભાગના કાર્યનો બોજો હોવા છતાં તેમણે તે સહર્ષ સ્વીકારીને આશીર્વાદ પાઠવ્યા. આ તરફ હરિપુરામાં સંગીતવિભાગની તડામાર તૈયારીઓ ચાલતી હતી તે તપાસવા માટે બે-ત્રણ દિવસ ત્યાં જઇ આવીને તરત જ રાજકોટ તરફ જવા તેમણે કાર્યક્રમ ઘડ્યો, અને હરિપુરા એ જ વખતે ઊપડ્યા. જાણે મૃત્યુની તેમણે આગાહી ન (અનુ. પૃ. ૩૩મે)

અતિ ઝીણી યાંત્રિક કળાની અદ્‌ભુત સિદ્ધિ સમાં

ઘડિયાળ

લે. ગોવિંદ એસ. મેવાડા


કાળચક્રની ગતિમાં વિક્રમનો એક વધુ સંવત્સર સમેટાયો. સમય સમયનું કામ કરે છે. એને નોંધવા માટે આદિકાળથી માણસે પ્રયત્નો કર્યા છે. પુરાણા સમયમાં ઋતુઓ પરથી મહિનાઓ અને ચન્દ્રોદય પરથી દિવસોની માહિતી મેળવી લેવી--એવી કંઈક વ્યવસ્થા હતી. સૂર્યના તડકા-છાયાથી સમય જાણવાની પ્રથા પરથી આપણા દેશમાં છાયાયંત્રો (સન-ડાયલ્સ) અસ્તિત્વમાં આવેલાં. હાલમાં દિલ્હીના 'જંતર-મંતર' અને જયપુરની 'વેધશાળા'માં છાયાયંત્રો જોવા મળે છે. દિવસનો વખત માપવામાં ઘણી જાતનાં સાધનો શોધાયાં છે. કાચના બે જોડિયા પોલા ગોળાઓમાં ઉપરથી નીચે સરી જતી રેતી પરથી એકએક ઘડી જેટલો અથવા અમુક મુકરર સમય માપવાની વ્યવસ્થા તો હજુ પણ જાણીતી છે. યુરોપમાં આર્કિમીડિસના જમાનાથી સમય માપવાની યાંત્રિક કરામતો શરૂ થઇ. કમાન અથવા લટકતાં વજનો ગોઠવી ચક્રોને ગતિમાન કરવાનું સૌપ્રથમ એણે બતાવ્યું. પરંતુ આ ગતિને વ્યવસ્થિત કોણે કરી તે જણાયું નથી. ૧૨૨૮માં લંડનના શાહી મહેલમાં ઘડિયાળ ગોઠવવામાં આવ્યાનું જાણવા મળે છે. ત્યાર બાદ ઇંગ્લંડમાં તથા બીજે બધે ઘડિયાળો વ્યાપક બનતાં, પરિણામે આજનું કાંડા-ઘડિયાળ અસ્તિત્વમાં આવ્યું.




બારને બદલે ચોવીસ કલાકના ચંદાવાળું ઇંગ્લંડના હેમ્પ્ટન કોર્ટ પેલેસનું આ ઘડિયાળ ઈ. ૧૫૪૦માં આઠમા હેનરી માટે બનાવાયું હોવાનું મનાય છે. કલાકના આંકડાઓવાળા પથ્થરના ચંદા ઉપરાંત તાંબાના ત્રણ બીજા જુદીજુદી ગતિએ ફરતા ચંદાઓની તેમાં ગોઠવણ છે. મધ્યમાં પૃથ્વીના ગોળાવાળા ચંદામાં ચાંદ્રમાસના ચાર ભાગ બતાવવા સાથે તેમાં ચંદ્રની કળાઓ પણ દર્શાવાય છે. સફેદ અક્ષરો દ્વારા ચંદ્રનો યામ્યોત્તરવૃત્ત ઓળંગવાનો સમય જાણવા મળે છે. ચંદ્રની તિથિઓ બતાવતા બીજા ચંદા સાથે કલાક-કાંટો જોડાયો છે. આ પછીના લગભગ આઠ ફૂટના વ્યાસવાળા ચંદામાં મહિનાઓ અને રાશિઓ જોવા મળે છે. કલાક-કાંટા પરની સૂર્યની સંજ્ઞા રાશિમાં તેનું સ્થાન દર્શાવે છે.

તમારા કાંડા પર રહેલા આ ઘડિયાળને એક સામાન્ય યંત્ર તરીકે ગણાવાની ભૂલ રખે કરતા. એની કાર્યશક્તિનો વિચાર કરીએ તો એ ૧/૧૦,૦૦,૦૦૦ જેટલું નાજુક અશ્વબળ (હૉર્સપાવર) ધરાવતી હોવા છતાં એ જે કાર્ય કરે છે એનો ક્યાસ કાઢી જુઓ. એનું બાલચક્ર દર સેકંડે પાંચ વખત આમથી તેમ ફરે છે અને તેટલી જ વખત અટકે છે. આ પ્રમાણે, કલાકના ૬૦ માઈલની ઝડપથી ભ્રમણ કરતું બાલચક્ર દિવસમાં ૪,૩૨,૦૦૦ વખત હેરફેર કરે છે! અદ્‌ભુત કરામત ધરાવતાં આ યંત્રો સ્વિટ્ઝરલૅન્ડ જેવા નાનકડા આઝાદ દેશની મુઠ્ઠીભર પ્રજા બનાવી રહી છે અને દુનિયાભરમાં નાજુક ઘડિયાળોની બાબતમાં તો આ દેશની લગભગ ઇજારદારી જેવું જ છે. પચ્ચીસ રૂપિયે રતલના ભાવે સ્વીડનથી આયાત કરેલા સ્ટીલમાંથી સ્વિસ લોકો જ્યારે બાલચક્રની નાજુક કમાનો (હૅર-સ્પ્રિંગ) બનાવે છે ત્યારે તેની કિંમત ૨૫,૦૦૦ રૂપિયા (હજારગણી) થઈ જાય છે! દુનિયાના કુલ ઉત્પાદનના ૬૦ ટકા જેટલાં ઘડિયાળો બનાવતો આ દેશ આમ આર્થિક દૃષ્ટિએ વિચારીએ તો અજબ જેવું કાર્ય કરી રહ્યો છે એમ કહ્યા વિના રહેવાશે નહિ.

સ્વિટ્ઝરલૅન્ડમાં ઘડિયાળના ઉદ્યોગની શરૂઆત આજથી લગભગ ત્રણ સૈકાઓ પૂર્વે થઈ હતી. એમ કહેવાય છે કે કોઇ એક અંગ્રેજ જૂરાની ગિરિમાળાઓમાંથી પસાર થઈ રહ્યો હતો, એવામાં ત્યાં આવેલા લા'સાન નામના સ્વિસ ગામડાની નજીક આવ્યો એટલે એને પોતાની પાસેનું ઘડિયાળ બંધ પડેલું માલૂમ પડ્યું. ઉપયોગની દૃષ્ટિએ નકામી બનેલી આ વસ્તુ સાથે લઈ જવા કરતાં બની શકે તો ઠીક કરાવી લેવાનો એણે વિચાર કર્યો. એવામાં, ચામડાના ઉપવસ્ત્રમાં સજ્જ થએલા જિન રીચર્ડ નામના એક લુહાર સાથે એની પહેલી મુલાકાત થઇ. ઘડિયાળ બતાવી. રિચર્ડે પોતાના જીવનમાં આ વસ્તુ પ્રથમ જ જોઈ, એટલે એને ઠીક કરવાનું કામ તો તેણે કર્યું જ ક્યાંથી હોય? છતાં તેણે તે માટે બનતો પ્રયત્ન કરવાની પોતાની ખુશી દર્શાવી. પોતે કુશળ કારીગર તો હતો જ. એણે ઘડિયાળ ઠીક કરી દીધી, એટલું જ નહિ પણ એની બધી જ વિગતો પોતાના મગજમાં સંઘરી



સૂર્યપ્રકાશથી પડતી છાયા પરથી સમય માપવાનાં: કેટલાંક પૌરાણિક સાધનો





સ્ટૅાપ વૅાચનો એક નમૂનો, જેમાં મુખ્ય કાંટા સેંકડનો ૧/૧૦મો ભાગ તથા અંદરનો બીજો નાનો કાંટો મિનિટો બતાવે છે. ઉપર: તારીખ, વાર, માસ તથા ચંદ્રની કળાઓ દર્શાવતી કાંડા ઘડિયાળનો એક નમૂનો બતાવ્યો છે.

રાખી. કેટલાક પ્રયત્નો બાદ એણે ઘડિયાળ બનાવી. પછી તો એના પડોશી બીજા લુહારો, સુથારો તથા તાળાં–કૂંચી બનાવનારાઓએ પણ એ જોઇ અને તે બનાવવાની દિશામાં સૌ કોઈ પોતાની બુદ્ધિ અને કારીગરીને કસવા લાગ્યા. આમ, આ કારીગરી એકથી બીજે ગામ ગઇ અને ધીરેધીરે આ ડુંગરાળ દેશને ખૂણેખૂણે પહોંચી ગઈ. શિયાળામાં ઠંડા છ મહિના સુધી કામધંધા વિના ઘરમાં ભરાઈ રહેવું પડતું હોવાથી આવા ઉદ્યોગ પાછળ ઘરમાં બેસી કામ કરવામાં સ્વિસ લોકોને મઝા આવી. જીનિવાના લોકોની ધીરજ અને બુદ્ધિચાતુરીએ એમાં અનેક સુધારાવધારા અને સંશોધન કરી ઘડિયાળના ઉદ્યોગને ત્યાંનો રાષ્ટ્રીય ઉદ્યોગ બનાવી મૂક્યો.

આ દેશ આજે દર સાલ ૩૩,૦૦૦,૦૦૦ ઘડિયાળો પરદેશ મોકલે છે! તે પૈકીનાં ઘણાંખરાં તો ત્યાંની છૂટીછવાઇ ૨,૫૦૦ ફૅક્ટરીઓમાં બનેલાં હોય છે. આ ધંધામાં ત્યાં સિત્તેર હજાર કામદારો રોકાએલા છે. અત્યંત સસ્તા દરે વીજળી મળતી હોવાથી ઘડિયાળના કેટલા ય વિવિધ ભાગ અહીં ગૃહઉદ્યોગથી બનાવવામાં આવે છે. સફાઇબંધ ને ચોક્કસ પ્રકારનું કામ આપે એવાં આધુનિક યંત્રો ત્યાં હોવા છતાં ઘડિયાળ બનાવવાની પાછળ થતી ૧,૪૦૦ ક્રિયાઓ પૈકીની ૧,૦૦૦ જેટલી ત્યાંના કારીગરોની હાથમહેનત પર નભતી હોય છે.

હવે ફૅક્ટરીઓ જોઈએ. ઘડિયાળની ફૅક્ટરીઓ અત્યંત સ્વચ્છ હોય છે. વાતાવરણ પણ તદ્દન શાંત! બીજા ધંધાઓમાં કારીગરો વાત કરવા ટેવાએલા હોય છે અને તે ઉત્પાદન ઓછું આવવાનું એક કારણ છે. પણ અહીં વાતચીત કરવાની મનાઇ એ કારણે નથી; પણ તેથી ઉચ્છ્વાસમાં કેટલીક વાર ઊડતું થૂંક *ઘડિયાળના નાજુક ભાગો પર કાટ* ચડાવવામાં મદદગાર થાય છે. ઘડિયાળના ભાગ ગોઠવતી વખતે બગાસું કે ઉધરસ આવવાથી કટોકટી જેવી સ્થિતિ સર્જાય છે, જ્યારે અણીને પ્રસંગે આવેલી છીંક આખા કામની મઝા મારી નાખે. દ શરીરમાંથી નીકળતો પરસેવો પણ ઘડિયાળ માટે ભયંકર છે. પુષ્ક પરસેવો થઇ આવતી પ્રકૃતિવાળા કારીગરે કાં તો ધંધો ત્યજી દેવો પ છે અથવા તો વારંવાર હાથ સૂકા રહે તેવી તજવીજ રાખવી પડે છે સ્ત્રીઓ પફ પાઉડર લગાવીને આવે તે પણ ન ચાલે, તો ધૂમ્રપાનની તો વાત જ શી? દરેક કારીગર ફૅક્ટરીમાં દાખલ થતાંની સાથે જ જોડ કાઢી નાખી સ્વચ્છ હલકાં સ્લિપર પહેરી લે છે. વળી કપડાં પર પડેલ બહારની ધૂળ ફૅક્ટરીમાં ન ફેલાય તે માટે ખૂલતા ઝભ્ભા જેવું સ્વચ્છ ઉપવસ્ત્ર પહેરી લે છે. ફૅક્ટરીમાં પુરુષોનું મુખ્ય કાર્ય ઘડિયાળના ભાગે જોડવા અને સ્ક્રૂ બેસાડવાનું હોય છે. દરજીની અંગૂઠી જેવડા પાત્રમ પાંચ હજાર જેટલા માય એવા બારીક સ્ક્રૂ બેસાડવાના કામમાં પુરુષે હોશિયાર હોય છે; છતાં સ્વાભાવિક રીતે પુરુષનો હાથ ભારે હોવાથ હૅર-સ્પ્રિંગ ભરાવવા જેવાં અતિ નાજુક કાર્યો માટે સ્વિટ્ઝર્લૅન્ડમાં તે શું—દુનિયાભરમાં જ્યાં ઘડિયાળો બને છે ત્યાં બધે સ્ત્રીઓ જ હોય છે ત્યાં કોઈ પણ કારીગર કરતાં ઘડિયાળી સૌથી વધારે કમાઉ કારીગર છે

સ્વિસ લોકોની ઘડિયાળમાં આવતી પ્રવીણતાનું શ્રેય ખાસ કર ત્યાંની ઘડિયાળોને લગતા સર્વ પ્રકારના જ્ઞાનની સાત ઉત્તમ શાળાએ (હૅારોલૅાજિકલ સ્કૂલ્સ)ને ફાળે જાય છે. એમાં ટૂંકામાં ટૂંકો અભ્યાસ ક્રમ પંદર માસનો (છોકરીઓ જે હૅર-સ્પ્રિંગ બેસતી કરે છે તે માટેનો), અને લાંબામાં લાંબો ગાળો સાત વર્ષનો (કાબેલ ઘડિયાળી માટેનો) છે. ત્યાંથી તેઓ તૈયાર થઇને નીકળે તેની ઉત્પાદકો રાહ જોઇ જ રહ્યા હોય છે. આ ધંધામાં પડેલા અથવા તાલીમ પામેલાઓને બેકારી જેવું તો છે જ નહિ. આ શાળામાં દાખલ થનાર ઉમેદવારે પહેલાં પોતાની યોગ્યતા દર્શાવવાની કસોટી પસાર કરવાની હોય છે. આ પૈકી કેટલીક કસોટીઓ નીચે જણાવી છે.

ઉમેદવારને ઝીણાં છિદ્રો પાડેલી એક પટ્ટી આપવામાં આવે છે. વાળના જેટલી જાડાઇથી માંડી ઇંચના સોળમા ભાગ જેવડા વ્યાસનાં આ છિદ્રોમાં આંટા પાડેલા હોય છે. આ સાથે એક ચીપિયો, પેચિયો અને સ્ક્રૂ ભરેલી પેટી આપવામાં આવે છે. આ પેટીમાંથી સ્ક્રૂ ઉપાડી બંધબેસતાં છિદ્રોમાં ગોઠવવાના હોય છે. આ કાર્યમાં લાગતો સમય અને થતી ભૂલો પરથી એની યોગ્યતા આંકવામાં આવે છે.

બીજી કસોટીમાં કદ, અંતર, ઊંડાઈ વગેરે કળી શકવાની ઉમેદવારની શક્તિનો પરિચય કરવામાં આવે છે. બંને પાંખિયાં પહોળાં કરી થોડે દૂર મૂકેલું એક કૅલિપર (ગોળ વસ્તુઓના વ્યાસ માપવાનું ઓજાર ગલેપાસ) ઉમેદવારને બતાવવામાં આવે છે અને એ ઉપરથી એના હાથમાં આપેલા બીજા કૅલિપરનાં પાંખિયાં એ પ્રમાણે ગોઠવવાનાં હોય છે.

આ કસોટી બીજી રીતે પણ કરવામાં આવે છે. ઉમેદવારને એક *પકડ અને તાર આપવામાં* આવે છે. તે વડે કાગળ પર દોરેલી આકૃતિ મુજબ તારને વાળી આપવાનો હોય છે.

આવી તો લગભગ એક ડઝન જેટલી કસોટીઓ હોય છે અને તે



ખીસામાં રાખી શકાય તેવું ટચૂકડું છાયાયંત્ર. તેની બાજુનું 'જતરમંતર' (દિલ્હી અને જયપુરમાં છે તે) પણ મોટાં છાયાયંત્રો જ છે. તે પછી બહુ જાણીતું ઘટિકાયંત્ર, નિયત અંતરે ગાંઠ મારેલી સતત બળતી દોરી, રેતીની શીશી અને ચોક્કસ સમયના આંકાવાળી બળતી મીણબત્તી

દરેક શાળા માટે જુદીજુદી હોય છે. વળી પ્રતિવર્ષે એમાં ફેરફાર પણ કરવામાં આવે છે. આમાં નિષ્ફળ જનારને દાખલ જ કરતા નથી.

નિશાળમાં દાખલ થયા બાદ એને ઘડિયાળીની નાની લેધ આપવામાં આવે છે–જે એ અભ્યાસ કરી રહે ત્યાં સુધી એની પાસે રહે છે. એને સારી સ્થિતિમાં રાખવાની બધી જ જવાબદારી એની હોય છે. પહેલાં એને પોતાના કામ માટેનાં ઓજારો તે પર બનાવી લેવાનું શીખવવામાં આવે છે. આખા અભ્યાસક્રમ દરમિયાન દરેક વિદ્યાર્થીએ જાતે જ બધા ભાગ બનાવી ચાર સંપૂર્ણ ઘડિયાળ બનાવવાનાં હોય છે. આ ઉપરાંત, ભૂમિતિ, ત્રિકોણમિતિ, યંત્રશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, ધાતુવિદ્યા (મૅટલર્જી), યંત્રનું ચિત્રકામ, સમય સાચવવાનાં યંત્રોનો ઇતિહાસ વગેરે વિષયોનો અભ્યાસ કરવાનો હોય છે.


ઘડિયાળના ઉદ્યોગમાં એકતાન થએલા સ્વિસ લોકોએ સંશોધન ચલાવી ગજબની ક્રાન્તિ કરી છે. ચક્રોની ધરી પર ઘર્ષણ નહિવત્ આવે ને ઘસારાનું પ્રમાણ ઘટી જાય તે માટે સૌપ્રથમ જ્વેલ્સ (રત્નો) મૂકનાર સ્વિસ હતા. હૅર-સ્પ્રિંગ માટે નીકલ અને સ્ટીલની મિશ્રધાતુ પણ એમના જ સંશોધનનું પરિણામ છે. પાણી પેસી ન શકે, ચુંબકીય અસરોથી મુક્ત, આંચકા ખમી શકવાની શક્તિવાળાં અને અંધારામાં પણ સમય બતાવી શકે તેવાં ઘડિયાળો એમના જઅખતરાઓના ફળ રૂપે છે.

ઘડિયાળને ચાવી આપવામાં ભાગ્યેજ એક મિનિટ પણ પૂરીલાગતી હશે,છતાંછેલ્લાં કેટલાંય વર્ષોથી તેઓ સ્વયંસંચાલિત ઘડીની શોધમાંહતા. એક કારીગરને આ માટે પવનને કામમાં લેવાનો વિચારસૂઝ્યો! પોતાના મકાનના છાપરા પર એણે એક નાની પવનચક્કી જેવું ગોઠવ્યું,–એનું જોડાણ લીવરની રચનાથી કમાનના દાંડા સાથે કર્યું. આ રીત બરાબર ચાલી, પણ કાંડાઘડિયાળ માટે તે નાકામયાબ હતી. ઘરનાં બારીબારણાંમાં સ્વાભાવિક રીતે થતી ઉઘાડવાસથી ઘરમાં રહેલી હવાના દબાણમાં થતા નાજુક ફેરફારોની અસર ઝીલી શકે એવી સૂક્ષ્મ રચનાવાળી ઘડિયાળને વગર ચાવીએ ચલાવવાનો સફળ પ્રયોગ કરનારા પણ થઈ ગયા. પણ, એમાં ખામીભર્યું એ લાગ્યું કે બારણાંની ઉઘાડવાસ બરાબર ન થતી તો ઘડિયાળબંધપડતું. એકઅખતરાબાજે ઉષ્મામાનમાં થતા ફેરફારોની મદદ લીધી. એના ઘડિયાળમાં એણે થર્મોમીટર મૂક્યું અને જ્યારે પારો લગભગ બે અંશ જેટલો ચડતો એટલે એની સપાટીને જોડેલો સળિયો ઊંચો થતો અને તેથી ઘડિયાળ ચાલતું રહેતું. આજથી લગભગ બસો વર્ષ પૂર્વે અબ્રાહમ લુઈ પૅરેલેટ ઘડિયાળમાં લોલકની રચના કરેલી. તે પરથી પ્રેરણા લઈ કાંડાઘડિયાળોમાં પણ ફરી શકે એવું એક વજન યોગ્ય જગ્યાએ ગોઠવ્યું. હાથના હલનચલન પરથી એ થોડો સમય પણ હાલતું ત્યારે આખી ચાવી દેવાઈ જતી. આ રીતે સ્વનિયન્ત્રિત ઘડી અસ્તિત્વમાં આવી. સૌથી સરસ સ્વનિયન્ત્રિત ઘડી હાલમાં ન્યૂશૅટલ(Neuchatel)માં બની રહી છે. તેમાં રહેલાં ફોટો–ઇલેક્ટ્રિક સેલ પ્રકાશનું વિદ્યુતમાં રૂપાંતર કરી ક્વાર્ટ્ઝ(અકીક)ના સ્ફટિક દ્વારા હલનચલન શક્ય બનાવશે.

સ્વિસ લોકોએ અનેક ઉપયોગી ઘડિયાળો બનાવ્યાં છે. એક વખત ચાંપ દબાવવાથી ચાલે, બીજી વાર ચાંપ દબાવવાથી અટકી જાય અને ત્રીજી વાર દબાવવાથી કાંટો શૂન્ય પર આવી જાય એવા પ્રકારનાં સમયમાપક યંત્રો (ક્રોનો-મીટર્સ) પણ એમણે જ બનાવ્યાં છે. એનો ઉપયોગ પ્રયોગશાળાઓમાં પ્રયોગો દરમિયાન જરૂર પડયે સમય માપવામાં ને રમતગમતનાં મેદાનો પર દોડવાની કે એવી હરીફાઈઓમાં પસાર થતો ચોક્કસ સમય માપવા માટે થાય છે. સારેગમના સપ્તકમાંથી સંગીત રેલાવતાં સમયદર્શક યંત્રો પણ એમણે બનાવ્યાં છે. ફારૂક જ્યારે ઇજિપ્તનો રાજા હતો ત્યારે એની પાસે ગીત ગાતાં રંગબેરંગી બનાવટી પક્ષીઓથી ભરેલું એક ઘડિયાળ હતું. વળી એવાં પણઘડિયાળો બનાવેલાં કે જેમાં બે સમશેરબાજો ખાંડાના ખેલ સાથે કેટલા વાગ્યાછેતેદર્શાવતા. 'કકૂ-ક્લૉક્સ' તો ઘણાં જાણીતાં છે : એક પૂર્ણ કલાકનો સમય જાહેર કરવાનો હોય એટલે ઘડિયાળના મથાળે એક બારી ઉઘડી વાજાંવાળા સંગીત વગાડે, અને તે પૂરું થયે બીજી બારીમાંથી કોયલ નીકળી અને જેટલા વાગ્યા હોય તેટલા ટહુકા કરી પાછી અંદર ચાલી જાય!


સ્વિસ લોકોએ નાડીના ધબકારા અને શ્વાસોચ્છ્વાસની ગણતરી કરતાં ઘડિયાળો બનાવ્યાં છે.ટેલિફોન પર તમે કેટલી મિનિટથી વાતચીત કરી રહ્યા છો તેની નોંધ માટેનાં ઘડિયાળો પણ એમણે બનાવ્યાં છે. એમનાં ઘડિયાળોએ ફોટોગ્રાફરોને પણ રાહત આપી છે. સાગરને તળિયે ઊતરતા મરજીવાઓ કે પર્વતની ટોચે ચડતા પર્વતારોહકોને માટેનાં ખાસ પ્રકારનાં ઘડિયાળોનું પણ એમણે સર્જન કર્યું છે. સ્વિસ લોકોએ બનાવેલું નાનામાં નાનું ઘડિયાળ દિવાસળી પર લગાડેલા ગંધકના ભાગ જેવડું છે. આ સૂક્ષ્મઘડી અત્તરની શીશીઓના દાટામાં, પેન–પેન્સિલના ટોપકે, એરિંગ, વીંટી કે પટાના બકલમાં મુકાય છે. એક આફ્રિકન સરદારે પોતાના સોનાના દાંતમાં જડવા માટે આવી સૂક્ષ્મઘડીનો ઑર્ડર આપેલો.

અત્યારનું ઘડિયાળ અતિ સૂક્ષ્મ કારીગરીનો અદ્ભુત નમૂનો છે. છતાં હજી બરાબર સમય સાચવે અને તે તરફ કોઈને બિલકુલ ધ્યાન આપવું ન પડે એવી પરમ–ઘડી (ઍબ્સોલ્યૂટ-વૉચ) માટેની શોધ સતત ચાલ્યા જ કરે છે. હાલમાં વિદ્યુત્-નિયંત્રિત ઘડિયાળો તો ઠેરઠેર જોવામાં આવે છે.ઇલેક્ટ્રોન–નિયંત્રિત ઘડિયાળોનું પણ આ અણુયુગમાં નિર્માણ થયું છે. વિકસતું વિજ્ઞાન ઉપર જણાવેલી પરમ–ઘડી પણ મેળવી આપશે એવી આશા રાખવી એ હવે વધુપડતું તો નથી જ.





બળતા તેલ અને ટપકતા પાણીની નીચે ઊતરતી જતી સપાટીઓ પરથી પણ સમય મપાતો. તે પછી પાણીના તથા વજનના બળે ચાલતી ઘડિયાળો તથા છેલ્લે 'કકૂ–ક્લૉક'. જમણી બાજુ: હાથ-લાકડીની મૂઠમાં બેસારાએલી સત્તરમી સદીની મીનાકારી કરેલી અને કિમતી નંગો જડેલી સોનાની એક ઘડિયાળ.



ટાઇમ ઝોન્સ (સમય-પ્રદેશ) અને ડેટલાઈન (તિથિ-રેખા)

એક જ યામ્યોત્તર વૃત્ત—રેખાંશ ઉપર આવેલાં બધાં સ્થળોએ મધ્યાહ્ન એકીસાથે થાય છે. આથી કોઇ પણ પ્રદેશને પૂર્વ છેડે અને પશ્ચિમ છેડે સમયનો થોડો પણતફાવત રહે જ. પણ અલગઅલગ સમયનો વહેવારમાં ઉપયોગ થતાં તો ઘણા ગોટાળા થાય. એથી દરેક ચોક્કસ પ્રદેશમાં સમગ્રપણે અમુકનિયતસમય–'સ્ટાન્ડર્ડટાઈમ'નો સ્વીકાર કરી તેને અનુસરીને બધો વહેવાર ચોલાય છે. ઈંગ્લંડ જેવડા નાના દેશમાં તો ગ્રીનિચના સમયને જ આખા દેશના સ્ટાન્ડર્ડ સમય તરીકે સ્વીકારાયો છે. પણ અમેરિકાનાં સંયુક્ત રાજ્યો જેવડા મોટા પ્રદેશમાં જો આમ એક જ સમય સ્વીકારાય તો જોઇતી ચોકસાઈ ન જળવાય. આવી મુશ્કેલીઓ દૂરકરવા૧૮૮૩માંઆખી પૃથ્વીને પંદરપંદર અંશના ઉત્તર-દક્ષિણ પ્રદેશ-પટ્ટાઓ (ઝોન-Zone)માં વહેંચી નાખી એ દરેક પટ્ટામાંઆવતા વિસ્તારના સમયોના તફાવત નિશ્ચિત કરવામાં આવ્યા છે. અલબત્ત, આ પટ્ટામાં આવતી જમીન પર, પ્રાદેશિક તથા રાજકીય સગવડ ખાતર, નકશામાં બતાવી છે તે પ્રમાણે સીમાઓની થોડી છૂટછાટ રાખવામાં આવી છે. પરંતુ દરિયા પર આવી છૂટ નથી લેવાતી. ત્યાં તો ઝોનનો નિશ્ચિત સમય જ ગણાય છે. દરેક ઝોનનો સમય બાજુના ઝોન કરતાં બરાબર એક કલાકનો તફાવત બતાવે છે. દરેક ઝોનનો સમય તે દરેક પટ્ટાની બરાબર મધ્યમાં પસાર થતા રેખાંશ પરના સમય જેટલો રખાય છે. જોકે જરૂરી તડજોડ ખાતર જમીન ઉપર પ્રદેશની રાજકીય હદો અનુસાર ઝોનની હદ કરતાં વધતા ઓછા વિસ્તારમાં એ સમય સ્વીકારાતો હોઈ કેટલેક સ્થળે રેખાંશને બરાબર અનુસરતો સાચો સમય ત્યાં નથી પણ સચવાતો. પણ શક્ય હોય ત્યાં સુધી તો દરેક ઝોનનો સમય ગ્રીનિચના સમય કરતાં અમુક પૂરા કલાક આગળ કે પાછળ રખાય છે. જોકે અપવાદ રૂપ કેટલાક પ્રદેશોમાં અરધા કલાકોનો ને ક્યાંક વળી અમુક મિનિટોનોપણ તફાવતછે ખરો. બહુ મોટા દેશોમાંથી તો એક કરતાં વધુ ઝોન પણ પસાર થતા હોય છે. સમુદ્ર પર તો રેખાંશને અનુસરીને બરાબર એક કલાકનો તફાવત જ ગણાય છે. લશ્કરી વહાણવટામાં વહાણ જે ઝોનમાંથી પસાર થતું હોય એ ઝોનનો સમય વહાણ પર સચવાય છે. આથી પૂર્વ તરફ જતા જહાજે દરેક ઝોનની હદ ઓળંગતાં પોતાનું ઘડિયાળ એક એક કલાક આગળ મૂકતા જવું પડે છે ને પશ્ચિમ તરફ જતાં તેણે દરેક ઝોન વળોટતાં એક એક કલાક પાછળ મૂકવો પડે. વેપારી વહાણોમાં વહાણ જે સ્થળે હોય ત્યાંના લગભગ લોકલ ટાઇમ અનુસાર એણે પોતાની ઘડિયાળો રાખવી પડે છે. પેસેન્જરો લઇ જતાં વહાણોમાં મોટે ભાગે દરેક રાત્રે ઘડિયાળ ફેરવાય છે.

ગ્રીનિચ રેખાંશથી બરાબર ૧૮૦° દૂર પૃથ્વીની પેલી બાજુએ આંતરરાષ્ટ્રીય 'ડેટ-લાઈન'–તિથિ-રેખા આવેલી છે. નકશો જોતાં જણાશે કે કેટલેક સ્થળે ૧૮૦° કરતાં એ આઘીપાછી રહે છે. એનું કારણ એ છે કે એનાથી એક જ વહીવટ તળેની જમીન કે પ્રદેશના ભાગલા ન પડે. આમ, જોઈશું કે રેખાંશોને આધારે જ સમયનો તફાવત નક્કી કરાયો હોવા છતાં આ 'ડેટ-લાઈન'માં જરૂરી તડજોડ રાખવી પડી છે.

આપણે એક જ સ્થળે રહેતા હોઇ સમયના આ તફાવતની બહુ અગત્ય આપણને ન લાગે. સિવાય કે આપણે ઝોન વળોટવા જેટલી લાંબી સફર ખેડતા હોઈએ. અને એ પણ ખાસ તો જ્યારે 'ડેટ-લાઈન' વળોટતાં તારીખ બદલવી પડે ત્યારે તેનો વિશેષ ખયાલ આવે. ધારો કે પૂર્વ તરફ પૃથ્વીની પ્રદક્ષિણા કરતું એક વહાણ પ્રત્યેક ઝોન વળોટતી વેળા પોતાનું ઘડિયાળ એક એક કલાક આગળ મૂકતું જાય છે. તો 'ડેટ-લાઇન' સુધી પહોંચતાંમાં તો એ આ પ્રમાણે ૧૨ કલાક ઉમેરી ચૂકે. બીજી રીતે કહીએ તો તે આમ અરધો દિવસ મેળવે. હવે જો વહાણ પશ્ચિમ તરફ આગળ વધતું હોય તો તેને દરેક ઝોન વળોટતાં એક એક કલાક પાછળ મૂકતા જઈ 'ડેટ-લાઇન' પહોંચતાં એ ૧૨ કલાક એટલે કે અરધો દિવસ ગુમાવે. આમ, આ બંને વહાણોનો માર્ગ સાથે લઇએ તો 'ડેટ-લાઈન' પહોંચતાં તેમની વચ્ચે ૨૪ કલાકનો તફાવત એટલે કે એક આખા દિવસનો ફેર પડે. આથી, બંનેએ કૅલેન્ડરની સાથે રહેવા કંઈક અનુકૂળ ગોઠવણ કરવી જ પડે. એ માટે પૂર્વ તરફ જતાં વહાણે એક દિવસ બેવડાવવો પડે અને પશ્ચિમ તરફ જતા વહાણે એક દિવસ છોડી દઈ તે પછીના દિવસથી પોતાનો વહેવાર ગણવો પડે. તદ્દન નાની મુસાફરી હોય છતાં તેમાં યે જો 'ડેટ-લાઇન' ઓળંગવાની આવે તો તેને પણ આ નિયમ લાગુ પડે જ.

ત્રીસ સાલ બાદ…

લેખક
★
ચન્દ્રકાન્ત બક્ષી



શિયાળાની પાછલી રાતે તૂતકની રેઇલિંગ બરફ જેવી ઠંડી થઈ ગઈ હતી. પાઇપની સીડી પાછળ ઊભાઊભા કાસમે કૅપ્ટનની કૅબિન તરફ નજર કરી. ઉપર શાંત અંધકાર સિવાય કંઇ જ ન હતું. વાતાવરણમાં દરિયાની ઘેરી, ઊંડી ગર્જના અને આકાશના કાંપતા તારા એક ગમગીન થડકાર પેદા કરી દેતાં હતાં. ઘડિયાળ રાત્રિના ૩-૩૦નો સમય બતાવતી હતી. કાસમની સૂકી, ઉત્સુક આંખો આખા તૂતક પર ફરી વળી. બધે સનસનાહટ હતી. ઍંજિન-રૂમ તરફથી ઝડપી, તાલબદ્ધ ઘરઘરાટ આવી રહ્યો હતો. એટલામાં ડાબી બાજુથી એક કાળો પડછાયો આવતો નજરે પડ્યો.

આકૃતિ પાસે આવતાં કાસમે ધીમો સૂચક અવાજ કર્યો, 'અબ્દુલ!' અબ્દુલ કાસમની દિશામાં વળી ગયો. 'મેં ધાર્યું હતું કે તું કદાચ નહિ આવે!' કાસમે કહ્યું.

'શા માટે? ચાર દિનમાં તો આપણે કલકત્તા પહોંચી જઈશું. ને હું આપણો ફેંસલો આજે જ કરી લેવા માગું છું. આવી બાબતોમાં લંબાવવામાં મજા નહિ.' અબ્દુલનો અવાજ બિલકુલ નિકટ આવી ગયો.

સીડીના અંધકારમાં થોડો સમય ગુફતગૂ ચાલી. હવાના તેજ સુસવાટાનું સંગીત મનુષ્યના અવાજને દબાવી દેવા પૂરતું હતું. અબ્દુલે નોટોનું બંડલ કાસમના હાથમાં મૂક્યું. કાસમે નોટો ગણીને આશ્ચર્યથી કહ્યું, 'બસ? આ નહિ ચાલે. આપણા કરાર મુજબ તારે મને આઠ આના ચૂકવવા જ પડશે.'

'ઉસ્તાદી કરે છે?'

'ઉસ્તાદીનો સવાલ નથી. હકનું માગું છું. હું ગંદી રમત નથી રમતો. બદમાશી તારી છે. મારો હિસાબ ચૂકતે કર એટલે તું તારે રસ્તે ને હું મારે!' કાસમે ખટાશથી જવાબ આપ્યો.

થોડી રકઝક ચાલી, અવાજોમાં ગરમી આવી ગઈ. અબ્દુલે દાંત કચકચાવતાં કહ્યું, 'કમીન! જે મળે છે એ લઈ લે, નહિ તો તબાહ થઈ જઇશ. ખબર છે કોની સાથે કામ કરી રહ્યો છે?—અબ્દુલ રઝ્ઝાક સાથે!' ને નોટો ખિસ્સામાં મૂકી અબ્દુલે પીઠ ફેરવીને ચાલવા માંડ્યું.

લાપરવાહ અબ્દુલની ટૂંકી પીઠ તરફ જોતાં કાસમની આંખ ફાટી ગઇ. એણે દોડીને અબ્દુલનું બાવડું પકડીને આંખમાં આંખ મિલાવી: 'અબ્દુલ! મારું કામ પતાવ્યા વિના જવા નહિ મળે. જો આગળ વધ્યો છે તો આખી સ્ટીમરને જગાડી મૂકીશ. કલકત્તાના બારામાં રઝ્ઝાકના બેટાને હાથકડી કરાવી દઈશ, ખયાલ રાખજે!'

જવાબમાં સામે એક ધારદાર છ ઈંચી પાનું ચમકી રહ્યું. કાસમ ભયથી બે કદમ પાછો હટી ગયો. એનું આખું શરીર અસહાય ગુસ્સામાં ધ્રૂજી ઊઠ્યું. અબ્દુલનો ચહેરો એક ઝેરી સ્મિતમાં થીજી ગયો હતો. એણે ધીરેથી કહ્યું, 'કમબખ્ત! જરા ય અવાજ કર્યો છે તો મર્યો સમજજે. મને જેલ કરાવવી છે?—'

પલકારામાં વિકરાળ જાનવરની જેમ અબ્દુલ કાસમ પર આવી પડ્યો. પણ કાસમના હાથમાં અબ્દુલનું કાંડું આવી ગયું—ડૂબતા માણસની જેમ એણે સખ્તાઇથી પકડી લીધું. મામલો વીફરી ગયો હતો. જેનો હાથ કમજોર પડે એનું સાફ મોત હતું. મજબૂત કાસમે અબ્દુલને ઉકની ઠંડી રેઇલિંગ સરસો ભિડાવી દીધો. હવામાં બંનેના ગરમ ગરમ શ્વાસોચ્છ્વાસ અથડાતા હતા. અબ્દુલ ભયંકર ભીંસમાં આવી ગયો હતો. કાસમે એક જબ્બર ધક્કો માર્યો અને બીજી જ મિનિટે હાથમાં છરી સાથેનું અબ્દુલ રઝ્ઝાકનું શરીર એક પણ ચીસ પાડ્યા વિના ઘાયલ બાજની જેમ કાળા, અંધકારમય પાણીમાં અદૃશ્ય થઈ ગયું.

બીજી સવારે સ્ટીમરમાં લા-પતા થઈ ગએલા અબ્દુલની તપાસ ચાલી. અબ્દુલ વિષે કોઈ જ માહિતી કે બાતમી મળી શકી નહિ. કૅપ્ટન ફ્રાન્સિસ દ' સિલ્વાએ કંપનીની મુખ્ય ઑફિસ પર રિવાજી રિપોર્ટ મોકલી દીધો: 'ઑસ્ટ્રેલિયાથી કલકત્તા આવતા જહાજ 'ફ્લોટિંગ એન્ટરપ્રાઈઝ'માં કલકત્તાનો ૨૩ વર્ષનો એક ખલાસી અબ્દુલ રઝ્ઝાક ૧૩મી જાન્યુઆરીની રાતે આંદામાન ટાપુઓથી પચાસ માઇલ નૈર્ઋત્ય પર અક્ષાંશ ૧૧ ઉત્તર, રેખાંશ ૯૨ પૂર્વની આસપાસ ગાયબ થઈ ગયો છે. એમ માનવામાં આવે છે કે તોફાની દરિયાને કારણે તૂતક પરથી એ દરિયામાં ખેંચાઈ ગયો હશે અથવા એણે આત્મહત્યા કરી હશે.'

ગંગાના કિનારા પર છ હોડીઓ વર્તુળાકારે ગોઠવાએલી પડી હતી. નદીની પાર પશ્ચિમ તરફની મસ્જિદના મિનારા પર આથમતા સૂરજનો લાલ કસબ ચીતરાઈ ગયો હતો. હમણાં જ નમાઝ ખતમ થઇ હતી. સુલેમાન ચાચાએ પાસે પડેલી ઍલ્યુમીનિયમની ખાલી કીટલી ઉપાડી ખૂણામાં મૂકી અને બુઝાઇ ગએલી ચલમ ઉઠાવી. તમાકુ બળી ગએલી હતી. ચાચાએ તમાકુની રાખ ખંખેરી, પણ ફરી ભરવાનું દિલ ન ચાલ્યું. સામેની હોડીમાં માછલીઓ કાપતા યાકુબ કારાએ કહ્યું, 'ચાચા, બહુ વિચાર કરવો નહિ. દરિયાની જિંદગી છે. દરિયાના સીના પર લેટવાનું કયા મલ્લાહને ગમ્યું નથી? મારા બાપ મરી ગયા ત્યારે હું હતો આઠ સાલનો ને મારો નાનો ભાઇ શકુર ચારનો. વર્ષો તો આમ કરતાં ચાલ્યાં ગયાં, ને આજ જુઓ, હું ડિંઘી લઇને બેસી ગયો છું અને શકુર પેલા માલવાહી જહાજમાં સેરાન્ગ બની ગયો છે. ખુદાની મરજી હશે તો અબ્દુલનો બેટો અબ્દુલથી ય મોટો જહાજી અફસર થશે, કોને ખબર?'

સુલેમાને યાકુબ તરફ જોયું. મોટા છરાની બાજુમાં પડેલા માછલીઓના ટુકડા, ઇંડાંની ફૂટેલી કાચલીઓ અને સુકાઈ ગએલાં પ્યાજ

પરથી ચાચાની નજર ફરી નદીમાં જોરથી વહી રહેલાં પત્તાં પર ચોંટી ગઇ. બોલવાની ઇચ્છા છતાં સુલેમાનથી કંઈ ન બોલાયું.

થોડી શૂન્ય ક્ષણો વહી ગઈ. ભંડકિયામાં બાંધેલી મુર્ગીઓનો ધીમો અવાજ આવી રહ્યો હતો. એકાએક સુલેમાન ચાચાને સ્ફુર્યું, 'યાકુબ!'

'કેમ, ચાચા?'

'યાકુબ, તું ધારે છે કે અબ્દુલે આપઘાત કર્યો હશે?'

યાકુબે અરધી કાપેલી માછલી બાજુમાં મૂકી દીધી. પાસે પડેલી મેલી લુંગીથી હાથ લૂછીને એણે મછવાના છેડા પર આવીને કહ્યું, 'મને લાગે છે કે અબ્દુલે આપઘાત કર્યો નથી. એને આપઘાત કરવાની જરૂર પણ શી? એને સારો પગાર હતો, થોડી બીજી આમદાની પણ હતી. ઓરતનું સુખ હતું. એને જો કોઈ દુઃખ હોત તો ગયા રમજાનમાં એ અહીં આવ્યો ત્યારે એણે મને જરૂર કહ્યું હોત. મને લાગે છે કે મોજાંઓમાં ધોવાઇ ગયો હશે.'

'અચ્છા, જહાજ પર અબ્દુલના કોઇ ખાસ દોસ્તને તું ઓળખે છે?' ચાચાની આંખો ઝીણી થઈ.

'દોસ્તો તો જહાજ પર બધા જ હોય છે. પણ એક ખલાસી હમણાં મને મળ્યો હતો, એના જહાજનો. અબ્દુલે બે સાલ પર મને એની ઓળખાણ કરાવી હતી. ચાળીસેક વર્ષનો અનુભવી આદમી છે. તમારી ઇચ્છા હોય તો આપણે એને બોલાવીને વાત પૂછીએ. કદાચ અબ્દુલ વિષે કંઈક માહિતી મળી જાય!' યાકુબે સ્પષ્ટતા કરી.

'શું નામ છે એનું?'

'શેખ કાસમ.'

'ખેર, યાકુબ, ગમે તેને મળો. ગએલો જાન લોટવાનો નથી. દરિયો મારા બેટાને ખેંચી જાય એમાં એ બીચારો શું કરે? મારે કોઇને મળવું નથી—હવે મળવું છે બસ એક જ શેખને, ખુદાને.' સુલેમાનચાચાના કર્કશ અવાજમાં દર્દીલી થકાવટ ભરી હતી.

'નહિ ચાચા, તમે એને મળો. હું એને કાલે રાતે ડિંઘી પર લઈ આવીશ.' કહીને યાકુબ કારા માછલી પકડવાની જાળ ધોવા ચાલ્યો ગયો.

બીજી રાતે યાકુબની ડિંઘી પર મુલાકાત ગોઠવાઈ. દુનિયા ખેડી આવેલા ખલાસીની અદા અને સફાઈથી કાસમ સિગારેટ ફૂંકી રહ્યો હતો. સામે યાકુબ અને સુલેમાનચાચાની વચ્ચે એક કાળી પડી ગએલી ચલમ ચક્કર મારી રહી હતી. દૂર ઉત્તર તરફ તોફાન કરીને આવેલી નદીનું વહેણ જોરમાં હતું અને કિનારે હારબંધ બાંધેલાં નાવડાંથી રોકાઈ ગએલાં પત્તાં-ડાળખાંમાંથી ધીમી બદબૂ આવી રહી હતી. ડાબી તરફ લાંગરેલી જાપાનીઝ સ્ટીમર 'ઓમાટા મારૂ'નો હલકો પ્રકાશ ડિંઘીમાં પડી રહ્યો હતો. ડાયમન્ડ હાર્બર તરફથી ફેંકાતી એક સૅાચની તેજ સર્ચલાઇટ કિનારા પર ખાલી જગ્યા શોધતી ચક્રાકારે ફરી રહી હતી.

'કંપનીનો આદમી જ્યારે તાર લાવ્યો,' યાકુબે ચલમ હાથમાં લેતાં કહ્યું, 'ત્યારે એ ખયાલ જ કયાંથી હોય કે આ ખબર હશે? મેં જઇને પોર્ટ કમિશ્નરવાળા ગોકુલબાબુને તાર વંચાવ્યો અને અહીં આવીને ખબર કહી. અબ્દુલ ગાયબ થઇ ગયો એ સાંભળીને આ ઘાટના બધા જ ખારવા બિચારા દુઃખી થઈ ગયા. એની ઘડિયાળો ને રેશમ તો અમે બધા જ કિનારે કાઢી આપતા...બંદો જિગરવાળો હતો.'

'હા...હતો તો જિગરવાળો—' કાસમે દૂર ધુમ્મસમાં ઝબકી રહેલી નીઓન જાહેરખબરો તરફ જોતાં ફિક્કો સૂર પુરાવ્યો.

'અને કાસમ! ઉમર નાની પણ ઉસ્તાદ ખરો. જ્યારે અહીં આવે ત્યારે કહે, 'યાકુબ, તારું દિલ યાર મુર્ગીનું છે. મારો માલ પાર કરતો થઇશ તો આ ડિંઘીની જગ્યાએ લૉંચ ફરતી થઈ જશે.' પણ આપણું દિલ તો મુર્ગીનું જ રહ્યું. ભઇ, આપણી તો ડિંઘી સલામત રહે એ જ ખુશકિસ્મતી. સાડા ત્રણ રૂપિયે શેરની હિલ્સા વેચશું તો ય ગુજર થઈ જશે. બાકી તો નદીમાં માછલાં ખૂટે ત્યારે વાત, કેમ, કાસમ?'

'હા.'

'કાસમ મિયાં!' સુલેમાન ચાચાની ઝીણી આંખોમાં ઝલક આવી, 'અબ્દુલના ગુમ થવાની તમને સ્ટીમર પર ક્યારે ખબર પડી?'

'અમને તો—બપોરે ખાણાનો બેલ વાગ્યો ત્યારે હેડ સ્ટુઅર્ડે કહ્યું કે સ્ટીમર પર તપાસ ચાલી રહી છે—અબ્દુલ દેખાતો નથી. એ વખતે એની કૅબિનના એક મદ્રાસી ઍપ્રેન્ટીસે કહ્યું કે મોડી રાત સુધી અબ્દુલ જાગ્યો હતો. જે કંઇ થયું છે એ રાતે જ થયું છે...સ્ટીમરની ભઠ્ઠીમાં એને કોઇએ ફેંકી દીધો હોય એ બનવું મુશ્કેલ છે, કારણકે એ રાતે ઍંજિનરૂમમાં માણસો આખી રાત કામ કરતા હતા અને...સ્ટીમર પર એને કોઇ સાથે અદાવત હોય એવો પણ મને ખયાલ નથી!'

'તમારી સ્ટીમરમાં ખલાસીઓમાં આપઘાતના કિસ્સા બનતા હશે?'

'એક વાર એક કિસ્સો બન્યો હતો. થોડાં વરસ પર અમે દક્ષિણ આફ્રિકા જઈ રહ્યા હતા ત્યારે મધદરિયે એક ખલાસી પાગલ થઈ ગયો હતો. કૅપ્ટનને એને બંધાવવા સિવાય બીજો ઇલાજ ન હતો. બેએક દિવસ તો ઠીક ચાલ્યું, પણ એક રાતે એ એકાએક દોરડાં તોડીને ભાગ્યો અને અમને ખબર પડે એ પહેલાં એણે સીધું જ તૂતક પરથી દરિયામાં ઝંપલાવ્યું. પછી તો સર્ચલાઇટો ફેંકી ખૂબ તપાસ કરી. બે કલાક સ્ટીમર રોકાઇ, પણ એ ખલાસીનો કે એની લાશનો પત્તો મળ્યો નહિ. એવા ય કિસ્સા બની જાય છે કો'ક વાર.'

અને સિગારેટનું સળગતું ઠૂંઠું નદીમાં ફેંકતાં ઉમેર્યું, 'દરિયાની જિંદગી છે, ચાચા; ખતરો તો રહે જ. કોઈ વાર તો દરિયો એવો તોફાની બની જાય કે તૂતક પર કામ કરતા હોઇએ અને ખારા પાણીની કરારી થપાટો અમારી પીઠ પર અને આંખોમાં લાગતી જાય. દરિયો ઘણો તોફાની હોય તો તૂતક પર બિલકુલ કામ ન થઈ શકે. અમારે બધાને નીચે ચાલ્યા જવું પડે. પાણીનું જોર ખૂબ હોય ત્યારે ડેક પર કામ કરનાર દરિયામાં ખેંચાઇ પણ જાય. હમણાં થોડા વખત પર અમારી જ કંપનીના જહાજના બે માણસો હૉંગકૉંગ પાસે ટાઇફૂનમાં ખેંચાઇ ગયા હતા...'

'હા ભાઇ.' સુલેમાન ચાચાએ કહેવા માંડ્યું, (અનુ. પૃ. ૨૯મે)

સુભાષિત

·અનુષ્ટુપ·

दिवा पश्यति नोल्लूकः काको नक्तं न पश्यति ।
अपूर्वः कोऽपि कामान्धो दिवानक्तं न पश्यति ॥

(અનુવાદ)

ન દિને દેખતું ઘૂડ, રાત્રે કાગ ન પેખતો;
કિન્તુ કામાન્ધ તો રાત્રિદિન ભેદ ન લેખતો.

[વિવરણ: કાગડા અને ઘુવડની રાત-દિવસની દૃષ્ટિહીનતાને ઊંચી લેખી, કામાન્ધત્વની નિકૃષ્ટતા ઉપસાવતા આ સુભાષિતમાં પશુ બની જતા માનવીનું વેધક આલેખન છે. કીચકે દ્રૌપદીને, અલ્લાઉદ્દીને પદ્મિનીને અને સિદ્ધરાજ જયસિંહે રાણકને કામદૃષ્ટિથી નિહાળી જે અનિષ્ટો સર્જ્યાં તેનાથી તો કોઈ જીવનપારખુ અજાણ નહિ હોય. આજે ય આપણે ત્યાં સામાજિક જીવનને અસ્તવ્યસ્ત કરી નાખનારા કામાન્ધતાના દાખલાઓ કયાં ઓછા જોવા મળે છે? —ચંદ્રશંકર પંડ્યા]

સ્વ. મસ્ત ફકીર



હાસ્યરસના અલ્પસંખ્ય અગ્રણી ગુજરાતી લેખકો પૈકીના એક શ્રી મસ્તફકીરનું ગયા નવેમ્બરની ૧૦મી તારીખે ૫૮ વર્ષની વયે ત્રણેક માસની માંદગી બાદ જૂનાગઢ ઇસ્પિતાલમાં અવસાન થયાના સમાચારે સાહિત્યરસિક જનતામાં દુઃખ ફેલાવ્યું છે. 'મસ્તફકીર' એ નામ ગુજરાતી વાચકોને અજાણ્યું નથી. તેમના વિષે ગુજરાતી વાચકોને જો કંઈ અજાણ્યું હોય તો તે તેમનું મૂળ નામ હરિપ્રસાદ ગૌરીશંકર ભટ્ટ. તેમનું વ્યક્તિ તરીકેનું નહિ પરંતુ સાહિત્યકાર તરીકેનું નામ આટલી વ્યાપક પ્રસિદ્ધિ પામ્યું તે જ તેમની અવિરત અને એકનિષ્ઠ સાહિત્યસેવાની પ્રતીતિ આપવા પૂરતું છે.

તેઓ જ્ઞાતિએ પ્રશ્નોરા નાગર ને સૌરાષ્ટ્રમાં લાઠી પાસે આવેલા ચાવંડ ગામના વતની હતા. ઈ. ૧૮૯૨માં રાજકોટમાં તેમનો જન્મ થયો હતો. સ્વ. કવિ 'કાન્ત' મણિશંકર રત્નજી ભટ્ટના તેઓ ભત્રીજા થાય. તેમણે અમદાવાદ, ભાવનગર અને મુંબાઈની જુદીજુદી શાળાઓમાં અભ્યાસ કર્યો હતો. મૅટ્રિક પાસ થઇને તેમણે આજીવન સાહિત્યસેવા કરવાની પ્રતિજ્ઞા લીધી. ઈ.૧૯૧૪માં તેઓ શ્રી રણછોડદાસ લોટવાળાના પત્ર 'અખબારે સોદાગર'ના તંત્રી-વિભાગમાં જોડાયા. ત્યાં ત્રણ વર્ષ સુધી પત્રકારત્વની તાલીમ લીધા બાદ તેમણે 'પ્રજામિત્ર'-માં, 'હિંદુસ્તાનમાં'માં, 'જય ભારત'માં અને પછીથી લાગટ ૧૬ વર્ષ સુધી 'મુંબઈ સમાચાર'માં પત્રકાર તરીકે કામગીરી બજાવી હતી. દરમ્યાન ઈ.૧૯૧૭ પછી તેમણે એક શ્રીમંત વેપારીના સહાયક તરીકેની પણ નોકરી કરી હતી. એ દરમ્યાન દેશ અને દુનિયાના સાહિત્યને તેમણે ઘણો ઊંડો પરિચય મેળવ્યો, જેણે તેમને સાહિત્યસેવા તરફ સવિશેષ પ્રેરિત કર્યા. તેમની લેખક તરીકેની કારકિર્દી પણ લગભગ પત્રકારત્વ સાથે જ આરંભાઈ. સ્વ. હાજીમહમ્મદના માસિક 'વીસમી સદી'માં 'બાડકું માથું'થી તેમણે હાસ્યલેખ આપવા શરૂ કર્યા, અને તે પછી તો ગુજરાતનું એક પણ સામયિક કદાચ એવું ન રહ્યું જેમાં તેમની કૃતિ પ્રકટ ન થઈ હોય. 'વીસમી સદી' પછી શ્રી કનૈયાલાલ મુનશીએ પ્રકટ કરેલા 'ગુજરાત'માં પણ તેઓ વિશેષ ઝળક્યા. અને તે પછી 'નવચેતન', 'શારદા', 'ગુણસુંદરી' જેવાં માસિકો, 'બે ઘડી મોજ', 'પ્રતાપ', 'ચેતનયુગ' વગેરે અઠવાડિકો તથા જુદાંજુદાં સામયિકોના ખાસ દિવાળી-અંકો વગેરેમાં તેમની કૃતિઓ ભરપૂર પ્રકટ થઈ હતી, જે સઘળી, 'મસ્તફકીરનો હાસ્યવિલાસ', 'મસ્તફકીરનો હાસ્યભંડાર', 'મસ્તફકીરનું મુક્ત હાસ્ય' વગેરે બારેક પુસ્તકોમાં ગ્રંથસ્થ થઈ ચૂકી છે. 'ઉલ્લાસ' નામનું હાસ્યરસનું ખાસ અઠવાડિક પણ તેમણે શરૂ કરેલું, પરંતુ તે લાંબો સમય ચાલેલું નહિ.

હાસ્યરસ માટેની સામગ્રી શ્રી મસ્તફકીરને માનવ-સ્વભાવનાં વૈચિત્ર્યો, માનવ-મનની નબળાઈ, માનવના દંભ, ઘમંડ, મિથ્યાચાર ને રાગદ્વેષમાંથી મળી રહેતી. તેમનું હાસ્ય તર્કપ્રતિષ્ઠિત, બૌદ્ધિક કે નર્મમર્મયુક્ત સૂક્ષ્મ હાસ્યની અપેક્ષાએ પ્રસંગ-પરિસ્થિતિજન્ય સ્થૂળ હાસ્ય વિશેષ છે, પરંતુ તેથી તેમની હાસ્યકલાને આંચ પણ આવ્યા વિના તે અકૃત્રિમ ભાવે વહ્યે જાય છે.

સદ્‌ગતનું વાચન અત્યંત વિશાળ હતું. ગુજરાતી ઉપરાંત બંગાળી, ઉર્દૂ અને હિંદી તેમજ અંગ્રેજી સાહિત્યનો તેમનો અભ્યાસ ઘણો ઊંડો હતો. ચાર્લ્સ ડિકન્સ, માર્ક ટ્વેન, મૅક્સિમ ગૉર્કી, ટૉમસ હાર્ડી, બર્ટ્રાન્ડ રસેલ, સમરસેટ મૉમ, વિલિયમ સારોયાન–આ સહુ એમના પ્રિય લેખકો હતા. જગદ્-વાઙ્મયના છેલ્લામાં છેલ્લા પ્રવાહોથી તેઓ પૂર્ણપણે વાકેફ રહેતા. તેઓ જેવા હાસ્યરસના સિદ્ધ લેખક હતા તેવા જ એક કુશળ પત્રકાર અને અચ્છા વક્તા પણ હતા. જીવનનાં સુખદુઃખ અને કડવામીઠા અનુભવોને એમણે આવશ્યક ગાંભીર્યથી મૂલવ્યા છતાં મગજ પર તેનો ભાર તેમણે રાખ્યો નહોતો. અગવડો ને પ્રતિકૂળતાઓને હસી કાઢી હળવી બનાવી જીવનની વાટ તેમણે કાપી હતી. અનેક વાદોનો અભ્યાસ કર્યો છતાં કોઈ એક વાદના ચુસ્ત હિમાયતી કે પ્રચારક તેઓ બન્યા નહોતા. કોઈ વાડા તેમણે બાંધ્યા નહોતા. કોઈ મંડળ તેમણે રચ્યું નહોતું. નાનામોટા સર્વ સાથે તેમના જેવા થઇને ભળી જવામાં તેમને આનંદ આવતો. સ્વભાવે મસ્ત અને વૃત્તિએ ફકીર જેવા ઉદાર ને નિઃસ્પૃહી પરિસ્થિતિમાં આનંદમગ્ન રહીને તેમણે પોતાના તખલ્લુસને સાર્થક કર્યું હતું. ('ગુજરાતમિત્ર' વગેરે પત્રોમાંથી તારવીને)

મસ્ત ફકીર

શ્રી 'મસ્તફકીર' સ્વ. સાક્ષરશ્રી 'કાન્ત'ના કુટુંબી થાય. તેમની ચાલમાં એ સંબંધ જણાઈ આવતો: અને મસ્ત દશા પણ ખરી. એટલે જ પોતાનાં હિત સુધારવાની આવડતમાં તે પાછા રહેતા.

એમનો અને મારો પરિચય સ્વ. હાજીની 'વીસમી સદી'ની કચેરી દ્વારા ૧૯૧૪માં થયો. પોતે કાઠિયાવાડી પ્રશ્નોરા જ્ઞાતિના, અને તેનાં સર્વ સંબંધી જનોને હું ઓળખું એટલે એ પરિચયમાંથી મૈત્રી-સંબંધ થયો.

શરૂમાં એ 'જામે જમશેદ'ના રિપોર્ટર હતા, અને એ કામમાં પારસી જુવાનો પહેલાંથી પડેલા; એટલે તેમની સ્પર્ધામાં મસ્તફકીરનો ગજ વાગે નહિ. તેમ છતાં આબેહૂબ પારસી ભાષાનું લખાણ કરીને પણ તે 'જામે'ના તંત્રીને પ્રિય થઈ પડેલા. પહેલાંના જુવાનોને કુટુંબનું લંગર વહેલું લાગતું, એટલે મસ્તફકીરને પણ પોતાનો પગાર ટૂંકો તો પડતો જ.

તેમની આર્થિક સ્થિતિમાં તંગી જ રહેતી. કપડાં કે બીજા કોઇ શૉખ તેમને પરવડે એમ નહોતું. પણ ચાના તે રસિયા હતા. પછી સિગાર પણ ભળેલી. તેમની પાસે કંઇ લખાવવું હોય ત્યારે હાજી પહેલો ચાનો કપ તેમની સામે મુકાવતા અને કહેતા 'બીજો કપ જોઇએ ત્યારે માગજો, પણ લખીને જ ઊઠવાનું છે.'

હાજી મહમ્મદની કદરદાની પણ અનોખી હતી. પોતાના એક શ્રીમંત મિત્ર–જેમની આંખો કાચી પડી ગઇ હતી અને વેપાર ખાતર છાપું વાંચવાનો નિયમ હતો તેમની પાસે રોજ સવારે મસ્તફકીર એક કલાક હાજરી આપે અને છાપાંમાંથી તે કહે તે વાંચી બતાવે અને તે માટે પગાર રૂા. ૪૦) વધારે મેળવે. એ શેઠ પણ તેમની રમૂજી વાચન-પદ્ધતિ ઉપર ખુશ રહેતા. એ શેઠની વેપારી (અનુ૦ પૃ. ૨૯મે)

સંસારનાં શહેરો

૭૨-વિશાખાપટ્ટમ


મદ્રાસ અને કલકત્તા જેવાં બે મોટાં ઔદ્યોગિક શહેરોની મધ્યમાં (મદ્રાસથી રેલવે-રસ્તે ૮૪૪ માઈલ અને કલકત્તાથી ૫૪૭માઇલ) આવેલા આ શહેરનાં રસ્તા, શેરી કે મકાનો જોવા તમે જો સ્થાપત્યની નાનીસરખી યે આશા લઈને ગયા હો તો અફલ નિરાશા જ તમને સાંપડવાની. અહીં ચોમેર જોવા મળતાં હાલનાં મકાનો આપણાં પ્રાચીન રૂપ્યોંખડચાં દૃષ્ટિરમ્ય મકાનો સાથે સરખાવતાં તો રેલવે-સ્ટેશન કે જેલ જેવાં જ લાગે. ઐતિહાસિક દૃષ્ટિએ પણ આ શહેરમાં કોઇ મહત્ત્વનો બનાવ બન્યો નથી. છતાં આ શહેર ભારતમાં એક મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

ઘાસથી છવાએલી અને સળંગ સીધી હારમાં દૂર સુધી પથરાએલી તેની પડોશમાં આવેલી ટેકરીઓ અને આભ અડકતાં વૃક્ષો કોઈ સ્વપ્નલોકની ભૂમિ સર્જી રહે છે; અને બીજી બાજુ રત્નાકર સિંધુ અહર્નિશ અને અવિરત તેના પાય પખાળ્યા કરે છે. પ્રકૃતિની આ બેવડી બક્ષિશથી રાચતા વિશાખાપટ્ટમને પોતાના અવિકસિત શહેર ભાગનો જરા પણ અફસોસ નથી. વિશાખાપટ્ટમનો સમુદ્ર તેના બંદર તરીકેના વિકાસ માટે ઘણો અનુકૂળ છે; તેવો જ તેનો કિનારો તેના વહાણ બનાવવાના ને વહાણવટાના મથક તરીકેના વિકાસ માટે અનન્ય મહત્ત્વનો છે.

વિશાખાપટ્ટમના પ્રાકૃતિક સૌંદર્યે સૌપ્રથમ પંદરમી સદીમાં આંધ્રના ચોલ રાજકુમારને આકર્ષ્યો હતો, જેનું સ્મારક પણ વિશાખાપટ્ટમની સહેજ ઉત્તરે બંધાવવામાં આવેલું; જોકે અત્યારે તે નથી. એ રાજકુમારે આ પ્રદેશની જ્યારે મુલાકાત લીધી ત્યારે આ નાનકડું ગ્રામ-બંદર દક્ષિણ હિંદથી કાશી તરફ જવાના રાજમાર્ગ પર આવેલું હતું, જે માર્ગ હજી હમણાં સુધી હતો. પ્રાચીન સમયમાં વિશાખાપટ્ટમનું બંદર નાનાં વહાણો માટે ખૂબ અનુકૂળ હતું; અને તે એક નાનુંસરખું છતાં મહત્ત્વનું આયાત-નિકાસ માટેનું બારું હતું. અહીંથી નિકાસ થતા માલની યાદી તો ઘણી ચિત્રાત્મક થઈ શકે તેમ છે: હાથીદાંત તથા કાચબાની ઢાલનાં ઘરેણાં તેમજ નાનીમોટી ચીજો; મૅંગેનીઝ ધાતુ, ઇમારતી લાકડાં, જુદાંજુદાં તેલીબિયાં, ચિત્રવિચિત્ર ને રહસ્યભરી ઔષધિઓ, ખાંડ, ખાંડનો દારૂ, ગળી, ચણા, તમાકુ, હળદર અને મરચાં સુક્કાં! બંદરના પીઠપ્રદેશ સમી ટેકરીઓના વનાચ્છાદિત ઢાળપ્રદેશોમાં બનતી વધુ મોહક 'ફેંકરી-સાવરણીઓ', આદુ, માખણ, લોઢું, લાખ, મધ, મીણ અને હરણનાં શીંગડાંનાં ઘરેણાં—આટલી ચીજો માટે તો વિશાખાપટ્ટમ પુરાણા કાળમાં ઘણું મશહૂર હતું.

તે પછી ઈસ્ટ ઇંડિયા કંપનીના ચકોર એજન્ટોનું ધ્યાન આ નાનકડા બારાના દરિયાઈ મહત્ત્વ તરફ દોરાયું અને તેમણે સત્તરમી સદીના મધ્યકાળમાં વિશાખાપટ્ટમમાં એક કોઠી નાખી તથા તેની નૈઋત્યે 'ડૉલ્ફિન્સ નોઝ' નામની ઉચ્ચભૂમિ પર 'ફૉર્ટ' નામનું એક નવું જ શહેર ઊભું કર્યું, જે એક નાનકડી નદી વડે અલગ પડતું હતું. અત્યારે તો તેનો યે એક જૂના કિલ્લા સિવાય કોઈ અવશેષ મળતો નથી. ત્યારે વિશાખાપટ્ટમની સાંકડી ને ઢાળવાળી શેરીઓ નાનાનાના ઉદ્યોગોથી ધમધમતી હતી. સત્તરમી સદીના અંત સુધી બે હોડીઓ નદી દ્વારા સમુદ્ર સુધી માલ લઈ જવાના ઉપયોગ માટે વપરાતી. એ વખતે ફાળો ઉઘરાવી તથા રાજ્યની મદદ લઇ લોકોએ આ નદી પર એક પુલ બંધાવેલો. વિશાખાપટ્ટમનો ઉદ્યોગ આ વખતે ટોચે પહોંચેલો હતો. અહીંનાં સોનેરી-રૂપેરી કિનારીવાળાં અત્યંત કિંમતી કપડાં ત્યારે હિંદભરમાં મશહૂર હતાં.

કંપનીની કોઠી નંખાઇ એટલે વિશાખાપટ્ટમને ઈશાન ખૂણે 'વૉલ્ટેર'નો (અનુ. પૃ. ૨૯)



એક બાજુ લીલીછમ પથરાએલી ટેકરીઓ અને બીજી બાજુ ઊંડા લોઢ લેતા બંગાળના ઉપસાગરની વચ્ચે સોહતું ભારતનું પ્રાચીન પણ આજ સુધી અંધારામાં રહેલું બંદર વિશાખાપટ્ટમ આજે ભારતનું અવ્વલ નંબરનું વહાણ બાંધવાનું મથક છે: હમણાં જ ત્યાં બંધાએલું સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપનીનું ૭૦૦૦ ટનનું માલવાહી જહાજ 'જલવિહાર' આ ચિત્રમાં તેની બંદરગાહમાં દેખાય છે.

હોજરીનું ચાંદું

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની
લોકપ્રિય લેખમાળા
માંદગીનાં મૂળ
લેખાંક • ૧૩



ખાધા પછી કલાકે કે બે કલાકે હોજરીમાં વેદના થવી એ હોજરીના ચાંદાની ખાસ નિશાની છે. આ વેદના લાહ્ય બળતી, ચૂક જેવી, દુખતી કે સાધારણ બેચેનીની હોય છે. પેટની શરૂઆતમાં જ્યાં આગળ છાતીની પાંસળીઓ બંને બાજુએ ફંટાઈ ખૂણો થાય છે ત્યાં એ વેદનાનું સ્થાન છે. એ સ્થાને ડાબા કે જમણા ભાગમાં કે મધ્યમાં વેદના ઊપડે છે. કોઈ દાખલામાં આ વેદના જમણે પડખે જતી કે છેક પીઠમાં થતી વર્તાય છે. ગળામાં ગરમાઈ, ખાટા ઓડકાર, પાણીના કોગળા ને ખાટી ઊલટી પણ થઈ આવે છે. ઊલટી પછી વેદના શમે છે. વેદનાને લીધે રોગી ખોરાક લેતાં બીએ છે અને પરિણામે અપૂરતા ખોરાકને લીધે તે ફિક્કો અને દૂબળો પડતો જાય છે.

હોજરી એ માંસપેશીઓની બનેલી ઘટ્ટ પોલી કોથળી છે. એમાં ખાધેલો ખોરાક એકઠો થાય છે અને ત્યાં ધીમેધીમે પાચન થયા બાદ થોડા થોડા પ્રમાણમાં આંતરડાંમાં જાય છે. હોજરીમાં ખોરાકનું પાચન કરનાર જઠર-રસ છે. એ જઠર રસમાંનું એક ઘટક હાઈડ્રોક્લોરિક ઍસિડ (મીઠાનો તેજાબ) છે. આ ઍસિડ પેપસીન નામના આથવણને સક્રિય બનાવવાનું કામ કરે છે.

જઠર-રસો એવા તો જલદ હોય છે કે આહારમાંના માંસને પણ તે ઓગાળી નાખે છે,તો પછી હોજરીની દીવાલોને એની માઠી અસરો કેમ થતી નહિ હોય? આ રસોને હોજરીમાંથી સ્રવતા શ્લેષ્મ (mucus) અને બીજા સ્રાવો શમ—'સમ' બનાવે છે. હોજરીના જે ભાગમાં આ સ્રાવોની કમી ઊભી થાય છે ત્યાં એને જઠર-રસ ખાઇ જાય છે. અને ત્યાં બને છે હોજરીનું ચાંદું (Peptic Ulcer: gastric ulcer). આ રોગમાં ખાવાથી વેદના વધે છે, જે ઊલટી કર્યા પછી શાંત પડે છે. આવું ચાંદું આંતરડાંની શરૂઆતમાં ગ્રહણીમાં પણ પડે છે. આને ડ્યૂઓડેનલ અલ્સર (duodenal ulcer) કહેવામાં આવે છે. આમાં ખાધા બાદ ત્રણચાર કલાકે વેદના ઊપડે છે. એનો દિવસ અને રાતનો સમય ચોક્કસ રહે છે, અને તે ખાવાથી મટે છે.

સોળમી સદીમાં મૃતછેદન કરતાં ડૉનબીએ સૌ પ્રથમ હોજરીના ચાંદાની સ્થિતિ જોઇ. છેક ઓગણીસમી સદીમાં ઍબરક્રૉમ્બીએ આ રોગનું સ્પષ્ટ વર્ણન કર્યું. હિંદમાં કોક જ વખત જોવામાં આવતો હોવાનું ગણાતો આ રોગ ઇ. સ. ૧૯૨૨માં સમરવેલ અને બીજાઓએ તે દક્ષિણ હિંદમાં અતિ સામાન્ય હોવાનું સાબિત કર્યું. હવે તો સ્વીકારવામાં આવ્યું છે કે જીવનના કોઇ પણ ભાગમાં દસ દસ માણસે એકને આ રોગ થઈ આવે છે. ગયા દસકાના વિશ્વયુદ્ધના દિવસોમાં જીવનનો વિષાદ અને વિગ્રહ વધવાથી દુનિયાભરમાં ઘણા લોકો એનાથી પીડાતા જોવામાં આવ્યા હતા.

વીસથી ચાળીસ—તેમાં યે ત્રીસની આસપાસ—વર્ષની વય દરમિયાન, પણ પાતળા અને ઊંચા બાંધાના શરીરમાં થઈ આવતો આ રોગ ક્વચિત વીસ વર્ષની ઉમર અગાઉ નાનાં બાળકોમાં પણ થઈ આવે છે. પુરુષોને તે વધારે થાય છે. પુરુષો અને સ્ત્રીઓમાં એનું પ્રમાણ ૪:૧નું છે. જેમ ઉમર નાની તેમ તેની શક્યતા વધારે ટકે છે. અતિ વિચારવંત અને મનની તંગ અવસ્થાવાળા બુદ્ધિજીવી ધંધાદારીઓને આ ચાંદું થાય છે, તો બીજી બાજુ અપૂરતું પોષણ પામતા અને તમતમતો ખોરાક ખાતા ગરીબોને પણ તે થઈ આવે છે. આ રોગ પ્રાણઘાતક તો નથી, પણ પીડિતને તે દૂબળો, નિર્બળ ને માંદલો બનાવી મૂકે છે. પરહેજીને કારણે તથા ઊંઘ ને મનઃશાંતિ હણનારી કારમી વેદનાને લીધે તે કાર્યકુશળતા ગુમાવે છે, જીવનમાંથી રસ ગુમાવે છે.

જઠર-રસ હોજરીની દીવાલને બે કારણોસર કોરી નાખી ચાંદું પેદા કરે છે: ૧ હાઇડ્રોક્લોરિક ઍસિડનું વધેલું પ્રમાણ, ને ૨ હોજરીની આંતરત્વચાની નબળાઈ. આ બંને બાબતો ઊભી કરનાર માનસિક વ્યથા અને વ્યગ્રતા છે. ઘણા માણસો દેખાવે શાંત અને નરમ પ્રકૃતિના હોવા છતાં અંદરખાનેથી શાંત જ્વાળામુખી જેવાં ચિંતા, ભય અને અસંતોષથી બળતા હોય છે. તેઓ કોઈની પાસે નથી કાઢતા હૈયાની વરાળ કે નથી મેળવતા મનની શાંતિ ને સ્વસ્થતા. આમ, આંતરિક દબાણનો થએલો વધારો હોજરીની ઈજાના નિમિત્તરૂપ બને છે.

હોજરીના વેગસ અને સિમ્પૅથેટિક નામના બે જ્ઞાનતંતુઓ છે. પહેલા વડે સ્રાવો સ્રવે છે ને હોજરીનું હલનચલન વધે છે. બીજાથી હોજરીનાં બે મુખદ્વારો સંકોચાએલાં રહે છે. આ બંને જ્ઞાનતંતુઓ ઊર્મિમગજના અંકુશમાં છે ને ઊર્મિમગજ મગજના કાબૂમાં છે. વિષાદ કે આવેગથી થતી ઉત્તેજનાઓ મગજ, ઊર્મિમગજ ને વેગસ દ્વારા હોજરીને અસર પહોંચાડે છે. પરિણામે હાઇડ્રોક્લોરિક ઍસિડનો સ્રાવ અને હોજરીનું હલનચલન વધી પડે છે. વિષાદ કે આવેગ શાંત પડયા છતાં યે હોજરી પરની એની અસરો લાંબા સમય સુધી, ઊંઘ દરમિયાન પણ,ચાલુ રહે છે. વધારે હલનચલનથી હોજરીની દીવાલને ઈજા પહોંચે છે. તે સ્થળે હાઇડ્રોક્લોરિક ઍસિડની ક્રિયા થવાથી ચાંદું પેદા થાય છે.

હજી હમણાં સુધી આપણી જીવનદૃષ્ટિ વેદાંતીની હતી. 'જે ગમે જગદગુરુ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો' આ તત્ત્વજ્ઞાનને પૂરેપૂરું પચાવી, આછાપાતળા જીવન સાથે મેળ મેળવી, નિરાંત અને સંતોષનું જીવન આપણે ગુજારતા હતા. પણ હમણાંની પાશ્ચાત્ય વિચારસરણીની અસરો હેઠળ જીવનવિગ્રહમાં આંધળિયાં કરી દોડચે રાખી ચિંતા, રાગદ્વેષ, નાસિપાસી અને અસંતોષથી ઘેરાઈ આપણે મનની પામરતા વહોરી લીધી છે. આના પરિણામે નીપજતા વિષાદો અને આવેગોથી હોજરી ને ગ્રહણીને સતત ચલાયમાન અને વધારે સ્રવતાં રાખી હોજરીના ચાંદાની અને અનેક વ્યાધિઓની બક્ષિશ મેળવીએ છીએ. આ છે વીસમી સદીની સંસ્કૃતિને ઓળખાવનારી વિલક્ષણ ઘટના. આ છે આજની સંસ્કૃતિની વિજયછાપ!

બીજો દોષ ખોરાકનો છે. જે લોકોના આહારમાં દૂધ, ઈંડાં, તાજાં શાકભાજી અને ફળો છે એમને પૂરતા પ્રમાણમાં પ્રોટીનો અને વિટામિનો મળતાં હોવાથી હોજરીના ચાંદાની શક્યતા નથી. પુષ્કળ પ્રમાણમાં સ્ટાર્ચ અને મરચાં-ચટણી-અથાણાંનો આહાર ચાંદું થવાના કારણરૂપ છે. આવો આહાર હોજરીમાં દાહ ઉપજાવી આંતર ત્વચાને નબળી બનાવે છે. દાહથી વધારે ઍસિડ સ્રવે છે. ઍસિડ સાથે પ્રોટી-

નો ભળે છે. પણ આવા આહારમાં એનો અભાવ કે ઊણપ હોય છે.

કઠણ ખોરાકને બરાબર ન ચાવવાથી, જીવાણુઓવાળો વાસી ખોરાક ખાવાથી, બગડેલા દાંતનું પરૂ હોજરીમાં જવાથી, કૉફી દારૂ ને તમાકુના વધારે સેવનને લીધે હોજરીની આંતરત્વચામાં દાહ નીપજવાથી લાંબા ગાળે ચાંદાની સ્થિતિ ઊભી થાય છે. આમ એક કે બધાં કારણો એકઠાં થવાથી લાંબા કે ટૂંકા ગાળામાં હોજરી કે ગ્રહણીના ચાંદાનો રોગ થઈ આવે છે. આની શરૂઆતમાં લાંબા કે ટૂંકા વખતે વેદનાના હુમલા થઈ આવે છે. પછી થોડો સમય આરામ રહે છે. પાછો હુમલો થાય છે. આમ કરતાં તે ચિરસ્થાયી (chronic) બને છે. કાં તો તે આપોઆપ રુઝાઇ જાય છે કે પાછું ઊબળે છે પણ ખરું. જો તે લોહીની નળીઓ સુધી પહોંચે તો લોહીની ઊલટી થાય છે કે ઝાડામાં લોહી આવે છે. ક્વચિત્ હોજરીનું ચાંદું કૅન્સરમાં પણ પરિણમે છે. ખોરાક અને વેદના વચ્ચે સંબંધ નથી રહેતો. ભૂખ ઓછી લાગે છે; કૉફી-રંગની ઊલટી થાય છે. આ રોગી ખાસ કરી આધેડ વયે હોય છે.

હોજરીના ચાંદાની સારવારમાં હોજરી અને આંતરડાંને આરામ આપવાનો મુખ્ય હેતુ સમાએલો છે. ચારથી છ અઠવાડિયાં સુધી સૂઈ રહેવાનો આરામ લેવો જોઇએ. ખોરાકમાં ફક્ત દૂધ, દૂધ-ભાત ને ઈંડાં લેવાવાં જોઇએ. ખટાશવાળાં ફળ, કઠોળ, તળેલો ખોરાક વગેરે લેવાની મના છે. કડક ચા, કૉફી, દારૂ અને બીડી વર્જ્ય છે. સોડા બાઈ કાર્બ, મૅગ્નેશિયમ ટ્રાયસિલિકેટ વગેરે ઍસિડને સમ કરનારી અલ્કલી દવાઓ છે. જ્યાં સુધી મનની શાંતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી રોગીને ફક્ત વેદનાથી કામચલાઉ રાહત મળે છે, કાયમી ફાયદો થતો નથી. વિષાદ અને આવેગોની અસર નીચે રુઝાએલું ચાંદું પાછું પણ ઊબળે છે. ઑપરેશનથી ચાંદું દૂર કર્યાં છતાં બીજે સ્થાને ય તે થવાની શક્યતા છે. આ વિષયના નિષ્ણાત અમેરિકાના 'મેયો ક્લિનિક'ના દાક્તર અલ્વારેઝ કહે છે કે 'ચિંતાતુર અને ઊર્મિલ રોગી માટે ઑપરેશન નકામું છે.' ઑપરેશનથી રોગ નાબૂદ થાય છે, પણ એની સંભવિતતા તો કાયમ રહે છે. ખરી રીતે તો રોગીએ પ્રથમ સંતોષ અને મનની શાંતિ પ્રાપ્ત કરવાં જોઇએ. આ વેચાતી મળતી બાબતો નથી પણ માણસે જાતે જ મેળવવાની છે. આ મેળવવાનાં બે સાધનો છે: સદ્વાચન અને સત્સંગ. (હવે પછી 'રક્તક્ષય')

પચ્ચીસી (અનુ. પૃ.૨૫થી) (૫) ઘણી વખત બંને પગમાં જરાતરા ફેર હોય છે; માટે જોડા ખરીદો તો બંને પગમાં તે પહેરીને ખાતરી કરજો.

(૬) જોડાની મજબૂતી ને સિલાઇની ખાતરી માટે વારાફરતી બંને પગ પર આખા શરીરનો ભાર આવે તેમ બીજો પગ અધ્ધર કરી ઊભા રહેજો.

(૭) જોડા રમતા પહેરજો, પણ એવા નહિ કે વખત જતાં પહોળા ફાફડા થઈ જાય. પગ રાંટા પડતા હોય તો કાળજીથી પગ સીધા મૂકી ચાલવા સિવાય બીજો કંઇ ઇલાજ નથી. જોડા ખરીદ્યા પછી તેની પૂરતી કાળજી રાખવી આવશ્યક છે. બની શકે તો બે જોડ રાખીને એકએક દિવસને આંતરે પહેરવી. આથી દરેક જોડને એક દિવસનો આરામ મળશે અને તેથી પગનો પરસેવો, પાણીમાં પલળવાથી લાગેલી ભીનાશ વગેરે સુકાઈ પાછા ત્રીજે દિવસે તૈયાર થઈ રહેશે અને જોડાનું આયુષ્ય લંબાશે. થોડાથોડા દિવસે પૉલિશ કરતા રહેવાથી ચામડું કુમાશવાળું રહે છે, તરડાઈ ફાટવાની બીક ઓછી રહે છે અને જોડાનું આયુષ્ય વધે છે.

એક ગધેડાની વાત (અનુસંધાન પૃ. ૨૧થી) તે ઠીક નથી, માટે તારા વડે આપણી જ્ઞાતિની જ છોકરી પરણાય તે યોગ્ય છે. તું કાળો હોવા છતાં, હિંદી હોવા છતાં તથા શાકાહારી હોવા છતાં પણ ગોરી ચામડીની, ખ્રિસ્તી ધર્મમાં માનનારી, ટૂંકાં વસ્ત્રો પહેરનારી તથા માંસાહાર કરનારી છોકરી સાથે લગ્ન કરે તે સર્વથા અયોગ્ય છે. તે(ચતુર ભાઇ)ના ભાઈ વડે પણ તેને અનેક રીતે સમજાવાયો, તેમ છતાં પણ તે બુદ્ધિના અભિમાનવાળો માન્યો નહિ, તથા તેના વડે તે ગોરી છોકરી સાથે લગ્ન કરાયું. ત્યાર પછી જ્યારે લગ્નના માનમાં બૉલ ડૅન્સ થઇ રહ્યા હતા, કેક કપાતું હતું તથા ટોસ્ટ લેવાતા હતા ને મચ્છીના ખાણાની પ્રશંસા થઈ રહી હતી ત્યારે અતિશય મદિરાપાન કરેલું હોવાથી લથડિયાં ખાતી તથા બીજાઓનાં અંગો ઉપર પડતી પોતાની નવવધૂ જોઈ છે જેણે એવા તે પટેલ વડે આ પ્રમાણે કહેવાયું, 'અરે!

બાપનું ન માન્યું, ભાઇનું ન માન્યું......'વગેરે

માટે કરીને હે લંબકર્ણ, તું તે ઊંટડી સાથે પરણવાનો વિચાર છોડી દે.

શ્વેતકર્ણને આ પ્રમાણે શિખામણ આપતો જોઇને પોતાનું ધાર્યું જ કરવાની ઇચ્છા રાખતો એવો તે લંબકર્ણ બોલ્યો, "હે પિતા! ગર્દભના વંશમાં જન્મેલો હોવાથી હું માણસના કરતાં વધુ બુદ્ધિશાળી છું. હે તાત! ગધેડાની જાતમાં જન્મ્યા છતાં મારા વડે ઊંટ જેવી ઊંચી જાતમાં પરણીને આંતરજાતીય લગ્નનો આદર્શ બેસાડાય તે ખરેખર ઉત્તમ જ છે. માટે કરીને હે પિતા! તમારો વિરોધ હોવા છતાં પણ હું તો તે (ઊંટડી) સાથે જ પરણવાનો!"

ત્યાર પછી અત્યંત વિરોધ હોવા છતાં પણ તે લંબકર્ણે તે ઊંટડી સાથે લગ્ન કર્યું તથા પોતાના જાતભાઇઓથી દૂર રહેવા જવાયું. ત પછી એક વેળા જ્યારે તે ગર્દભ વડે તાનમાં આવી જઇને ઉચ્ચ સ્વરે પ્રેમાલાપ થતો હતો ત્યારે તે ઊંટડી વડે કહેવાયું, "અરે! તમારી આવી કર્કશ સ્વરે આલાપ કરવાની રીત જોઇને તો મારી બીજી સખીઓ પણ મારી મશ્કરી કરે છે."

તે પરથી તે ગર્દભ વડે પણ તે(ઊંટડી)ના નૃત્યને કઢંગું કહેવાયું તથા તે ઊંટડી પણ તે સાંભળીને તેને કટુ શબ્દો કહેવા લાગી. આ સાંભળીને અતિશય ઉદ્ધત થયો છે જે, એવો તે લંબકર્ણ પોતાની ગર્દભ રીત પ્રમાણે તેને પાદપ્રહાર કરવા લાગ્યો. તેને તેમ કરતો જોઇને ઊંટડીએ પણ તેને મોં વડે પકડ્યો અને બચકાં વગેરે વડે કરીને લોહીલુહાણ કરી નાખ્યો. આ પછી ઠેકઠેકાણેથી લોહી નીકળે છે તેવો, મોટે સ્વરેથી બૂમો પાડી રહેલો, તથા પાછલા પગ ઉછાળી રહેલો એવો લંબકર્ણ તે ઊંટડીનો માર સહન નહિ થવાને લીધે દોડતો દોડતો પોતાના પિતા શ્વેતકર્ણ પાસે ગયો. 'મારું કહ્યું નહિ માનેલો તે છતાં પણ મારો (આ) પુત્ર છે' એમ માનીને શ્વેતકર્ણે તેને આશ્વાસન આપ્યું. ત્યાર પછી જ્યારે અનેક વખત બોલાવ્યા છતાં પણ તે શ્વેતકર્ણ તે ઊંટડી પાસે ગયો નહિ ત્યારે તે (ઊંટડી) પોતાની જાતના જ એવા બીજા એક ઊંટ સાથે નાસી ગઈ તથા તે શ્વેતકર્ણ પણ પોતાની જાતની જ કોઇ એક ગર્દભી સાથે પરણીને સુખી થયો.

સાર:-**કરતા હો સો કીજીએ, કભી ન પડીએ અલગ;**
માથું રહે સેવાળમાં, (ને) ઊંચા રહી જાય પગ!

ગુજરાત સાહિત્યસભા તરફની વાર્ષિક સાહિત્ય સમીક્ષા

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી કરવામાં આવતી વર્ષોવર્ષનાં લલિત તથા લલિતેતર વાઙ્મયોનાં પ્રકાશનોની સમીક્ષા કામ ૧૯૫૫ માટે પ્રો. વિજયરાય ક. વૈદ્ય(૧૫૨ કૃષ્ણનગર, ભાવનગર-સૌરાષ્ટ્ર)ને સોંપવામાં આવ્યું છે. સૌ લેખક-પ્રકાશકોને સાહિ સભાની વિનતિ છે કે તેમના તરફથી થતાં પ્રકાશનો પ્રસિદ્ધ થાય કે તરત ઉપર જણાવેલા સરનામા પ્રમાણે મોકલીને તેઓ આભારી કરાં

સત્યતંત્રની વાતો



આધુનિકજીવનપરકટાક્ષકરતી
પંચતંત્રની શૈલીની વાતો [૭]

લેખક
નવનીત સેવક

એક ગધેડાની વાત

કોઇ એક નગરમાં રામજી નામે એક કુંભાર રહેતો હતો. તેને ત્યાં શ્વેતકર્ણ નામે એક ગધેડો હતો. માર પડવાને લીધે તથા અતિશય બોજો ઊંચકવાને લીધે અત્યંત કૃશ થઈ ગએલું શરીર છે જેનું, એવો તે ગધેડો ત્યાર બાદ આ પ્રમાણે વિચારવા લાગ્યો: 'અહો! હવે આ શરીર બિલકુલ દૂબળું થઇ ગયું દેખાય છે, માટે મારા વડે કંઇક ખવાય તે યોગ્ય જ છે. કહ્યું છે કે—

શિયાળો આવતાં વૃદ્ધો 'જીવન' ખાય છે, બાળકો બદામ ખાય છે, યુવાનો ઈંડાં ખાય છે, પરંતુ ગધેડાઓને તો મેથીપાક સિવાય બીજું કંઈ જ મળતું નથી...૧

તેથી કરીને મેથીપાક ખાઇને ધરાઈ ગએલા એવા મારા વડે કંઈક અન્ય ખવાય તે જ ઇષ્ટ છે.'

તે શ્વેતકર્ણ જ્યારે આમ વિચાર કરતો હતો ત્યારે તેની બાજુમાં થઇને લઘુપુચ્છ નામે એક બીજા ગર્દભ વડે નીકળાયું. તેનું હૃષ્ટપુષ્ટ શરીર જોઇને તે શ્વેતકર્ણ વડે આમ પુછાયું: 'અહો ભાઈ! નિત્ય માર ખાવા છતાં પણ તમારું શરીર આવું સારું કેમ છે તે કૃપા કરીને મને કહો.'

તે પરથી પોતાનું પૂંછડું હલાવી રહેલો એવો તે લઘુપુચ્છ કહેતો હવો: 'હે ભાઈ! નદીના ઘાટ પર જ્યાં ધોબીઓ કપડાં ધુએ છે તેની બાજુમાં કોઇ એક પટેલની વાડી આવેલી છે. ત્યાં દરરોજ મારો માલિક છગન નામે ધોબી મને પેસાડે છે. ત્યાં ચરીને મારું શરીર આવું થયું છે.'

ત્યાર બાદ વાડીમાં જઇને ચરવાનું નક્કી કર્યું છે જેણે એવા તે શ્વેતકર્ણ નામે ગર્દભ વડે તે(લઘુપુચ્છ)ને આ પ્રમાણે પુછાયું, 'હે બંધુ! આપ તો બુદ્ધિના ભંડાર છો માટે આપને (આ) પૂછું છું. વાડીમાં જવાને લીધે કોઈ વાર પકડાતાં કશી સજા થતી નથી?'

તે પરથી લઘુપુચ્છે કહ્યું, 'હે ભાઈ! જોકે બનતાં સુધી હું પકડાતો નથી પરંતુ કોઈ વાર મસ્તીમાં આવી જતાં ગાયન ગાઈ જવાય છે જેના પરિણામે સ્વરથી વાડીનો રખેવાળ આવી ચડે છે તો થોડા દંડા ખાવાં પણ પડે છે. પરંતુ તેની શી અસર? કહ્યું છે કે—

સ્ત્રીઓને ઠપકાની અસર થતી નથી, નેતાને ગાળોની અસર થતી નથી, પ્રજાને ભાષણોની અસર થતી નથી, પાકિસ્તાનને વિરોધની ચાદીઓની અસર થતી નથી, સ્વાર્થીને અપમાનની અસર થતી નથી તથા ગધેડાઓને મારની અસર થતી નથી...૨

માટે કરીને, હે બંધુ! મારની ફિકર કર્યા વિના જ ગર્દભોએ સ્વાર્થ સાધવો જોઇએ.'

તેનાં આવાં વચન સાંભળીને અસર થઈ છે જેના પર, એવો તે શ્વેતકર્ણ નામે ગધેડો થોડાં વિદાયગીતો લલકારીને પોતાને ત્યાં આવ્યો. બીજા દિવસે જ્યારે ધોબીઘાટ પર ધોબીઓ વડે પછાડી પછાડીને કપડાં ફડાતાં હતાં, ક્યાં કપડાં ભાડે આપવાં તે વિચારાતું હતું તથા કપડાં ચોરનારાઓ વડે આમતેમ ફરાતું હતું, ત્યારે છૂટા મુકાએલા તે શ્વેતકર્ણ નામે ગર્દભ વડે વાડીમાં પેસાયું તથા ધરાઇને ચરાયું. આ પ્રમાણે મનમાનતો ખોરાક મળવાને લીધે અત્યંત આનંદમાં આવી ગએલા એવા તેને ગીત ગાવાનું મન થયું; તેમ છતાં પણ સત્યાગ્રહ કરવાની ઇચ્છાને દાબી રાખતા મહારાષ્ટ્રિયનોની જેમ તેના વડે પણ દંડાની બીકથી ગાનની ઇચ્છા દાબી રખાઈ.

ત્યાર પછી રોજ વાડીમાં પેસાતું હતું જેના વડે એવો તે શ્વેતકર્ણ નામે ગર્દભ પણ પ્રધાનપદ પામેલા નેતાની જેમ ભરાવદાર શરીરને પામ્યો. થોડા વખત બાદ વાડીમાં ચરતાં ચરતાં તેણે નદીના કિનારા પર ઊભેલી એક સુસ્વરા નામે ગર્દભીને જોઈ, અને તે સુંદર રૂંવાટીવાળી, લાંબા પૂંછડાવાળી તથા લાંબા કાનવાળી ગર્દભીને જોઇને તેના વડે તે પ્રભાવિત થઈ ગયો. આમ થવાને લીધે તે શ્વેતકર્ણ નામે ગધેડા વડે સિનેમા જોઇને નીકળેલા પ્રેક્ષકની જેમ મોટા અવાજે ગીત ગાતાં ગાતાં તે સુસ્વરા પાસે જવાયું. તે (ગધેડી) પણ આ શ્વેત શરીરવાળા, બુલંદ કંઠવાળા તથા પોતાનાં પાછલા પગ ઉછાળી રહેલા એવા શ્વેતકર્ણ નામે ગધેડાને જોઇને અત્યંત ખુશી થઈ અને આધુનિક યુવતીની જેમ ચોરીછૂપીથી તેના તરફ જોવા લાગી. આ પ્રમાણે થવાથી તે શ્વેતકર્ણ વડે પણ તેની પાસે વિવાહની માગણી મુકાઇ ને ગદર્ભવિધિથી લગ્ન કરાયું.

ત્યાર બાદ થોડો સમય વીતતાં જ્યારે ગધેડાઓની પંચાયત ભરાઈ હતી, સામસામા આક્ષેપો થતા હતા તથા તેના રદિયા અપાતા હતા, સ્વર્ગસ્થ કુટુંબીઓને સેવા બદલ અંજલિઓ અપાતી હતી, વિરોધપક્ષો તરફથી લાતાલાતી થતી હતી, કેટલાકો વડે જમીન પર આળોટાતું હતું તથા કેટલાકો વડે સ્વાગતગીતો ગવાતાં હતાં ત્યારે તે શ્વેતકર્ણ વડે આ પ્રમાણે વિચારાયું, 'અહો! આ સર્વ ગધેડાઓમાં નેતા થવાને યોગ્ય તો હું જ છું, કેમકે મારા વડે ભાષણો વિના બીજું કંઈ થતું નથી, મારું શરીર હૃષ્ટપુષ્ટ છે તથા શિખામણો અને અભિપ્રાયો મારા જેવાં કોઈ આપી શકતું નથી. બધા જ્યારે કામ કરે ત્યારે આરામ કરવાની કળા મારા વડે હસ્તગત કરાઈ છે. ગાળો અને ટીકાઓને હું ગણકારતો નથી તથા ડફણાંની મને અસર થતી નથી, તેમજ ચૂંટણીમાં થતી હારની જેમ મારને ગણકાર્યા વિના હું ચરી ખાઈ શકું છું, માટે કરીને મારા વડે સર્વ ગુણો વિનાના એવા આ ગર્દભોના નેતા થવાય તે યોગ્ય જ છે.'

આ પ્રમાણે વિચારાયું છે જેના વડે, એવો તે શ્વેતકર્ણ, ત્યાર બાદ કેટલાકોને સારી જગ્યાએ ચરવા લઇ જવાની લાલચ આપીને, ઘણાઓને લાતો વડે મારવાની બીક બતાવીને તથા અમુકોને પોતે પ્રમુખ તરીકે ચૂંટાય ત્યારે મંત્રી વગેરેની જગ્યાઓ આપવાનો લોભ બતાવીને ચૂંટણીમાં વિજયી થયો તથા પોતાના અનુયાયીઓને ઘાસ વગેરેનું જમણ આપીને માનપત્ર પામ્યો.

તે પછી થોડો સમય વીતતાં તે(ગર્દભ)ને ત્યાં એક પુત્રનો જન્મ થયો. તેથી તે સુસ્વરા નામે ગધેડી પણ તે પુત્રનું નામ લંબકર્ણ પાડીને હર્ષિત થઇ. જેમજેમ વર્ષો વીતતાં હતાં તેમતેમ તે લંબકર્ણ નામે ગર્દભપુત્ર પણ યુવાન થતો ગયો તથા કૉમ્યુનિસ્ટ નેતાઓનાં ભાષણોની જેમ તેની ઉચ્છૃંખલતાને પણ કોઇ સીમા રહી નહિ. ત્યાર બાદ સમય વીતતાં ન્યાતપટેલનો પુત્ર હોવાને લીધે, પ્રધાનોને જેમ ઉદ્ઘાટનનાં આમંત્રણો આવે તેમ તેને પણ અનેક કન્યાઓનાં માગાં આવવા લાગ્યાં, પરંતુ તે પણ લશ્કરમાં જોડાવા ના પાડતા ગુજરાતીની જેમ સર્વ માગાંઓને નકારવા લાગ્યો. તે પછી એક વેળા જ્યારે તે લંબકર્ણ

નામે ગર્દભ યુવાન પીઠ પર (ધોબીનાં) કપડાંની ગાંસડી લઇને જતો હતો ત્યારે તેના વડે કરીને, જેના પર બે માણસો બેઠેલા છે એવી, લાંબી ડોકવાળી, ઊંચા ઢેકાવાળી, ટૂંકા પૂંછડાવાળી અને સર્વાંગ હાલે તેવી ચાલવાળી એક ઊંટડી જોવામાં આવી. તેને જોઇને તેના પ્રત્યે આકર્ષાઈ ગયો છે જીવ જેનો, એવો તે લંબકર્ણ નામે ગર્દભ ઊંચા સ્વરે વિરહનાં ગીતો લલકારવા લાગ્યો તથા સામાન ફેંકી દઇને રસ્તા પર આળોટવા લાગ્યો. તેનાં તે ગીતો સાંભળીને રસ્તે જતા સર્વ મનુષ્યો તેમજ પશુઓ વગેરે સ્તબ્ધ થઈ ગયાં. ખરેખર કહ્યું છે કે—

ગુજરાતીઓ બહાદુરી માટે વખણાય છે, કોયલ રંગ માટે વખણાય છે, કૉલેજિયનો શિસ્ત માટે વખણાય છે, બાલમંદિરો સંસ્કાર માટે વખણાય છે, રેલવે નિયમિતતા માટે વખણાય છે, પાકિસ્તાન શાંતિ માટે વખણાય છે, નટીઓ રૂપ માટે વખણાય છે ને ગર્દભો ગીત માટે વખણાય છે... ૩

તેનું ગીત સાંભળીને આકર્ષાએલી એવી તે (ઊંટડી) પણ ત્યાર પછી તેને મળી. તે બાદ વખત વીતતાં તે બન્ને તે તળાવની પાળ પર, અમદાવાદી ભગતોનાં ભજનોમાં મળતાં પ્રેમીઓની જેમ એકબીજાને મળવા લાગ્યાં. થોડા સમય પછી શું કરવું તેની ચિંતામાં પડેલો એવો તે લંબકર્ણ નામે ગધેડો ધીમેધીમે દૂબળો થવા લાગ્યો. આ જોઇને તેની સુસ્વરા નામે માતા વડે આ પ્રમાણે વિચારાયું, 'અહો! વાડીમાં ચરવા મળતું હોવા છતાં, ઓછો બોજો ઊચકવો પડતો હોવા છતાં તેમજ માર બહુ નહિ પડતો હોવા છતાં (આ) બાળક દુર્બળ થતો જાય છે, માટે જરૂર તે પ્રેમમાં પડયો હોવો જોઇએ. કહેવત છે કે—

લોભમાં પડતાં સ્વાર્થી થવાય છે, ભોગમાં પડતાં રોગી થવાય છે, પંચાતમાં પડતાં કાજી થવાય છે, ઈર્ષ્યામાં પડતાં પાજી થવાય છે ને પ્રેમમાં પડતાં દૂબળા થવાય છે...૪

તે માટે મારા વડે તેને પુછાય તે ઠીક જ છે.'

આ પ્રમાણે વિચારાયું છે જેના વડે એવી તે સુસ્વરાએ (તે) લંબકર્ણને બોલાવીને પૂછતાં તેના વડે આમ કહેવાયું, 'હે માતા! તારું કહેવું સત્ય છે. મારા વડે સુગ્રીવા નામે ઊંટડીના પ્રેમમાં પડાયું છે.'

તે પરથી તે ગર્દભી વડે કહેવાયું, 'હે બેટા! તારા થકી જે થયું તે ઠીક નથી, કેમકે તું શ્વેત રંગનો હોવા છતાં, ટૂંકી ડોકવાળો હોવા છતાં તથા દાબડાવાળા પગવાળો હોવા છતાં તે ભૂખરા રંગની, લાંબી ડોકવાળી, ટૂંકી પૂંછડીવાળી, ઊંચા શરીરવાળી અને વક્ર અંગોવાળી ઊંટડીના પ્રેમમાં પડે તે અયોગ્ય છે; માટે કરીને કોઈ કોમળ કંઠવાળી ગર્દભીને તું સ્વીકારે તે જ શ્રેયસ્કર છે.'

તે સાંભળીને આંતરજાતીય લગ્ન કરવા ઇચ્છતા તે લંબકર્ણ વડે યેનકેન પ્રકારેણ ધ્યેયસાધુ રાજદ્વારીની જેમ આમરણાંત ઉપવાસ પર ઊતરવાની ધમકી અપાઈ. આ વાતની ખબર પડતાં તેનો પિતા તે શ્વેતકર્ણ નામે ગધેડો ક્રોધભર્યો આવીને તે લંબકર્ણને પાદપ્રહાર કરીને કહેવા લાગ્યો, 'રે મૂર્ખ! ગધેડાના વંશમાં જન્મેલો હોવા છતાં તું માણસના જેવો બેવકૂફ છે? શું તેં નથી સાંભળ્યું કે...

'બાપનું ન માન્યું, ભાઇનું ન માન્યું ને પોતાની મરજી પ્રમાણે કરતાં માછલાં ખાવાં પડયાં?...૫'

તે પરથી તે લંબકર્ણ વડે 'એમ કેમ?' એ પ્રમાણે પુછાતાં તે શ્વેતકર્ણ નામે ગર્દભ સરદાર વડે આમ કહેવાયું:

ચતુરભાઈ નામે પટેલની વાત

કોઈ એક વેળા ગુજરાતમાં શંકરભાઈ નામે એક પટેલ વસતો હતો. પોતાના બાપ મરતાં માથે દેવું હોવાને લીધે જમીન તથા મિલકત વેચી નાખી છે જેણે, એવો તે શંકરભાઈ ત્યાર બાદ આમ વિચારવા લાગ્યો, 'અહો! હવે મારી પાસે કંઈ જ મૂડી રહી નથી, માટે લાવ મને દેશસેવાના કામમાં પડવા દે.'

આ પ્રમાણે વિચારીને તે પટેલ ત્યાર બાદ સત્વારમાં પ્રાર્થનાનાં સૂત્રો ગાવા માંડયો, રેંટિયો કાંતવા માંડયો તથા શ્વેત વસ્ત્રો પરિધાન કરવા માંડયો. વખત વીતતાં લોકોના ઝઘડામાં લવાદ થઇને, સરકારી કામોમાં ડખલો ઊભી કરીને, અમલદારો વિરુદ્ધ અરજીઓ કરીને તથા પોતાની મીઠી જીભ વડે કરીને સેવાભાવી કાર્યકર્તા તરીકેની તે ખ્યાતિ પામ્યો. કહ્યું છે કે—

દુઃખ મેળવવાનો રસ્તો દયા છે, ભૂખ મેળવવાનો રસ્તો પ્રામાણિકતા છે, બેકારી મેળવવાનો રસ્તો ભણતર છે, મુસીબત મેળવવાનો રસ્તો પરોપકાર છે ને કીર્તિ મેળવવાનો રસ્તો સેવા છે...૬

આ પ્રમાણે જનસેવા કરતાં તેના વડે સારી એવી ધનસેવા પણ કરાઇ તથા થોડાંએક મકાનો ખરીદાયાં. ત્યારબાદ મ્યુનિસિપાલિટી વગેરેની ચૂંટણીઓમાં ઊભા રહીને તથા તેમાં જિતાઈ આવતાં લાગવગના વધારાને લઇને તે શંકરભાઈ તેની જ્ઞાતિમાં અગ્રણી લેખાવા લાગ્યો. આ પ્રમાણે થવાને લીધે તેના વડે પણ (પોતાના) ચતુરભાઈ નામે પુત્રને ભણાવીને હોશિયાર બનાવવાનો વિચાર કરાયો. ત્યાર પછી તે શંકરભાઇને પણ ન્યાતમાં આગળપડતો જોઇને તેના તે (ચતુરભાઇ નામે) પુત્ર માટે પુષ્કળ માગાં આવવા લાગ્યાં, પરંતુ ભારે રકમની પહેરામણી લેવાનો વિચાર કરાયો હતો જેના વડે, એવા તે પટેલ વડે સર્વ માગાં નકારાયાં. ત્યાર બાદ તે ચતુરભાઈ નામે પુત્ર બી.એસસી.માં પાસ થતાં જ્યારે અભિનંદનના તાર આવતા હતા, પાડોશીઓને ત્યાં શીરો પહોંચાડાતો હતો, સ્નેહીઓ વડે 'ફીસ્ટ'ની માગણી થતી હતી તથા કુટુંબીજનો વડે પરીક્ષાની મુશ્કેલીઓની વાતો ચર્ચાતી હતી ત્યારે તે શંકરભાઈ વડે વિચારાયું, 'અહો, હવે આ પુત્ર પાસ થતાં તેને મારા વડે પરદેશ મોકલાય તે જ યોગ્ય છે. કહ્યું છે કે—

પ્રધાનો શાંતિના પ્રચાર માટે પરદેશ જાય છે, ધનિકપુત્રો ધંધાના વિકાસાર્થે પરદેશગમન કરે છે, પંડિતો ધર્મપ્રચારાર્થે વિદેશયાત્રાએ નીકળે છે, પૈસાદારો હવાફેર કરવા વિદેશ જાય છે અને વિદ્યાર્થીઓ વધુ અભ્યાસાર્થે...૭

તેમજ—

રજતજયંતી ન કરે તે ફિલ્મ શા કામની? આવૃત્તિઓ ન થાય તે પુસ્તક શા કામનું? રજા ન મળે તે નોકરી શા કામની? સર્ટિફિકેટ ન મળે તે પરીક્ષા શા કામની? તથા પુત્ર પરદેશ ન મોકલાય તે લોકસેવા શા કામની?...૮

માટે મારા વડે કરીને આ પુત્રને પરદેશ મોકલાય તે જ યોગ્ય છે.'

આ પ્રમાણે વિચાર કરાયો છે જેના વડે, એવા તે શંકરભાઈ નામે પટેલથી ત્યાર બાદ કોઇ એક માલિક-મજૂરના ઝઘડામાં લવાદી સ્વીકારાઈ તથા તેમાં મળેલાં પૈસા વડે પોતાના પુત્રને પરદેશ મોકલાયો.

તે પછી અમેરિકા જવા છતાં શાકાહારી રહેલો તે ચતુરભાઇ ભણવાને બદલે કોઇ એક અમેરિકન છોકરી વડે આકર્ષાયો તથા ભણવાના બહાના હેઠળ મંગાવેલા પૈસા તેની પાછળ ખરચવા લાગ્યો. તે પછી સમય વીતતાં જ્યારે તે શંકરભાઈ પિતા તરફથી તેના વિવાહ કરવાનો પત્ર આવ્યો ત્યારે તે ચતુરભાઇએ પોતાના પ્રેમની વાત જાહેર કરી. તે પરથી પહેરામણી ખોવાના ડરથી તથા પોતાનું ધાર્યું નહિ થવાના ડરથી તે શંકરભાઈ વડે તેને આ પ્રમાણે સમજાવાયું, 'અહો મૂર્ખ! તું પટેલ હોવા છતાં અમેરિકનના પ્રેમમાં પડે છે (અનુ૦ પૃ. ૧૯મે)

૨૧. ('કુમાર' અંક ૩૮૫)

પચ્ચીસ વર્ષ પહેલાં



પોષ ૧૯૮૭
અંક ૮૫



આજથી ચારેક દાયકા ઉપર હિંદના ઇતિહાસના પોતાના તલસ્પર્શી ગ્રંથોથી સમર્થ વિદ્વાન તરીકે પંકાએલા મેજર બી. ડી. બાસુનું નામ માત્ર ભારતમાં નહિ પણ અંગ્રેજી જાણનાર પરદેશીઓમાં યે જાણીતું હતું. પરંતુ એ (શ્રી વામનદાસ વસુ) માત્ર ઇતિહાસના જ નહિ, પણ વૈદક અને વનસ્પતિવિદ્યા, આરોગ્ય ને અર્થશાસ્ત્ર, ધર્મ ને તત્ત્વજ્ઞાન, સાહિત્ય ને કળા,—એમ અનેકવિધ વિષયોના ઊંડા અભ્યાસી, મર્મજ્ઞ ને લેખક હતા. હિંદી સરકારમાંની લશ્કરી દાક્તર અને અફસર તરીકેની ઊજળી કારકિર્દી ઉપરાંત, નોકરી દરમ્યાન અને તે પછી જીવનના અંત સુધી ગાળેલા સાહિત્યજીવનમાં એમણે જ્ઞાનનાં અનેક ક્ષેત્રોમાં અખંડ વિદ્યોપાસના કરી અને એ બહોળા વાચન તથા મર્મગ્રાહી અભ્યાસના ફળરૂપ વિદ્યાની અવિરત ધારા જેવાં લખાણો ને ગ્રંથો પોતાની લેખિનીમાંથી સતત વહેવડાવ્યાં. એવા ઉદ્યમી, અભ્યાસી ને ઉપાસનામય જીવન વિષે એમના નિકટના મિત્ર અને 'મૉડર્ન રિવ્યુ'ના તંત્રી શ્રી રામાનંદ ચટ્ટોપાધ્યાયનો લખેલો પરિચય આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલો. આજે પણ એ સ્મરણીય વિભૂતિની ટૂંકી જીવનરેખામાંથી થોડા ફકરા તારવવા જેવા છે:

"બાબુ શ્યામચરણ વસુના એ સૌથી નાના પુત્ર વામનદાસનો જન્મ ૧૮૬૭ની ૨૪મી માર્ચે લાહોરમાં થએલો. બંગાળના ખુલના પરગણામાં આવેલું ટાંગ્રા-ભવાનીપુર એ બાબુ શ્યામચરણનું મૂળ વતન. રેવ. ડૉ. ઍલેક્ઝાન્ડર ડફ નામના પાદરીને હાથે તે ઉચ્ચ અંગ્રેજી શિક્ષણ પામેલા. અંગ્રેજોએ પંજાબ ખાલસા કર્યા પછી થોડે જ વખતે શ્યામચરણ બાબુ લાહોર ગએલા ને પછી ત્યાં જ કાયમી વસવાટ કર્યો. અંગ્રેજી સાહિત્યના એ સારા અભ્યાસી ને ભાષાપંડિત હતા.

૪૦ વરસની ઉંમરે ૧૮૬૦માં એમનું અકાળ અવસાન થયું તે સમયે પાંચ મહિનાના વામનદાસ પારણે ઝૂલતા હતા. સંયુક્ત પ્રાંતમાં ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજના ઉચ્ચ દરજ્જા સુધી પહોંચનાર રાય બહાદુર શ્રીશચંદ્ર વસુ વિદ્યાર્ણવ વામનદાસના મોટા ભાઈ. તે પછીની બે બહેનો, અને સૌથી નાના વામનદાસ. બે ભાઇઓ વચ્ચે છ વરસ અને ચાર દિવસનું અંતર. મરણ સમયે પિતા ઠીક ધન મૂકતા ગએલા, પણ કેટલાક કહેવાતા મિત્રોએ એ કુટુંબને પૈસેટકે પાયમાલ કરી નાખ્યું. પતિવિયોગના શોકને હૃદયમાં જ શમાવી દઇ માતા ભુવનેશ્વરીદેવીએ ચાર અનાથ સંતાનોને એકલે પંડે સનાથ બનાવવા ખૂબ મથન તથા મહેનત કરી. રહ્યુંસહ્યું ઘરેણુંગાંઠું વેચી નાખી તેમણે બાલકોનું પાલનપોષણ કરવા માંડ્યું. આ આપત્તિકાળમાં કમ્મુ નામના એક જૂના નિમકહલાલ નોકરે બહુ સહાય આપી. એક વખત સારા કુશાદે મકાનમાં રહેનાર એ કુટુંબે માસિક બાર આનાના ભાડાનું ઝૂંપડા જેવું ઘર રાખ્યું. એ ખોબા જેવડા ઘરમાં કલ્લોલતાં બાળકોને ઉછેરતી માતાએ ખરો કસોટીનો કાળ ગાળ્યો. છેવટે શ્રીશચંદ્રે મોટા થઇ મૅટ્રિક પસાર કરી અને તેને રૂા. ૧૫ની શિષ્યવૃત્તિ મળતી થઈ ત્યારે એ ગ્રોલકી જેવું ઘર ત્યજી મહિને રૂ. દોઢના ભાડાવાળા મકાનમાં એમણે વાસ કર્યો. જગતની ઘણી પ્રતિભા અને સામર્થ્યના મૂળમાં માતાના પ્રાણ અને પ્રેરણાનું સિંચન છે. ભુવનેશ્વરીદેવી શિક્ષણ તો અક્ષરજ્ઞાન જેટલું જ પામેલાં હતાં, પણ ભારે સુશીલ, અસાધારણ તર્કબુદ્ધિવાળાં અને બાળકો પ્રત્યે પોતાની ફરજ બરાબર સમજનાર ગુણિયલ ને ધર્મવૃત્તિવાળાં સન્નારી હતાં. શ્રીશબાબુ અને વામનદાસે મોટપણે જે મહત્તા મેળવી તેનાં બીજ એ આદર્શ માતાએ જ નાખેલાં.

૧૮૮૨માં મૅટ્રિક પસાર કરીને વામનદાસ લાહોરની મૅડિકલ કૉલેજમાં દાખલ થયા. ૧૮૮૮ના ઑગસ્ટમાં તે ઇંગ્લંડ ગયા અને ત્યાં S. A., M. R. C. S. અને I. M. S. ની પરીક્ષાઓ સહેલાઇથી પાસ કરી ને લશ્કરની અફસરી તાલીમ લઇ ૧૮૯૧ના જાન્યુઆરીમાં 'કિંગ્સ કમિશન'નું માન પણ મેળવ્યું. ૧૮૯૧ના એપ્રિલમાં તે મુંબાઇ પાછા ફર્યા કે તરત જ મુંબાઇ ઇલાકામાં જ સરકારે તેમની નિમણૂક કરી. ૧૬ વરસ સુધી, છેક ૧૯૦૭માં નિવૃત્ત થયા ત્યાં સુધી, એ નોકરીમાં તે રહ્યા. નોકરી દરમ્યાન ઘણોખરો ભાગ તેમણે ચાલુ લડાઇમાં—ખાસ કરીને સુદાન અને ચિત્રાલમાં—સૈનિકદળની સાથે જ ગાળેલો. સિવિલ સર્જન તરીકે તો માત્ર નોકરીના છેવટના ભાગમાં તેમણે પૂના, અહમદનગર ને બેલગામમાં કામ કરેલું, અને ત્યાંથી અંતે નરમ તબિયતને અંગે નોકરી છોડી.

બલુચિસ્તાન અને મલકંદમાં તેમણે ઉઠાવેલા અવિરત પરિશ્રમને લીધે તેમની તબિયત ભાંગી પડી અને તેમને સ્કર્વી તથા મધુપ્રમેહના રોગ લાગુ પડયા જે ૧૯૩૦ના સપ્ટેમ્બરની ૨૩મીએ જીવલેણ નીવડયા.

ઇંગ્લંડ જતાં પહેલાં અલ્હાબાદના બાબુ હરિમોહન દેનાં પુત્રી શ્રીમતી સુકુમારીદેવી સાથે તે લગ્નગાંઠથી જોડાયા હતા. ૧૮૮૯ના જુલાઈમાં શ્રીમતી સુકુમારી દેવીએ તેમના એકના એક સંતાન ને પુત્રને જન્મ આપ્યો. પણ ત્યારથી એમનું શરીર કથળ્યું ને ત્રણ વરસ સુધી ક્ષયથી પીડાયા પછી ૧૯૦૨માં તેમણે દેહ છોડયો. જીવનસહચરીના વિયોગે વિધુર વામનદાસે તે પછીનું બાકીનું આખું યે જીવન



મેજર બસુ : કિંગ્ઝ કમિશન મળ્યું ત્યારે

બહુ જ સાદું અને સાધુવૃત્તિથી ગાળ્યું.

નોકરીમાંથી નિવૃત્તિ મેળવી મેજર વસુએ કુટુંબ સાથે અલ્લાહાબાદમાં કાયમી વસવાટ કર્યો. ત્યાં પહોંચતાં જ ત્યાંના કેટલાક અગ્રણી ધંધાદારી ડૉક્ટરોએ, આવા કુશળ દાક્તર પોતાના શહેરમાં આવવાથી પોતાની કમાણી જશે એ બીકે એમને અલ્લાહાબાદમાં ડૉક્ટર તરીકે ધંધો નહિ માંડવા વિનતિ કરી. પણ સાહિત્ય-સેવા કરવાની આકાંક્ષાવાળા અને સાધુજીવન ગાળતા વામનદાસને પૈસેટકે તો સમૃદ્ધ બનવાનો લેશ પણ લોભ કે લાલસા હવે રહ્યાં નહોતાં. એમણે એ વિનતિને માન આપ્યું અને સદાને માટે ડૉકટરી ધંધો છોડયો. તેમના આ નિરધારથી દાક્તરી ધંધાને ભારે હાનિ થઈ કહેવાય; પણ બીજી બાજુએ દેશના ઈતિહાસ ને બીજા સાહિત્ય તથા વિદ્યાવિકાસના ક્ષેત્રમાં જે લાભ થયો તે અનન્ય છે.

નિવૃત્ત જીવનની એમની સાહિત્યપ્રવૃત્તિની વાત કરતાં તરત જ પહેલી અને અચૂક યાદ, એમણે જેને માટે બાકીનું જીવન અવિશ્રાંત પરિશ્રમ ખેડયો તે—અલ્લાહાબાદની પેલી વિખ્યાત 'પાણિનિ-ઑફિસ'ની આવે છે. એ બંને બાંધવની જોડી—શ્રીશચંદ્ર અને વામનદાસ—નાં નામ એ સંસ્થાના નામ સાથે ચિરકાળ અંકિત રહેશે. એ મહાન સંસ્થા વિષે વિગતવાર લખવાનું આ સ્થળ નથી, પણ અહીં એટલું બસ થશે કે એ સંસ્થાએ પ્રગટ કરેલાં પુસ્તકોમાંથી હિંદુ ધર્મ વિષયક ગ્રંથમાળાનાં ઘણાંખરાં પુસ્તકોના સંપાદક મેજર વસુ હતા; સંસ્કૃત વ્યાકરણ 'સિદ્ધાંત કૌમુદી'ના તે પોતાના મોટા ભાઈના સહ-અનુવાદક હતા; અને છેક છેલ્લી ભયંકર માંદગીને બિછાને પડયા ત્યાં સુધી, મોતિયાને લીધે આંખોનું નૂર ખોએલું છતાં, જીવનની અંતઘડી પર્યંત એ સંસ્થાની સેવા તેમણે અવિશ્રાંત પરિશ્રમ અને અનન્ય ભાવપૂર્વક એકધારી કર્યા કરી. એ બંને ભાઇઓમાં જે પરસ્પર પ્રેમભાવ, નિષ્ઠા અને ભક્તિ એ સંસ્થાના કાર્યમાં તેમજ પોતાના ખાનગી જીવનમાં ઝળકી રહ્યાં છે તે માત્ર આજે જ નહિ, પણ સદાકાળને માટે વિરલ આદર્શ સમ રહેશે.

શી અદ્ભુત એમની સ્મરણશક્તિ! ૩૦, ૪૦ કે ૫૦ વરસ પહેલાં બનેલા બનાવનાં ચોક્કસ તારીખ-વાર તે સ્મૃતિમાંથી તરત કહી આપતા અને પોતાના શોખનાં પુસ્તકોમાંના તો તે ફકરાના ફકરા ગમે તે સમયે મોઢેથી બોલી જઈ શકતા. 'મૉડર્ન રિવ્યુ' અને 'પ્રવાસી' શરૂ થયાં ત્યારથી જોકે હું તેનો તંત્રી છું છતાં જ્યારેજ્યારે તેમાંથી વર્ષો પહેલાં આવી ગએલી કોઇ વસ્તુ હું સહેલાઈથી શોધી ન શકતો ત્યારે તેની માહિતી માટે હું તરત એમને અલ્લાહાબાદ તે બાબત લખી પુછાવતો, ને વળતી જ ટપાલે મને તેની વિગતવાર ચોક્કસ માહિતી મળી જ જતી!

લંડનમાં વિદ્યાર્થીજીવન ગાળતા વામનદાસનો શૉખ જૂની ચોપડીઓની દુકાનો શોધી કાઢી ત્યાંથી સારાસારા લેખકોનાં ઉપયોગી જૂનાં પુસ્તકો અને છાપાં ખરીદીલેવાનો હતો. જ્યારે તે હિંદ પાછા ફર્યા ત્યારે એવાં ઘણાં કિંમતી પુસ્તકોનો મોટો સંગ્રહ સાથે લાવેલા. તેમાં નવી ખરીદીઓ, 'પાણિનિ-ઑફિસ'નાં પ્રકાશનોના બદલામાં મળતાં પુસ્તકો, મિત્રો તરફથી મળતી ભેટો તથા સરકારી અને ખાનગી વ્યક્તિઓ તરફથી આવતાં પુસ્તકોના ઉમેરાથી તે ઉત્તરોત્તર વધતું જઇને એવડો તો મોટો સંગ્રહ થયો કે તે હિંદભરમાં સારામાં સારાં પુસ્તકાલયોમાં ગણાય.

માત્ર જૂનાં પુસ્તકોનો જ નહિ પણ જૂનાં સામયિક પત્રોના સંગ્રહનો પણ એમને ઘણો શોખ હતો અને તેવામાંથી કાપી તથા તારવી કાઢીને એકઠી કરેલી કાપલીઓ ચોંટાડેલી અસંખ્ય ફાઇલોનો એવો ઉપયોગી સંગ્રહ એમણે કરેલો કે એ જોઈને ભલભલા પત્રકારને પણ અદેખાઈ થાય. નોકરી દરમ્યાન એક વેળા લશ્કરી છાવણીમાંના પોતાના સાથી અમલદારો અને મિત્રો પાસેથી એમણે ૨૦ મણ જેટલાં જૂનાં છાપાં ખરીદી લીધેલાં ને એમાંથી વાંચીવાંચીને કાપલીઓ તારવી કાઢેલી. એ સ્થળેથી જ્યારે એમની બદલી થઈ ત્યારે એમના સામાનમાં માત્ર એ કાપલીઓનું જ વજન અઢી મણ થએલું!

આ ઉપરાંત કળાનો પ્રેમ પણ જેવોતેવો નહોતો. વાયવ્ય સરહદના પ્રાંતોની નોકરી વેળા ત્યાંની જમીનના પેટાળમાંથી ગાંધાર શિલ્પની ઘણી કિંમતી ને દુષ્પ્રાપ્ય મૂર્તિઓ ઘણા શ્રમપૂર્વક ખોદકામ કરીને એમણે મેળવેલી. હિંદી શિલ્પના વિખ્યાત અભ્યાસી અને કલામર્મજ્ઞ વિદ્વાન શ્રી રાખાલદાસ બૅનરજીએ એ સંગ્રહ વિષે લખ્યું છે કે 'યુરોપમાં ઘણાં ખાનગી અને જાહેર પ્રદર્શનોમાં ઉત્તમ ગાંધાર



આજથી લગભગ સવાસો વરસ પહેલાંનાં ચંદ્રાવતીનાં ખંડેરો. ઇ. ૧૮૨૪ની સાલના આ ચિત્રમાંના અવશેષો, તે એ ભગ્ન નગરીના હાડનું છેલ્લું દર્શન છે. આજે તો ત્યાં મેદાન સિવાય ભાગ્યે જ કશું નજરે પડે છે.

શિલ્પને સંગ્રહ છે, પણ હિંદમાં તો માત્ર મેજર વામનદાસ વસુના ખાનગી સંગ્રહમાં જ તે જોવા મળે તેમ છે.'

વામનદાસ વસુ સાચેસાચા 'હિંદી' હતા;– 'એવા કે ભાગ્યે જ કોઇ એમના જેવા હોવાનો દાવો કરી શકે. કુળે અને જાતિએ એ બંગાળી, એમનો જન્મ અને ઉછેર પંજાબમાં, અને જિંદગીનાં ઘણાં વર્ષો મહારાષ્ટ્ર, ગુજરાત, સિંધ, બલુચિસ્તાન એમ જુદાજુદા પ્રાંતોમાં ગાળ્યા પછી નિવૃત્તિનિવાસ એમણે સંયુક્ત પ્રાંતોમાં અલ્લાહાબાદમાં લીધો. માતૃભાષા બંગાળી ઉપરાંત અરબ્બી, ફારસી, સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, ઉર્દૂ, સિંધી, પંજાબી, કાશ્મીરી, પુશ્તુ, નેપાળી, ગુજરાતી અને મરાઠી ભાષાઓ તે જાણતા અને એમાંની દરેક બોલાતી ભાષામાં સરળતાથી વાતચીત કરી શકતા! વળી તે પુશ્તુ ભાષા જાણતા હોવાથી ઘણી વાર તેમને લશ્કરી પરીક્ષાઓ કે એવા પ્રસંગે પુશ્તુ ભાષાના પરીક્ષક નીમવામાં આવતા.

એમનાં પત્નીના મરણ પછી એ જે સાત્ત્વિક સાધુજીવન ગાળતા તેનો ઉલ્લેખ ઉપર આવી ગયો. અવસાન પહેલાં ત્રણ વરસથી તે એક જ વખત ભોજન લેતા. અલબત્ત નોકરી દરમ્યાન એમને લશ્કરી પોષાક પહેરવો પડતો, પણ નિવૃત્ત થયા પછી તે માત્ર ધોતિયું, પહેરણ અને ઉપર ચાદર જ ઓઢતા. બપોરના થોડી ઊંઘ સિવાય આખો દહાડો ને રાત્રે પણ તે વાચન-લેખનમાં મશગૂલ રહેતા. વરસાદની ઋતુ કે ઉનાળાના સખત બપોર સિવાય તે આખું વર્ષ ખુલ્લામાં જ સૂતા.

ભાવિ હિંદનું એમનું સ્વપ્ન બહુ ભવ્ય હતું. એમણે જીવનભર સ્વતંત્ર હિંદ–ધાર્મિક, રાજકીય, આર્થિક અને સામાજિક, સર્વદેશીય સ્વાતંત્ર્ય પામેલા ઉન્નત અને પ્રભાવશાળી હિંદની સ્વપ્નઝંખા કર્યા જ કરી હતી. એમાંનું કોઈ પણ સ્વપ્ન ફલીભૂત થએલું જોવા એ ભલે જીવ્યા નહિ, પણ વિદેહ થએલા આત્માઓ આ જગતની પાર્થિવ ઉન્નતિને માટે જો ચિંતન કરી શકતા હશે તો એમનો આત્મા આજે જ્યાં હશે ત્યાં અવશ્ય શાંતિ પામશે.'

હવે તો સૌ જાણે છે કે 'કુમાર'માં પંખી-પ્રાણી-જંતુ વિષેની લેખમાળા 'વનવગડાનાં વાસી'ના લેખક 'વનેચર' તે શ્રી હરિનારાયણ આચાર્ય. તેઓ એ વિષય ઉપરાંત વ્યાયામ, શરીરસ્વાસ્થ્ય, પરિભ્રમણ આદિ ઉપર 'કુમાર'માં લખતા એ પણ જાણીતું છે. પરંતુ સંસ્કૃત સાહિત્ય અને તત્ત્વજ્ઞાનના અભ્યાસ ઉપરાંત તેઓ ભાષા-સાહિત્ય અને ઇતિહાસ-પુરાતત્ત્વમાં પણ ઊંડો રસ ધરાવે છે, અને તેની પ્રતીતિરૂપ જે લેખો એમણે અગાઉ 'કુમાર'માં લખેલા તેમાંનો એક 'પરમારોની કુલપ્રતિષ્ઠા–ચંદ્રાવતી' આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલો. તેનો મોટો ભાગ અહીં ઉતારવા જેવો છે.

'પેઢી પેલ પરમાર, પૃથ્વી પરમારાં તણી;
ધરાં ઊજળી ધાર, બીજે અર્બુદગઢ બેસણો.'

લોકકથા કહે છે: પરશુધારીએ ક્ષાત્રતેજનો ધ્વંસ કર્યો ત્યારે જગત્પાલનનો ભાર બ્રાહ્મણોને માથે મૂક્યો. પણ દંડ-કમંડલુધારી દ્વિજવરો એ ભાર ઝીલી શક્યા નહિ. તેથી પુરોધા વસિષ્ઠને આગળ કરી પૃથ્વીપાલક અર્થે યજ્ઞ



કાળની દાઢમા પડેલી ચંદ્રાવતીની સંમૃદ્ધિ અને ગૌરવના એકમાત્ર સ્મરણાચિહ્નરૂપ આ સ્તંભ આ લેખ લખાયો ત્યારે ઊભો હતો. કહે છે કે આજે તો તે પણ નથી રહ્યો. આ સ્તંભ પરથી જણાશે કે ચંદ્રાવતીનું શિલ્પ અને ભાસ્કર્ય મોઢેરાના સૂર્યમંદિરને મળતું છે. એ સ્તંભ મંદિરના સિંહદ્વાર સામે આવેલા તોરણનો હોય એવું અનુમાન થાય છે. આવા તોરણસ્તંભો હાલ સિદ્ધપુરમાં, વડનગરમાં અને કપડવણજમાં અખંડ છે. પરંતુ જે મંદિર કે સ્થાન સાથે તે સંબંધ ધરાવે છે તેના પાયાઓ ઉપર આજે મકાનો ને ટેકરાઓ થઈ ગયા છે. મુંબાઈમાં બાબુલનાથ મંદિરના બાંધનારા શિલ્પીઓએ આવાં જ થાંભલા ઘડીને ગુજરાતની પ્રાચીન શિલ્પકળાને આ યુગમાં યત્કિંચિત્ નમૂના રૂપે હયાત રાખી છે. (ફોટો : હરિનારાયણ આચાર્ય)

આરંભ્યો. અર્બુદાચળ એમની વેદી અને બ્રહ્મા એમના ઇષ્ટદેવ હતા. સત્રાન્તે યજ્ઞકુંડમાંથી સુવર્ણાભરણમંડિત અને અશોકનાં નવપલ્લવ જેવી દેહલતાવાળો વરપુરુષ ઉત્પન્ન થયો. લોકને ઉપદ્રવ કરનાર 'પર'=શત્રુને મારનાર નીવડ્યો, તેથી એ 'પર-માર' કહેવાયો. આબુમાં એની શાસનપ્રણાલી શરૂ થઇ. કાળાંતરે એના વંશજોએ આબુ ત્યજી તળેટીમાં દસેક ગાઉ દક્ષિણમાં ચંદ્રાવતી સ્થાપી ત્યાં પ્રજાપાલન ચલાવ્યું. ત્યાં એમનો વંશવેલો ફાલ્યો, ફૂલ્યો અને સમય જતાં વિશીર્ણ થઇ ગયો. વચ્ચે ઉજેણી ગએલા પરમારોમાંના એકે નગરઠઠ્ઠે અને ત્યાંથી ઉત્તર ગુજરાતના દાંતરપટ્ટામાં ખેરાળુની ઉત્તરે તરસંગમામાં, ને ત્યાંથી તેના વંશજોએ દાંતામાં ગાદી સ્થાપી. ઇતિહાસ એટલી સાક્ષી પૂરે છે કે અણહિલવાડમાં કુમારપાળ સાર્વભૌમ હતો તે વખતે આબુમાં યશોધવલ પરમાર રાજ કરતો હતો. તેના પુત્ર ચારુકીર્તિ, ધારાવર્ષદેવ અને પ્રલ્હાદનદેવ. ધારાવર્ષદેવનો પાટવી અને ક્રમાનુયાયી સોમસિંહદેવ ગુજરાતના રાજા ભીમનો મહામાણ્ડલિક હતો. એના વંશજોને મારી ચહુઆણો ચંદ્રાવતી બથાવી પડ્યા.

પૃથ્વી પહેલી પરમારોની! કેટલું ગૌરવ–ગર્વભર્યું વચન! અને અત્યારે? એમનાં નામનિશાને ક્યાં છે? પરમારો પહેલા: પછી ચહુઆણો. એમનાથી યે ચંદ્રાવતી ન સચવાઈ. આખરે આવ્યા મુસલમાનો. અને છેવટે? ઈંટ, રોડાં, પથ્થરના ઢગલા. અને ઘાસ કે જાળાં-ઝાંખરાંનાં જૂથ અત્યારે તો ચંદ્રાવતીની–પરમારોના ગૌરવની—સાક્ષી પૂરે છે!

ચંદ્રાવતીનું નામ કોણે નથી સાંભળ્યું? ચંદ્રાવતી ગુજરાતનું નાક. એણે તો સીમાડો સાચવ્યો. ગુજરાતની રત્નગર્ભા એ. એના રજપૂતો ને જૈનોએ ગુજરાતના ઇતિહાસમાં અનેક ખેલ ખેલ્યા હતા. ચંદ્રાવતીની સત્તા અણહિલપુર પાટણના દરબારમાં ચાલતી. ગુજરાતનો ઇતિહાસ ચંદ્રાવતીમાં ઘડાતો. અહીં ગુર્જર સામ્રાજ્યનાં સ્વપ્નાં સેવાતાં. વીરશાસનની અહિંસાવૃત્તિનો ઉપદેશ કરનારા અહીંથી ગુજરાતની સત્તાનાં હાડ ભાંગવા મથતા. પણ આજે કેવી સૂરત! આબુથી દક્ષિણમાં રેલના પાટે-પાટે પાંચેક માઈલ ચાલીએ તો ઉગમણે ગીચ ઘટામાં ઢંકાએલું ચંદ્રાવતીનું સ્થાન આવે છે.

વચ્ચે વચ્ચે ગુલમહોર, આંબા, ખાખરા કે જાંબુડાનાં ઝાડ, ફૂલના ભારે નમી જતી વેલ ને લતાનાં ઝુંડ, સૂર્યદેવનાં સાતરંગી કિરણોનાં જાળાં જેવી અસંખ્ય પતંગિયાંની પાંખોના વીજળી જેવા ઝબકારા, માથે ઝળુંબી રહેલો મેઘ, શીતળ અને જળભીના વાયુના મંદમંદ હલકારા, તળાવડી કે ખાબોચિયાંમાં તરતાં જળકુકડી ને બતક-બગલાંના કઠોર નિનાદ—આ બધું જોતા, શેવાલણના કિનારે-કિનારે ચાલીએ તો ચંદ્રાવતી પહોંચાય છે.

પણ અહીં સદેહા ચંદ્રાવતી નથી. અહીં તો સ્થળે સ્થળે ટેકરામાં કે નદીનાં નીરમાં ઢંકાએલાં એનાં હાડકાં-પાંસળાંમાં ચંદ્રાવતીને શોધવી પડે છે. પાસેના પહાડ પર દહેરી અને દહેરીના શિખર પર ચડીએ તો ત્યાંથી પશ્ચિમમાં ક્ષિતિજ સુધી પથરાએલું ચંદ્રાવતીનું કબ્રસ્તાન જોઇ શકાય છે. આ, પણે, પેલું, આવે,—એમ ગણતાં થાકી જવાય એટલા મંદિરોના ભગ્નાવશેષ, અને બધાં યે નાનીનાની ટેકરીઓ ઉપર. ક્યાંક દેવમૂર્તિના આરસખંડ, કવચિત્ નૃત્યભંગીદર્શક નારીદેહના અંગવિભાવ, કદીકદી મુખદ્વારના કાંગરા પરની હાથીની મસ્તકમાળાના થોકેથોક, વિવિધ દશાવાળાં મિથુનવિશેષ, સૌ સાક્ષી પૂરે છે કે આ સ્થળે પ્રાચીન સમયમાં અત્યંત સમૃદ્ધ નગર હતું. એના પગને પલાળતી શેવાલણ વહેતી હતી. અત્યારે પણ એના કિનારા નીરખીએ તો પાણીમાંથી ડોકિયાં કરતા ચંદ્રાવતીના કોટના ભાંગ્યાતૂટ્યા અવશેષો નજરે પડે છે. ચંદ્રાવતીનો વિસ્તાર બાર માઇલનો કહેવાતો. એની વચ્ચે સ્થળેસ્થળે જૈન અને શૈવ પ્રાસાદો હતા. એમની ઘટના આરાસણના લોકપ્રસિદ્ધ આરસમાંથી કરેલી હતી. એનાં સ્થાપત્ય અને શિલ્પ ગુજરાતની કલાસામગ્રીને સમૃદ્ધ કરતાં. એનાં વાણિજ્ય અને ક્ષાત્રતેજ ગુજરાતની જનતાનો આધાર ગણાતાં. ચંદ્રાવતીનું ગૌરવ પાટણની લક્ષ્મીનો પણ માનભંગ કરતું.

અત્યારે એમાંનું કશું જ નથી. યાદી આપવા પૂરતા પથ્થરના ઢગલા છે. ટેકરેટેકરે મંદિર અને વચ્ચે વચ્ચે તળાવો પાર વિનાનાં દેખાય છે. આ બધું જ ફરવાને, પથ્થરે પથ્થર ઉથલાવી શિલ્પના સુંદર નમૂના જોવાને કેટલા યે દિવસ થાય, કારણ કે અહીં તો ડગલે ને પગલે પગ તળે દેવપ્રતિમા ચંપાય છે. આખી ચીજમાં માત્ર એક જીર્ણ શૈવમંદિરનો તોરણસ્તંભ છે. (કહે છે કે એ પણ આજે તો નથી.) એના આરસના ઓપ નીતરી ગયા છે અને રેતી કાંકરાનાં ખરબચડાં કલેવર ડોકિયાં કરે છે. જીર્ણ અંગની વિકળતા ભલે ઉપરચોટી અલ્પજીવિતતા દેખાડે, પણ એની સુદૃઢ શિલાઓ એના ગૌરવને ઢાંક્યું રહેવા દેતી નથી.

કહે છે કે અંગાર પડતાં ગિરનાર પડ્યો. એનાં ચોસલાં ઊતરતાં રાણકનું રૂ જેવું હૃદય કપાઈ ગયું. પણ ચંદ્રાવતી પડતાં ન પડ્યો આરાવળ કે ન પડ્યો આરાસણ. બે ય નગણા નીકળ્યા. અહીં સામ્રાજ્યનો રાજમાર્ગ. ગુજરાતના ગૌરવને વધારનારા પરદેશખેડુ આ જ ધોરીમાર્ગે નીકળ્યા. ગુજરાતની લક્ષ્મી લૂંટનારા પણ આ જ રસ્તે આવ્યા ને ગયા. ગુજરાતની ચડતીપડતીનો આ ખેબરઘાટ. ચંદ્રાવતીની સુંવાળી કાયા કચડાતાં કોણ જાણે કેમ કઠણ કાળજા'ળા આરાવળના આંસુ નહિ ખર્યાં હોય?

અહીંથી પાલણપુર, પ્રહ્લાદનો કીર્તિમંડપ પચ્ચીસ ગાઉ. એ ય લૂંટાયો, ગુજરાતના ગૌરવની સાથે. પાટણ ગયું, વડનગર ગયું, ગઈ પરમારો ભેગી જૈનોની યે કુલપ્રતિષ્ઠા. બંને રંડાણાં, ચંદ્રાવતી રોળાતાં. એના પથરા યે અત્યારે તો નામનિશાનવિહોણા નીકળ્યા.

પણ એમાં શું? ચંદ્રાવતી તો ગૌરવની મૂર્તિ હતી. એના ખોળે કોમળ કાયાવાળી રજપૂત જૈન લલનાઓ વિહરેલી. એમની કૂખે ધાવેલા રજપૂતને જૈન વીરોનાં ખમીરથી ગુજરાતનો સૂરજ સોળે કળાએ તપતો. એમનાં પ્રભાવભીનાં લોચનથી ગુજરાતમાં હમેશાં મળસકું રહેતું. ચંદ્રાવતી મૂળ મળી તે પ્રકૃતિના પાપે. એની જોડે ઊભું રહે એવું કોણ હતું કે ચંદ્રાવતીથી જિવાય? પરમારો ગયા, સોલંકી ગયા. પડતાં પડતાં પાટણે જીવવાની આશે નવું પાટણ ઊભું કર્યું; પણ સોલંકી પાછા આવ્યા? ચંદ્રાવતીને એમ જીવવું અકારું લાગ્યું. કુલ જતાં કુલપ્રતિષ્ઠા પણ ચિતામાં પડી.

એના પથ્થરો યે અત્યારે તો વેચાય છે કે ધૂળમાં દબાય છે. ભલું થજો રેલવે કંપનીનું કે એના પથ્થરમાંથી શેવાલણનો પુલ બાંધ્યો. એ ચંદ્રાવતીનો સ્મરણસ્તંભ. એના પાયામાં ચંદ્રાવતીનું નામસ્મરણ સદા ઊભું રહેશે!"

આને છેલ્લે એ અંકની 'માધુકરી'માંના એક ફકરા: 'પગરખાં પહેરતાં પહેલાં–'માંથી થોડું:

"પગરખાં પહેરતાં પહેલાં આટલું ધ્યાનમાં રાખજો કે પગના રક્ષણ માટે તમે તે પહેરો છો, નહિ કે શોખને માટે. તો પછી નીચે આપેલાં સૂચનોથી ફાયદો થશે.

(૧) કદી ચપોચપ જોડા પહેરતા નહિ. કેમકે તેથી લોહી છેક આંગળાં સુધી સરળતાથી ફરી શકતું ન હોવાથી પગ બેડોળ બની જાય છે. દોરીવાળા બૂટની બહુ સખત દોરી ન બાંધતા.

(૨) પગનો પંજો આંગળાં કે એડી સંકોચાય નહિ તેવાં રમતાં પગરખાં પહેરજો.

(૩) જોડાની અંદરનું તળિયું બરોબર સપાટ, એડી બેઠાઘાટની ને પહોળી પસંદ કરજો.

(૪) પગને બંધબેસતા જોડા પસંદ કરજો; જોડાને બંધબેસતા તમારા પગને કરશો નહિ.

(અનુસંધાન પાછળ પૃષ્ઠ ૧૯મે)

ભારતીય કૃષિવિષયક સંશોધન-સંસ્થા

[આપણી વિજ્ઞાનસંસ્થાઓ-૧૮]



ઈન્ડિયન ઍગ્રિકલ્ચરલ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ


આપણો દેશ ખેતીપ્રધાન છે. વસતિનો મોટો ભાગ ખેતી પર નભે છે.છતાં ખેતી લાભદાયી થતી નથી. આપણે ત્યાં પ્રચલિત ખેતીની રીતો જૂની-પુરાણી છે. આ પરિસ્થિતિમાં સુધારણા કરવા આજથી અર્ધી સદી પૂર્વે સરકારનું ધ્યાન ખેંચાયું હતું ને ખેતીના પાકમાં વધારો કરવા વૈજ્ઞાનિક સંશોધનનો લાભ મળે એ અર્થે હેનરી ફિપ્સ નામના અમેરિકનનું ત્રીસ હજાર પાઉન્ડનું દાન સ્વીકાર્યું હતું. પરિણામે ૧૯૦૫માં દરભંગા જિલ્લાના પુસા ગામે ઇમ્પીરિયલ ઍગ્રિકલ્ચરલ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ સ્થપાયું. બટલર, લેફ્રૉય ને ફ્લેચર જેવા સુવિખ્યાત વૈજ્ઞાનિકોનો લાભ તેને મળ્યો છે.

પુસા ઇન્સ્ટીટ્યૂટની સિદ્ધિઓમાં (૧) પુષ્કળ પાક સાથે સારી જાતનું અનાજ,ઉત્તમ રેસા કે વિશેષ તેલ-પ્રમાણ આપતાં તથા જીવાત ને ફૂગી રોગો સામે ટક્કર ઝીલી શકે એવા મોલો તૈયાર કરવામાં સફળતા મળી છે; પુસાના ઘઉંની જાત જાણીતી છે; (૨) સંસ્થાના પેટામથક કોઇમ્બતુરમાં તૈયાર કરવામાં આવેલી શેરડીની જાત 'કૉઇમ્બતુર કેઈન્સ' જગતભરમાં ખ્યાતિ પામી છે; (૩) શાહીવાલ અને થરપારકર જાતનાં ઢોર વ્યવસ્થિત સંકરના પ્રયોગો વડે પેદા કરી આપ્યાં છે; (૪)ખાતર તરીકે એની ગુણવત્તાને હાનિ પહોંચાડયા વિના છાણમાંથી બળતણ તરીકે ઉપયોગી ગૅસ કાઢવાની રીતના એક સાદા યંત્રની યોજના સફળ પાર ઉતારી છે; (૫) પાકને લાગતી જીવાતનું નિયંત્રણ વગેરે કાર્યોમાં સંશોધન દ્વારા પાકને ફાયદો થાય એવી પદ્ધતિઓ યોજી છે. ઉપરાંત, વિવિધ પાકોની સંખ્યાબંધ જાતો ભેગી કરવામાં આવે છે અને પાક ઉછેરનાર પોતાની મનપસંદ જાત લઈ શકે એ માટે તેમને એક સંગ્રહાલયમાં જાળવવામાં આવે છે. પાકને લાગતી જીવાત અને ફૂગના નમૂનાઓનો પણ એક સંગ્રહ કરવામાં આવ્યો છે.


૧૯૩૩માં બિહારના પ્રચંડ ભૂકંપ વખતે સંસ્થાને ખૂબ નુકસાન થયું, એટલે સરકારે તેને નવી દિલ્હી ખાતે ફેરવી. આજે સંસ્થામાં નીચે મુજબ છ મુખ્ય વિભાગોમાં કામ ચાલે છે: (૧) પશુપાલન વિભાગ (૨) વનસ્પતિશાસ્ત્ર વિભાગ (૩) જમીન અને ખેતીવિષયક રસાયણ વિભાગ (૪) ખેતીવિષયક ઇજનેરી વિભાગ (૫) વનસ્પતિવિષયક કીટક વિભાગ અને (૬) વનસ્પતિને લાગતી ફૂગ તથા રોગ વિભાગ.

પશુપાલન વિભાગમાં ઢોરની ઓલાદ સુધારવા પર ધ્યાન આપવામાં આવે છે. ઉપરાંત ઘાસચારાની વૃદ્ધિ, નવી જાતના ખાણની રચના વગેરે અંગે પ્રયોગો કરવામાં આવે છે. ઇજિપ્તથી લાવવામાં આવેલું બરસીમ એકર દીઠ સરેરાશ ૫૫૦ મણ જેટલું ઊતરે છે.

વનસ્પતિ-વિજ્ઞાન વિભાગમાં પાકની નવી જાતો અંગે કામ ચાલે છે, જેથી ખેડૂતને પોતાની મહેનતનો પૂરો બદલો મળી શકે. દાખલા તરીકે એન. પી. ૭૦૦ નામની ઘઉંની એક જાત એવી છે કે તે ગેરૂ અને બીજા રોગો સામે ટક્કર ઝીલી શકે છે.ટેકરાળ અને ઊંચાણવાળા પ્રદેશો માટે એન. પી. ૭૭૦ ઘઉંની જાત અનુકૂળ નીવડી છે. એન. પી. ૭૧૮ અને ૭૬૧ ઘઉંની જાત પ્રમાણમાં વહેલી પાકે છે. ઉપરાંત મોલાતના ઉછેર અને ફળાઉ ગુણવત્તા અંગે વિવિધ અખતરાઓ ચાલે છે. જમીન વિભાગમાં જમીનની જુદીજુદી જાતો અંગે માહિતી અને તેની સુધારણા અર્થે ઇલાજો પર સંશોધન ચાલે છે. ભારતનો ભૂમિવિષયક નકશો પણ તૈયાર કરવામાં આવ્યો છે. રેડિયો ઍક્ટિવ આઇસોટોપને ઉપ-



ઇન્સ્ટીટ્યૂટની ગાય 'તાંમિલી', જેણે ૮ વેતરમાં ૮૦,૦૦૦ રતલ દૂધ દીધું.



↑છાણમાંથી ગૅસ ઉત્પન્ન કરનારું ઇન્સ્ટીટ્યૂટનું મોટું કારખાનું


ચિત્રોમાં રહસ્યકથા [૧] બૅંક ઉપરનો ચેક



કાન્તિલાલ માણેકચંદ નામના એક ખાતેદારનો બૅંકના મૅનેજર પર ફોન આવ્યો કે પોતે સુંદરલાલ હીરાલાલ નામના પોતાના એક મિત્રને પાંચ હજારનો બેરરનો ચેક આપી મોકલે છે, તેનો અવેજ પોતાના ખાતામાંથી આપી દેવો.



કલાકેક પછી સુંદરલાલ આવતાં મૅનેજરે તેને પૃચ્છા કરી. જવાબમાં તેણે ચેક આપતાં કહ્યું, 'આજે જ અમારે એક સોદાની પતાવટ થતાં એમણે આ ચેક લખી આપ્યો છે ને મારા દેખતાં જ ફોન કરી આપને એ બાબત જણાવ્યું છે.'



મૅનેજરે ચેક લઇને જોયો તો જરૂરી બધી વિગતો તેમાં બરાબર ભરેલી હતી. ચેક ક્રૉસ કરેલો નહિ હોવાથી એનાં નાણાં સુંદરલાલને રોકડાં આપવાનાં હતાં. નીચે કાંતિલાલની ને પાછળ સુંદરલાલની સહીઓ યે બરાબર હતી.



'ચેક તો બરોબર લાગે છે.' મૅનેજરે સુંદરલાલને કહ્યું. અને પછી ઊભા થઈ બહાર જતાં બોલ્યા, 'પણ આપને વાંધો ન હોય તો થોડી વાર બેસશો? હું જરા કાન્તિલાલનું ખાતું જોવડાવી લઉં; બહુ વાર નહિ થાય.'



બહાર આવી મૅનેજરે કાન્તિલાલને ત્યાં ફોન કરતાં જણાયું કે તે તો બહારગામ ગયા છે. એટલે તરત તેણે ઇન્સ્પેક્ટર દીક્ષિતને ફોન કરી કહ્યું કે, 'આમ તો ચેક બરાબર લાગે છે. છતાં મને પૂરી શંકા છે. આપ જરા આવી જશો?'



અને ઇન્સ્પેકર દીક્ષિતે ઑફિસમાં પેસતાં જ સુંદરલાલને એક જાણીતા ઠગ ને ખોટી સહી કરવાના ઉસ્તાદ તરીકે ઓળખી કાઢતાં કહ્યું, 'ઓહો, આપ છો? પણ આ વખતે આ મૅનેજર સાહેબને છેતરવામાં આપ સફળ ન થયા!'

મૅનેજરને સુંદરલાલ પર શાં કારણોથી શંકા ગઇ? ઉપરનાં ચિત્રો અને વાર્તામાં એ કારણો આવી જાય છે. તમે એ ખોળી શકશો? (જવાબ નીચે જુઓ)

યોગમાં લઈ જમીનની કસ-ચકાસણી વગેરે સંશોધન પણ ચાલે છે.

કીટકવિભાગમાં પૂર્વના દેશોમાં સર્વોત્તમ અને સૌથી મોટો કીટકસંગ્રહ છે. પાકને નુકસાન કરતા કીટકો અને તેમને કાબૂમાં લેવાના ઉપાયો અંગે સંશોધન ચાલે છે. ખેતીવિષયક ઇજનેરી વિભાગમાં ખેતીનાં ઓજારો, તેની સર્વે, ઉપયોગિતા ઇત્યાદિ અંગે કાર્ય ચાલે છે. યોગ્ય સુધારણા કરી નવાં ઓજારો તૈયાર કરવામાં આવે છે. તાજેતરમાં આ સંસ્થાએ દિલ્હી આસપાસનાં ગામડાંઓના ખેડૂતોને તેમનાં ખેતરોમાં જ ખેતીસંબંધી દાર્શનિક પ્રયોગો કરી બતાવવાનું શરૂ કર્યું છે.

આ સંસ્થા સંશોધનકાર્ય ઉપરાંત વિદ્યાર્થીઓને કૃષિવિજ્ઞાનમાં અનુસ્નાતક-તાલીમ પણ આપે છે. સંસ્થાનું પુસ્તકાલય એશિયાભરમાં સર્વોત્તમ ગણાય છે. ત્યાં હજાર ઉપરાંત વિવિધ સામયિકો આવે છે.

આ સંસ્થાએ ગયા એપ્રિલ માસમાં પોતાનો સુવર્ણ-મહોત્સવ ઊજવેલો. તેમાં ભાગ લેવા વિદેશોમાંથી સંખ્યાબંધ સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિકો આવ્યા હતા. 'કિસાન-દિન'માં ભાગ લેવા દેશભરમાંથી સંખ્યાબંધ ખેડૂતો ભેગા થયા હતા. આપણા દેશની ખેતીની પ્રગતિમાં આ સંસ્થા હજી વધુ મહત્તાપૂર્ણ ફાળો આપે એમ ઇચ્છી વિરમીએ. —ન. સૂ. શાહ

રહસ્યકથાનો ખુલાસો : સુંદરલાલે વાતમાં કહ્યું હતું કે ચેક લખીને તુરત કાન્તિલાલે ફોન કર્યો હતો, જ્યારે ચેક પર તો આગલા દિવસની તારીખ હતી (જુઓ ચેકની તારીખ તથા ચિત્ર નં. ૧માં કૅલેન્ડર). વળી આગલે દિવસે રવિવાર હોવાની વાત પણ ચેક લખતી વેળા કાન્તિલાલ જેવો વેપારી ભૂલી જાય એ બનવાજોગ નહોતું. અને ફરી ફોન કરતાં કાન્તિલાલ બહારગામ ગયાનું જણાતાં મૅનેજરની શંકા પાકી થઇ ગઈ.

પુસ્તક પરિચય

વિચારપુષ્પોની સૌરભ

વિચારપ્રેરક સાહિત્ય આપણે ત્યાં લખાય છે જ ઘણું ઓછું; અને વંચાય તથા વેચાય છે તો તેથી પણ ઓછું. એ બંને ઓછપોને દૂર કરવાના જે પ્રશસ્ય પ્રયત્નો થાય છે તેમાં નોંધપાત્ર ગણાય એવાં બે પ્રકાશનો મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી–'ચિત્રભાનુ'–તરફથી મળ્યાં છે. પહેલા 'સૌરભ'માં, જીવનના બાગમાં વિચારપુષ્પોની બહાર લાવે તેવાં, સુંદર પદ્યના નમૂના જેવાં રસાળ ને મૌલિક ગદ્યમૌક્તિકોનો સંગ્રહ છે, અને બીજા 'બિંદુમાં સિંધુ'માં અંતસ્તલને જગાડી જતી મહાપુરુષોની પ્રેરક કથાઓનો સમૂહ છે. 'સૌરભ'ની બીજી વિશેષતા એ છે કે તેમાં પૃષ્ઠે પૃષ્ઠે લેખકની રૂપમાઓને પ્રત્યક્ષ કરી આપે તેવાં પ્રતીકાત્મક નાનાં ચિત્રપદકો મૂકયાં છે. પુસ્તક સુઘડ છપાઇ, ચારરંગી ઉપરણા અને પાકી બાંધણીમાં છે. એની વાનગી રૂપ ત્રણ ચિત્રો સાથેનાં થોડાં વિચારપુષ્પો આ અંકમાં અન્યત્ર આપ્યાં છે. બંનેના પ્રકાશક ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ; કિંમત અનુક્રમે રૂ. ૧-૮-૦ અને ૦-૮-૦.

શ્રી ગોવર્ધનરામ શતાબ્દી સ્મારકગ્રંથ

સ્વ. સાક્ષરરત્ન શ્રી ગોવર્ધનરામ માં. ત્રિપાઠીની જન્મ શતાબ્દી નિમિત્તે બહાર પાડવામાં આવેલા આ સ્મારકગ્રંથના બે ભાગ પૈકી પહેલામાં ગોવર્ધનરામને અંજલિ અર્પતાં જુદાજુદા કવિઓનાં કાવ્યો તથા ગોવર્ધનરામનો પોતાનો અપ્રકટ ચિંતનસમૃદ્ધ લેખ 'અધ્યાત્મજીવન અથવા અમરજીવનનો શ્રુતિબોધ' સંગૃહીત કર્યો છે, અને બીજામાં જુદાજુદા વિદ્વાનો તેમજ અભ્યાસીઓના ગોવર્ધનરામનાં જીવન ને સાહિત્ય વિષેના મનનીય લેખો આપ્યા છે. ઉપરાંત ગોવર્ધનરામની જુદીજુદી અવસ્થાઓની, તેમનાં આપ્તજનોની તથા તેમના સંસ્કૃત તેમજ ગુજરાતી હસ્તાક્ષરોની તસવીરોનો પણ ગ્રંથમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

સ્વર્ગસ્થની મહત્ત્વની ચિંતન-કૃતિ 'અધ્યાત્મજીવન' આ ગ્રંથમાં સમાવી લેવામાં આવી છે તે ઘણું ઉચિત બન્યું છે, કારણ કે તેમના જીવનના પ્રેરણાસ્રોત અધ્યાત્મ વિષે આપણે બહુ ઓછું જાણીએ છીએ અને અહીં તેમની જ કલમ દ્વારા તેનો સઘન સંપૂર્ણ પરિચય આપણને સાંપડે છે. ગ્રંથના સ્વરૂપના ઉઠાવ અને છપાઇની સુઘડતા પાછળ વધુ કાળજી લેવાઇ હોત તો ગ્રંથના આકર્ષણનું તે વિશેષ અંગ બની રહેત. પ્રકાશક: શ્રી ગોવર્ધનરામ શતાબ્દી મહોત્સવ સમિતિ, નડિયાદ.

Britain (An Official Handbook)

દરિયાપારના દેશોના વાચકોને માટે બ્રિટન વિષે માહિતીસમૃદ્ધ અને આધારભૂત આ અંગ્રેજી પુસ્તક એક સંદર્ભ ગ્રંથ (રેફરન્સ બુક) તરીકે સંપૂર્ણ છે, એમ કહેવામાં અત્યુક્તિ નથી. રાજ્યતંત્રથી માંડી રાષ્ટ્રીય અર્થસંપત્તિ, ઉદ્યોગ, વાહનવ્યવહાર, ધર્મ, વિજ્ઞાન, કલા અને છેક આકાશવાણી તથા ટેલિવિઝન સુધીની તલસ્પર્શી ને સર્વગ્રાહી માહિતી એમાં ઠાંસીઠાંસીને ભરી છે.

પુસ્તકમાં દરેક વિષયને વિભાગવાર વિભાજિત કર્યો છે. પણ તે તે વિભાગને આનુષંગિક વિગતો પૂરી પાડી દઈ વિષયને ઉપરછલ્લો પૂરો નથી કરી દેવામાં આવ્યો. પરંતુ દરેક વિભાગને કયાંકકયાંક તો પાનાંઓ સુધી પથરાએલા પેટા વિભાગો પણ આપ્યા છે, જેનો એકેકો ફકરો બ્રિટન માટેની નક્કર અને સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં સફળ નીવડયો છે. વળી, ઇગ્લંડ-વેલ્સ તથા સ્કૉટલંડ–આયર્લૅન્ડના બે રંગીન મોટા નકશા ત્યાંનાં મહત્ત્વનાં શહેરેશહેર અને સ્થળેસ્થળનો અત્યંત ઝીણવટપૂર્વક પરિચય કરાવી રહે છે; તે સિવાય હવાઇમાર્ગો, નવાં શહેર, રાષ્ટ્રીય ઉદ્યાનો આદિની મહત્ત્વની સઘળી જ વિગતો સાંકળી લેતા ઉઠાવદાર અન્ય નકશાઓ અને વિષયને અતિ વિશદ બનાવી દેતા સ્ફોટક કોઠાઓ તો જુદા. ઉપરાંત બ્રિટનની વિધવિધ માહિતી-પ્રવૃત્તિઓનું સુરેખ પ્રતિબિંબ પાડતા બત્રીસેક જેટલા ફોટોગ્રાફો તો પહેલી નજરે જ પુસ્તક કેટલું હકીકતપૂર્ણ હશે તેનો આછેરો ખયાલ આપી દે છે. ૪૩૮ પૃષ્ઠોમાં પથરાએલા, બ્રિટન વિષેના આ આધારગ્રંથનું મૂલ્ય માત્ર રૂા. ૪–૮–૦ છે. આ પુસ્તક અને 'હર મૅજેસ્ટીઝ સ્ટેશનરી ઑફિસ(લંડન)'નાં અન્ય પ્રકાશનો મેળવવાનું સ્થળ : British Information Services, Eastern House, Mansingh Road, New Delhi-2.

મ. સ. યુનિવર્સિટી(વડોદરા)નાં પ્રકાશનો

શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી: વૈષ્ણવસંપ્રદાયના સ્થાપક શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીનું આ ચરિત્ર તત્કાલીન ઇતિહાસ, સમાજ અને સંપ્રદાયના ત્રેવડા સંશોધનરૂપ બહાર આવે છે. કોઈ પણ સંપ્રદાય-પ્રણાલી અત્યારે જેવી સંકુલ લાગે છે તેવું તેનું હાર્દ વાસ્તવમાં હોતું નથી. તેના બાહ્યાચાર પ્રત્યે જ ઝોક અપાવાથી બંધાઈ જતી આ માન્યતા સ્વાભાવિક ને સાહજિક પણ છે. પરંતુ તેથી નુકસાન એ થયું છે કે આપણા ઉદાત્ત–ભવ્ય સંસ્કૃતિ-વારસાના અર્કની આપણે માટે ઘૂંટવામાં આવેલી ગળથૂથી આપણે પામી શકતા નથી. પરિણામે તે તે ધર્મની તત્ત્વસમૃદ્ધિથી આપણે અળગા પડી જઇએ છીએ.

શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીનાં તેજસ્વંતાં પ્રખર વિદ્વત્તા અને પાંડિત્ય, તેમજ સૌથી વિશેષ તો તેમનું સાત્ત્વિક તપોમય ઉન્નત જીવન, જીવન જીવવાના સૌથી વધુ પ્રેરક દૃષ્ટાંત સમું છે. આપણા વિદ્વાન સંશોધક ને ભાષાશાસ્ત્રી શ્રી કેશવરામ કા. શાસ્ત્રીએ ગુજરાતને આપેલા આ પુસ્તકે આપણાં પ્રાચીન ઐતિહ્યમૂલક ચરિત્રોમાં એક ગણનાપાત્ર ઉમેરો તો કર્યો જ છે, ઉપરાંત તેમણે આપણા મોંઘા વારસારૂપ આપણી પ્રાચીન જ્ઞાનસમૃદ્ધિના એક પ્રકરણને યે સાથોસાથ વિગતથી આલેખ્યું છે તે તેનું વિશિષ્ટ મહત્ત્વ છે. કિંમત : રૂા. ૬-૬-૦

પ્રાચીન ફાગુસંગ્રહ

જૂના ગુજરાતી સાહિત્યના અનેક પ્રકારો—પદ, આખ્યાન, રાસ, વારતા આદિની જેમ વસંતવર્ણનને નિરૂપતા 'ફાગુ' પણ તેનો એક મુખ્ય ને રસપ્રદ સાહિત્યપ્રકાર છે. એવાં ફાગુકાવ્યોનો આ સંગ્રહ, પ્રાચીન ગુજરાતી સાહિત્યનો ખાસ તલસ્પર્શી પરિચય કરાવવા માટે યોજેલી મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય (વડોદરા) સંચાલિત 'પ્રાચીન ગુર્જર ગ્રંથમાલા'નો ત્રીજો ગ્રંથ છે.

આપણા ઉમરે નાના પણ શક્તિએ સમર્થ સંશોધક શ્રી ભોગીલાલ જ. સાંડેસરાએ આ ગ્રંથમાં વિક્રમના ચૌદમાથી અઢારમા સૈકા સુધી રચાએલાં ફાગુકાવ્યો પૈકી આડત્રીસ પ્રતિનિધિ-કાવ્યો અહીં એકત્રિત ક્યાં છે. સાથે કૃતિપરિચય અને પ્રતિપરિચય, ફાગુવિષયક અભ્યાસલેખ તથા શબ્દકોશ પણ આપીને તેમણે વિષયને વધુ ગ્રાહ્ય અને વિશદ સ્વરૂપ આપ્યું છે. પ્રાચીન ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓ અને રસિકોને આ પુસ્તક અવશ્ય ઉપયોગી અને પ્રેરક થઇ પડશે. કિંમત રૂા. ૮–૦–૦.

શાકભાજીની વાડી

ગ્રામજીવનના ઉત્કર્ષ માટે સાદી ભાષામાં લખાએલી, ગામડાંના પ્રશ્નોની છણાવટ કરતી શ્રી સયાજી ગ્રામવિકાસમાળાનું આ ૨૧મું પુસ્તક છે. નાનામોટા સહુને માટે સરળ અને (અનુસંધાન પૃ. ૩૭મે)

અનુસંધાન] **ત્રીસ સાલ બાદ** [પૃષ્ઠ ૧૫થી

'મોતનું શું કહેવું? કોઇ કોઇને નવા મુલકમાં એવા રોગ થઈ જાય છે કે જાન લીધે જ છોડે. નોકરી તો ફોજની બહેતર, કે ખૂન થયું હોય તો ય લાશ હાથ આવે. સ્ટીમર પર એક શું એકત્રીસ માણસો લા-પતા થઈ જાય પણ શી ખબર પડે કયાં ગયા?' અને એકાએક ચાચાએ કાસમની આંખોમાં જોતાં કહ્યું, 'મને તો લાગ્યા કરે છે કે અબ્દુલનું ખૂન થયું છે–સ્ટીમર પર!'

કાસમે અસ્વસ્થતાથી નજર ફેરવી લીધી. યાકુબ શૂન્યમનસ્ક બેઠો હતો. સુલેમાન ચાચાની આંખોમાં એકાએક ગમગીન ઓટ આવી ગઇ.

'નહિ, નહિ—ખૂન એવાં સસ્તાં થોડાં જ હોય છે?...ચાચા, અમારામાં એક કહેવત છે કે જહાજમાં ખૂન થાય છે ત્યારે છરીની ધાર ખૂનીનું નામ પોકારી ઊઠે છે!' કાસમના અવાજમાં ભીનાશ આવી ગઈ.

'કાસમ મિયાં, ખૂન શું પકડાય? એક કિસ્સો છે. ત્રીસ વરસ થઈ ગયાં એ વાતને. મારા બાપ મરવા પડયા ત્યારે મને બોલાવ્યો. હું એ વખતે એક જ્યૂટ કંપનીની લૉંચમાં કામ કરું. કિનારાની સર્વિસ—કલકત્તા અને ચટગાંવ વચ્ચે. મને કહે, બેટા, એક વાત યાદ રાખજે. બડા જહાજમાં નોકરી કરવી નહિ. મેં પૂછ્યું, કેમ?

મરતાં મરતાં અબ્બાએ કિસ્સો સંભળાવ્યો. કહેવા માંડયા: સુલેમાન, પહેલાં હું એક ફિરંગી વહાણમાં બટલરનું કામ કરતો હતો. બધા ફિરંગી અફસરોને મારા પર પ્યાર હતો. મારી સાથે શેખ યુસુફ નામનો એક જવાન અરબ કામ કરે. એક વખત વહાણ એડનના કિનારાથી બે દિવસ દૂર હતું ત્યારે અમારા માલિક ઍન્ટોનિયોની ચોરી થઈ ગઈ. મને એકાએક ખબર પડી ગઈ. મેં માલિકને બાતમી આપી. રાતે શેખ યુસુફ પાસેથી મુદ્દામાલ મળી ગયો. જમાનો હતો સિતમગીરીનો. મોડી રાતે અમે શેખ યુસુફને એક વજનદાર લંગર સાથે બાંધીને દરિયામાં ફેંકી દીધો.

ત્યારથી અબ્બાને જહાજી નોકરી પર નફરત આવી ગઈ. અમને સૌને મના ફરમાવતા ગયા. અને મેં જિંદગીભર સ્ટીમરમાં કામ કર્યું નથી.'

થોડી વાર શાંતિ વ્યાપી રહી. એક ઠંડો શ્વાસ લઇ ચાચાએ ઉમેર્યું, 'અબ્બા ઠીક કહેતા હતા—જહાજની જિંદગીનો શો ભરોસો!'

'એ ફિરંગી જહાજનું નામ તમને ખબર છે, ચાચા?' કાસમે પૂછયું.

'અબ્બા કહેતા હતા એનું નામ હતું 'હોસે નાવારાસ'.'

કાસમના શરીરમાંથી ઝિલમિલતા ચિરાગની જેમ એક ધ્રુજારી પસાર થઈ ગઈ. એણે ત્વરાથી ઊઠતાંઊઠતાં કહ્યું, 'માફ કરજો સુલેમાન ચાચા, થોડું કામ છે જહાજ પર. ફરી મળીશું.'

હોડીઓ પાર કરીને કાસમ જેટી પર આવી ગયો. એણે પાછળ હોડી તરફ નજર કરી. યાકુબ કારા ખુદા હાફિઝ કરી રહ્યો હતો. ઝડપથી પગથિયાં ચડીને એણે સડક પરની ગૅસલાઈટ નીચે આવીને સિગારેટ સળગાવી. એના થાકેલા પગોમાં એક નશો હતો, આંખોમાં એક મીઠી ક્રૂરતા ભરી હતી. સામેની કૅફેમાં પ્રવેશીને એણે જીનનો ઑર્ડર આપ્યો, દીવાલ પરના કૅલેન્ડરમાંથી એક નાઝનીન હસી રહી હતી. દૂર જાપાનીઝ સ્ટીમર જોરથી ચીસ પાડી ઊઠી અને...શેખ કાસમના હ્રદયમાં એક પડઘો ઊઠયો...ત્રીસ વર્ષ પર એના ઘૂંઘરાળા વાળ સાથે રમત કરી ગએલી એ માંસલ આંગળીઓ હવામાં તરવા લાગી. કાસમે કહ્યું હતું, 'બાબા, હું પણ તમારી સાથે જહાજ પર ચાલીશ.' શેખ યુસુફનું ખુશનુમા, ગુલાબી સ્મિત નજર સામે તરવરી ઊઠયું, 'નહિ બેટા, હવે પાછો આવીશ ત્યારે લઇ જઇશ–જરૂર! હજી તું નાનો છે!....'

'સા'બ!'

શેખ કાસમે આંખો ખોલી ત્યારે વેઇટર ટેબલ સામે ઊભોઊભો જીનની બૉટલ ફોડી રહ્યો હતો.

અનુસંધાન] **વિશાખાપટ્ટમ** [પૃષ્ઠ ૧૭થી

નવો વિસ્તાર અસ્તિત્વમાં આવ્યો. 'ફૉર્ટ' કરતાં આ 'વૉલ્ટેર' વિસ્તારમાં વધુ આગળ વધ્યું અને લગભગ ત્રણ માઇલમાં તે ફેલાયું.

કંપની પછી તાજનો વહીવટ આવ્યો ત્યારે 'દરિયાકાંઠાની ટેકરીઓ અને પડોશનાં રાજ્યો વચ્ચે લીલાંછમ ખેતરોની જાજમ' કહેવાતા એ આખા પ્રાન્તનું મુખ્ય થાણું વિશાખાપટ્ટમ બન્યું. હવે સરકારી કચેરીઓ અને કેળવણી-સંસ્થાઓ અહીં ઊઘડવા લાગી. વળી આ કાળ વિશાખાપટ્ટમની સાહિત્ય-કારકિર્દીમાં પણ મહત્ત્વનો અને સમગ્ર આંધ્રની સાહિત્ય-પ્રગતિમાં મોખરાનો બની રહ્યો.

ઈ. ૧૮૫૮માં ઈસ્ટ ઇંડિયા કંપનીના ઇજનેરોના મંડળે આ બંદર વિષે એક યાદી પ્રકટ કરેલી કે 'વિશાખાપટ્ટમ' એક સારું બંદર થઇ શકે તેમ તો છે જ, ઉપરાંત તોફાનોથી રક્ષણ મળે એવી સલામત જગ્યા શોધી, નદીના મોં આગળનો રેતાળ પટ ખોદી નાંખીને તેને અડોઅડ જો ધક્કો બનાવી દીધો હોય તો વહાણનો માલ સીધો તેના પર ઉતારી શકાય.' આ અનુસાર વિશાખાપટ્ટમ સમુદ્રગામી વસ્તુઓ માટેના બંદર તરીકે ઈ. ૧૯૩૩માં ખુલ્લું મુકાયું ને નિકાસ માટેના સૌથી વધુ અનુકૂળ મથક તરીકેની તેની સગવડોનો લાભ આજે આંધ્ર, બિહાર ને મધ્ય પ્રદેશ સુદ્ધાં લઇ શકે છે.

ઇ. ૧૯૪૬માં ભારતનું આધુનિક સગવડોવાળું વહાણ બનાવવાનું સૌપહેલું મથક પણ અહીં વિશાખાપટ્ટમમાં જ બંધાયું. હમણાં જ ત્યાંથી ૭,૦૦૦ ટનનું જંગી માલવાહી જહાજ 'જલવિહાર' બહાર પાડવામાં આવ્યું છે. અહીંના સમુદ્ર અને સ્થળની રચના જ એટલી બધી અનુકૂળતાવાળી છે કે જો તેનો પૂરતો ઉપયોગ કરવામાં આવે તો વિશાખાપટ્ટમ માત્ર હિંદના પૂર્વ કિનારાનું જ નહિ, પરંતુ પૂર્વના સઘળા જ દેશોમાં અનન્ય એવું વહાણવટાનું તથા વહાણ બનાવવાનું મથક બની રહે તેવું છે.

અનુસંધાન] **મસ્તફકીર** [પૃષ્ઠ ૧૬થી

દૃષ્ટિ એટલી તીવ્ર હતી કે તે યુરોપી યુદ્ધના વલણ પર જે આગાહી કરતા તેમ જ બનતું.

ભાઈ મસ્તફકીરને અંદરનાં દુઃખ હતાં, પણ એનાં દર્દો અને આફતો ઘૂંટીને તે દુનિયાની વિચિત્રતાઓ પર એવી મશ્કરી ઉડાવતા કે ડાયરામાં બેઠેલા સૌને હસવાની મહેફિલ મળતી. સાક્ષરોની ટેવોની મજાકો તે એટલી બધી કરતા કે હાજી મહમ્મદે તેમની જ ભાષામાં 'બાડકું માથું' જેવા લેખો લખાવ્યા. ઘણે ભાગે તેનાં ચિત્રો કરવાનું મારે આવતું, કારણકે તેમાંનાં પાત્રોનો પરિચય સૌથી વધુ મને હતો. એ લેખો 'વીસમી સદી'માં આવ્યા પછી જ લોકો તેમને હાસ્યરસિક લેખક તરીકે જાણતા થયા અને એમનું તખલ્લુસ સૌને મોંએ ચડી ગયું. બહુ જ થોડા તેમને હરિપ્રસાદને નામે ઓળખતા હશે.

મોઢું જરા મલકાવી તેમના હાઈ પાવરનાં ચશ્માંથી નજર તાકતા એ કંઈ કહે ત્યારે કોઈ રમૂજ ભળેલી જ હોય. એક વાર મારી બીમારી પ્રસંગે મને જોવા આવેલા ત્યારે મને મનોરંજન આપવા ખરી વ્યક્તિઓ વિષેનો એક ઉપજાવેલો પ્રસંગ 'ફ્લૅન્ડર્સમાં પ્રભોરા' કહેતાં ત્રણ કલાક સુધી હાસ્યની છાળો ઉડાડી હતી. તૈયાર લેખ વાંચતા હોય તેમ એ બોલતા. કમનસીબે આ પ્રસંગ એમનાથી કાગળ પર ઊતર્યો નહિ. એમ થયે પ્રભાશંકર પટ્ટણીથી માંડી ઝંડુ ફાર્મસીના વડાઓ અને ભોળાદના વડીલો સુધીનું એક અનેરું વ્યંગચિત્ર તેના નામે અમર થયું હોત.

જીવનના કલહોમાંથી બચેલી શક્તિઓ તેમણે તો જનતાને અર્પીને જીવનને સાર્થક કર્યું. પણ તેવાઓની ખબર રાખવાની ફરજ સમાજ અને રાજ્ય કયારે સમજશે?

રવિશંકર રાવળ



ભારને માનવી ધન્ય ગિરિમાળા થકી નહીં,
હિમાળાં શૃંગ ઓગાળી ધરા સ્રોતસ્વિની કીધી.
પૂર્ણથી પૂર્ણ સંપૂર્ણ પામવા એ મહાપદ,
ત્યાગીને ભોગવો એવું શીખવે ઉપનિષદ.
મનુએ માનવી માટે અનેરી તંતરી સ્મૃતિ,
કુલના મૂળ ધર્મોથી વિસ્તરી મનુસંસ્કૃતિ.


.–ચન્દ્રવદન મહેતા

ગુજરાતના નવજુવાન કલાકારોની યશસ્વી સફળતા

આ વર્ષના દિલ્હી ખાતે ભરાએલા લલિતકલા અકાદમીના બીજા રાષ્ટ્રીય કલાપ્રદર્શનમાં વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના લલિતકલા વિભાગના અભિનવ સ્નાતકો શ્રી જ્યોતિ ભટ્ટ અને શ્રી શાન્તિ દવેને જે સફળતા સાંપડી છે તે ગુજરાતના સંસ્કાર-વિસ્તારનું સ્પષ્ટ પ્રતીક છે. આ માટે વડોદરા યુનિવર્સિટીને તેમજ કલાના પ્રાધ્યાપકો શ્રી માર્કંડ ભટ્ટ, શ્રી બેંદ્રે આદિને અભિનંદન ઘટે છે.

આ બંને તરુણ વિદ્યાર્થીઓની સફળતા સાવ આકસ્મિક નથી. ભારતના સર્વ પ્રાંતોની ૭૦૦ જેટલી વિવિધ કલાકૃતિઓમાંથી ચૂંટાએલી ૧૭૫ કૃતિઓને રજૂ કરવા યોગ્ય ગણી પ્રદર્શન-સમિતિએ તે પૈકી શ્રેષ્ઠ દસને દરેકને રૂા. ૧૦૦૦નું પારિતોષિક આપ્યું છે અને એ દસમાં સર્વાનુમતે શ્રેષ્ઠ ઠરેલી કૃતિને અકાદમીનો સુવર્ણપદક આપ્યો છે, જેનો અર્પણવિધિ રાષ્ટ્રપતિને હાથે થશે.

આ વર્ષનો સુવર્ણપદક પ્રાપ્ત કરનાર ભાઈ જ્યોતિ(જ્યોતીન્દ્ર ભટ્ટ)નો જન્મ ૧૯૩૪ની ૧૨મી માર્ચે ભાવનગરમાં થયો હતો. ત્યાંની ઘરશાળામાં તેમણે મૅટ્રિકનો અભ્યાસ કર્યો તે દરમિયાન ત્યાંના કલાશિક્ષક શ્રી જગુભાઇ શાહ પાસે ચિત્રની તાલીમ લીધી હતી. તેમના પિતા માનશંકર ભટ્ટ ધંધે ભાવનગર પૉર્ટ વર્કશૉપના મિકૅનિક, પણ પ્રખર સમાજસેવક છે. શિશુ-વિહાર નામની પ્રજા ઘડતરની સંસ્થાના એ સ્થાપક અને સંચાલક છે. એવા પિતાનાં ચારિત્ર્ય-બળ અને ભાવનાની સચોટ છાપ પુત્રમાં ઊતરી છે. તેમણે, ઘણી આર્થિક ભીડ છતાં અભ્યાસમાં સતત જાગૃતિ અને સ્ફૂર્તિ રાખી શ્રી માર્કંડ ભટ્ટ, શ્રી બેન્દ્રે, પ્રો. મણીનગરેની દોરવણી નીચે ઘણો અનુભવ અને શિક્ષણ મેળવ્યાં છે, જેને પરિણામે ઇતર પ્રદર્શનોમાં પણ સફળતા મેળવી છે. લોકજીવન અને લોકકલાનાં સ્વરૂપોનો તેમણે ખૂબ અભ્યાસ કર્યો છે. આ પ્રદર્શનમાં વિજયી નીવડેલું તેમનું 'કૃષ્ણલીલા'નું ચિત્ર વિવિધ પ્રકારની કલા-પ્રણાલીઓ ને નવીન ભાતો તથા રૂપરચનાઓનો મનોહર સંભાર છે. મ્યૂરલ ચિત્રો–ભીંતચિત્રોના બરના આ ચિત્રપટમાં આધુનિક ગ્રામ્ય માનવ-પાત્રોની સૃષ્ટિ અજબ રીતે ભારતીય વાતાવરણ જમાવી શકી છે. આ ચિત્રકાર નૂતન કલા(મૉડર્ન આર્ટ)માં પણ એટલી જ સફળતાથી પ્રગતિનો આંક મેળવી શકેલા છે એ આશ્ચર્યકારક હકીકત છે. હવેના ભાવિમાં તે હજી પણ કળાનાં ઊંચાં શિખરો પ્રાપ્ત કરશે એવી સંપૂર્ણ આશા છે.



જ્યોતિ ભટ્ટ] બે વિજયી કલાકારો [શાન્તિ દવે

ભાઈ શાન્તિ દવે જ્યોતિના સાથીદાર વિદ્યાર્થી છે તેમને પણ વિશિષ્ટ કલાકૃતિ માટે રૂ.૧૦૦૦-નું અકાદમીનું ઇનામ મળ્યું છે. ૨૪ વર્ષ પહેલાં ૧૯૩૧ની ૨૫મી નવેમ્બરે અમદાવાદની એક પોળમાં વસતા ચપરાસી જેવી નોકરી કરતા એક અદના પિતાને

આપણાં પંખીઓ : ૧૦૫
નરઝી



કબૂતરના કદનું આ બાજ 'નરઝી' પક્ષીઓમાં Linnæus વર્ગનું છે. (તેનું શાસ્ત્રીય નામ છે Falco Tinnunculus.) રંગ ને કદમાં સૂક્ષ્મ તફાવતવાળી તેની ત્રણ જાતિઓ છે:(૧) ભારત ને સિલોનમાં રહેતી તથા ઊછરતી; (૨) હિમાલયની પશ્ચિમે ૨૫૦૦થી૭૦૦૦ફૂટ સુધીમાં ઊછરતી તથા શિયાળામાં અહીં આવતી;ને (૩) શિયાળામાં પૂર્વ એશિયા તરફથી આસામ, બ્રહ્મદેશ, ભારત અને સિલોન આવતી. તેની પાંખો અણીદાર, અને પૂંછડી લાંબી ભૂરી તથા છેડા આગળ પહોળા કાળા પટ્ટાવાળી હોયછે.તેના શરીરનો ઉપલો ભાગ ટપકાંવાળો ઈંટાળો લાલ, પાંખનાં નીચલાં પીંછાં કાળાં અને માથાનો ભાગ ભૂરો હોય છે, તથા તેનું પેટાળ આછું પીળું અને ભૂરાં ટપકાંવાળું હોય છે.

ખડકાળ અને ઘાસ છાએલો ટેકરાળ પ્રદેશ નરઝીનું પ્રિય નિવાસસ્થાન. દિવસે તે તીણી નજરે શિકારની શોધમાં જ દેખાય. શિકાર કરવાની તેની વિશિષ્ટતા એ છે કે તે જમીનથી સો-બસો ફૂટ ઊંચે અધ્ધર તોળાઈ રહી, પછી લાગ જોઈ તરાપ મારે છે. ખાસ કરીને ખેતરના ઉંદર, ગરોળી, ને જીવડાં વગેરે તેનો ખોરાક. સ્વભાવે તેજ : પજવાતાં જલદી છેડાઈ પડે. ભય કે ઊડતી વખતે 'કિ, કિ' એવો તીણો સ્પષ્ટ અવાજ તે કરે છે. મૃદુ 'કિડરિક, કિડરિક' અવાજ કરતું પણ સંભળાય.

તેનો સંવનનકાળ હિમાલયમાં એપ્રિલથી જૂન ને દક્ષિણ ભારતમાં ફેબ્રુઆરીથી એપ્રિલ સુધીનો છે. ઝાડ કે ટેકરીના પોલાણમાં સાંઠીકડાં, મૂળિયાં ને ચીંથરાંના સાલ્લપોલિયા માળામાં તે લંબગોળ, ફિક્કાં ગુલાબી કે પીળાશપડતાં રાતી ઝાંયવાળાં ત્રણથી છ ઈંડાં મૂકે છે. માળો બાંધવાનું અને બચ્ચાંને ઉછેરવા ને ખવડાવવાનું કામ નર-માદા બંને કરે છે.




સુવર્ણપદક સાથે રૂ. ૧૦૦૦નું ઇનામ મેળવનાર ભાઈ જ્યોતિ ભટ્ટનું ચિત્ર 'કૃષ્ણલીલા' જેની પ્રશસ્ય શૈલી દર્શાવતો ખંડ પાછલા પૂઠામા છે.

ત્યાં જન્મ થયો. નાનપણ ગામડામાં વિતાવ્યું. બુદ્ધિમાં હોશિયાર પણ સ્વભાવે નરમ. આર. સી. હાઇસ્કૂલમાં ડ્રૉઇંગની પરીક્ષા આપેલી, પણ મૅટ્રિકમાં ન વધાયું એટલે પાટિયાં ચીતરવાની દુકાન કરી. ધંધો તો ઠીક ચાલતો, પણ આગળ વધવાનો અજંપો ખૂબ જ હતો, એટલે એક વાર સલાહ લેવા આવ્યા. અંતે કમાણી આપતો એ ધંધો છોડી વડોદરા જઇ ફાઈન આર્ટ કૉલેજમાં દાખલ થઈ ગયા! શરીર ખૂબ જ નબળું, માંદગીઓ નડે, છતાં કામમાં પ્રગતિ બતાવી. તેમના ગુરુજનો શ્રી માર્કંડ ભટ્ટ, શ્રી ચૌધરી* અને શ્રી બેન્દ્રેએ ખૂબ ઉત્તેજન આપ્યું. પછી તો એક બે પ્રદર્શનમાં ચિત્રો વેચાયાં ને ઇનામો મળ્યાં. દિલ્હી લોકસભાના એક મ્યૂરલ ચિત્રનું કામ પણ મળ્યું, અને હવે પોસ્ટ ગ્રૅડ્યુએટ કોર્સમાં પેઇન્ટિંગમાં આગળ અભ્યાસ કરી રહેલા છે. —રવિશંકર રાવળ

ખજૂર

ખજૂરીનાં ઝાડ હિંદમાં થાય છે ઘણાં, પરંતુ તે માત્ર ખલેલાં જેવાં ફળ આપે છે અને તેનો ઉપયોગ તાડી, નીરો તથા સાવરણી અગર ચટાઇઓ ગૂંથવામાં થાય છે. ખજૂર આપતી 'પિન્ડ' ખજૂરી ભારતમાં થતી નથી. તે અહીં ઉછેરવા રૉસબર્ગે શીવપુરના બૉટનીકલ ગાર્ડનમાં ઘણો પ્રયત્ન કરેલો પરંતુ સફળ થયા નહિ. ફેર બેમાં એ છે કે તેને કાંટા નથી હોતા. આપણે ત્યાં થતી ખજૂરીને કાંટા હોય છે.



આયુર્વેદમાં ચરકના વખતથી ખજૂર શ્રમહર તત્ત્વ તરીકે વપરાયેલું જણાય છે. તે ભારતના એ દેશોના વેપારને કારણે હશે. ખજૂર પોષક, બલ્ય અને મૂત્રલ છે, કૃમિનો નાશ કરે છે તથા પુષ્ટિ આપી ધાતુનો વધારો કરે છે. હૃદયને મજબૂત બનાવે છે તથા રક્તપિત્ત, દાહ, શ્વાસ, કફ, શ્રમ, ક્ષય, વિષ, તૃષા અને આમપિત્તનો નાશ કરે છે. તેનાથી કફવાળી શરદી, કેડ દુખવાના દર્દ ને સંધિવામાં ફાયદો થાય છે. ખજૂરની પાંચ પેશીનો ઉકાળો કરી તેમાં ૦ાા તોલો મેથી નાખી પીવાથી કમરનો દુઃખાવો મટી શરીરમાં શક્તિ આવે છે.

ખજૂરની એક પેશીને એક તોલા ચોખાના ઓસામણ સાથે મેળવી ખૂબ વાટી પાણીથી થોડું પ્રવાહી બનાવી નાના બાળકને બેત્રણ વખત આપવાથી સારામાં સારો ટૉનિક ખોરાક પૂરો પાડે છે.

પાંચ પેશી ખજૂરના ઠળીઆ કાઢી નાખી ભેંસના ઘીમાં પાંચ મિનિટ સાંતળી તેને ભાત સાથે મેળવીને બપોરના ખાઈ અરધો કલાક ઊંઘ લેનાર દૂબળા સૂકા માણસનું વજન ને શક્તિ પણ વધે છે.

દૂધ ગરમ કરતી વખત તેમાં એક ખજૂર નાખી, ઉકાળી ચોળી ગાળી લઇને એ દૂધ દૂધપીતા બાળકને આપવાથી ઘણો જ સારો ફાયદો થાય છે. એ જ રીતે મોટા માણસો ખજૂરને ઘીમાં સાંતળીને તે ખાઈ ઉપર એલચી સાકર તથા કૌંચા નાંખી ઉકાળેલું દૂધ પાંચ તાંતણાં કેસર નાંખી સવારમાં શિયાળામાં લે તો ઉત્તમ ધાતુપુષ્ટિ પ્રાપ્ત થાય છે.

*આ જ હરીફાઈમાં વડોદરા કલાવિભાગના શિલ્પાચાર્ય શ્રી ચૌધરીને પણ તેમની શિલ્પકૃતિ માટે ઇનામ મળ્યું છે. એમનો પરિચય ભવિષ્યમાં.

ખજૂર તોલા ૫, છરૂ તો. ૧, સિંધવ તો. ૧, કાળાં મરી તો. ૧, સૂંઠ તો. ૧, પીપળીમૂળ તો. ૦।। અને સાઇટ્રિક ઍસિડ એક આની ભાર, સઘળું બારીક વાટી મેળવી ચાટણ રૂપે તૈયાર થતું ચૂર્ણ ઘણું જ સ્વાદિષ્ટ, દીપન, પાચન અને વાયુને બેસાડનારું બને છે.

ખજૂર, ધાવડીનાં ફૂલ, જાસુદનાં ફૂલ, આસોપાલવનાં કૂણાં પાન, નાળીએરનું પાણી, રાયણ, કાકડી, સૂંઠ, પીપર, પીંપરીમૂળ, ચિત્રક, હરડે, બેડાં, આમળાં, લોહભસ્મ, પ્રવાળભસ્મ, પતંગ, મોથ, જટામાસી, સુગંધી વાળો, લાલ કમળ, તજ, તમાલપત્ર, એલચી ને જાયફળ : ખજૂર ૪૦ તોલા, બાકીની ચીજો એક એક તોલો; મધ અરધો શેર, ગોળ બશેર, પાણી દશ શેર. સઘળી ચીજો ખાંડી ખૂંદીનાખી પાણીમાં સાથે ઉકાળી બેચાર ઊભરા આવ્યા પછી એક મજબૂત બરણીમાં એક મહીના સુધી કપડાથી મોઢું બાંધી ભરી રાખવું. મહીના પછી ગાળી લઈ મજબૂત બાટલાઓમાં બૂચ મારી ભરવા. રોજ જમ્યા પછી પાણી સાથે ૧થી ૨।। તોલા લેવાથી શ્વાસ, ખાંસી, અશક્તિ, અપચન, ગ્રહણીનો રોગ નાબૂદ કરી જઠરાગ્નિને બળવાન બનાવી ચહેરો લાલ સુરેખ બનાવે છે.

(ગુજરાત સમાચાર) —વૈદ્ય જાદવજી નરભેરામ

સાબુનો ઉદ્યોગ અને ભારત

ભારતમાં માત્ર બે જ દાયકા થયાં અસ્તિત્વમાં આવેલો સાબુનો ઉદ્યોગ એકંદરે હજુ નાનો કહેવાય. ૧૯૩૦ સુધી તો પરદેશી સાબુનો સૌથી વધુ આયાત કરનાર દેશ ભારત હતો. છતાં છેલ્લાં વર્ષોમાં એનો એટલો ઝડપી વિકાસ થયો છે કે એ સાલમાં વાર્ષિક રૂ. ૨ કરોડ સુધી પહોંચતી એ આયાત ૧૯૪૦-૪૧માં ઊતરીને વાર્ષિક અઢાર લાખે આવેલી ને ૧૯૫૩-૫૪માં તો માત્ર ૫૯ હજાર થઇ ગઇ. પરિણામે એ ઉદ્યોગમાં દેશ સ્વાવલંબી થવા ઉપરાંત પરદેશી હૂંડિયામણમાં પણ એથી ફાયદો થયો છે. નોંધપાત્ર વાત તો એછે કે સાબુનો આ ઉદ્યોગ આપણા દેશમાં રાજ્યના રક્ષણ-મદદ વિના ચાલતા ઉદ્યોગોમાંનો એક છે.



આપણા દેશમાં સાબુના ઉદ્યોગના બે વિભાગ છે: (૧) વ્યવસ્થિત વિભાગ, જેમાં સાઠેક ઉપરાંત યંત્રસંચાલિત કારખાનાંઓ છે અને (૨) ગૃહઉદ્યોગ વિભાગ, જેમાં હજારોની સંખ્યામાં ચાલતાં નાનાં નાનાં કારખાનાંઓનો સમાવેશ થાય છે. બન્ને વિભાગની વાર્ષિક ઉત્પાદનશક્તિ અનુક્રમે આશરે ૧,૯૪,૦૦૦ ટન અને ૭૦,૦૦૦ ટન છે.

ગૃહઉદ્યોગનાં નાનાં કારખાનાંઓમાં 'કોલ્ડ પ્રોસેસ'થી બનતા સાબુ મધ્યમ જાતના હોય છે, અને તેમાં 'ફેટી ઍસિડ'નું પ્રમાણ આશરે ૫૦ ટકા કે તેથી યે ઓછું હોય છે, તેમજ તેલ ને કૉસ્ટિકનું પ્રમાણ પણ સરખું હોતું નથી. આથી તેના ધોવા વગેરેના ગુણો અચોક્કસ હોય છે.

વ્યવસ્થિત યંત્ર-સંચાલિત કારખાનાંઓના પણ બે ભાગ છે; (૧) પરદેશીઓથી સંચાલિત પેઢી અને (૨) ભારતવાસીઓના વહીવટ હેઠળનાં દેશી કારખાનાં, જેની સંખ્યા આશરે ૬૦ની છે. આ બીજા વિભાગની ઉત્પાદન શક્તિ અને તેમાં થતું ઉત્પાદન નીચે પ્રમાણે છે:

	ઉત્પાદનશક્તિ	ઉત્પાદન
પરદેશી પેઢી	૬૦,૦૦૦ ટન	૫૮,૦૦૦ ટન
દેશી કારખાનાં	૧,૩૪,૦૦૦ ટન	૨૪,૨૦૦ ટન

૧૯૫૩ના આ આંકડા અનુસાર વાર્ષિક ઉત્પાદનશક્તિ, ૧,૯૪,૦૦૦ ટન જેટલી છે, પણ ઉત્પાદન તો ૮૨,૦૦૦ ટનથી વધારે નથી. આને પરિણામે એક લાખ ટન ઉપરાંતની શક્તિ પડતર રહે છે જે કમનસીબી ભારતીય વિભાગને સહન કરવી પડે છે. આ મુખ્ય કારણ તપાસતાં એક પ્રશ્ન થાય છે કે 'મેઈડ ઈન ઇન્ડિયા'નાં લેબલ લગાવ્યાથી દરેક વસ્તુ શુદ્ધ સ્વદેશી કહી શકાય કે નહિ. જવાબ સ્પષ્ટ છે કે ભારતમાં બનતી હોવા છતાં જે વસ્તુ ભારતની મૂડીથી બનેલી નથી તેને સ્વદેશી કહી શકાય નહિ. આ વસ્તુસ્થિતિ ખાસ લક્ષ દોરે છે કારણ કે સામાન્ય વર્ગ 'મેઈડ ઈન ઇન્ડિયા' એટલે માલ સ્વદેશી હોવાની ભૂલ કરે છે.

પંડિત નારાયણ મોરેશ્વર ખરે (અનુ. પૃ.૯થી)કરીલીધી હોયતેમ, ગાંધર્વ મહાવિદ્યાલય-મંડળના કાર્યનું દફ્તર વ્યવસ્થિત કરીને,તેવખતના મંડળના પ્રમુખ પ્રો. વિનાયકરાવ પટવર્ધન હરિપુરા આવે ત્યારે તેમને બધું સોંપવાની તૈયારી-પણ તેમણે કરી લીધી હતી.

આ ગાળામાં એમની તબિયત ઉધરસ-શરદીથી થોડી લથડી હતી. એ જ સ્થિતિમાં તેઓ હરિપુરા પહોંચ્યા. ત્યાંની સીમના સુસવાટાઓએ એમને ઘેરી લીધા અને તેઓ સખત તાવમાં સપડાયા. એવામાં એક સ્વયંસેવકનું ત્યાં અવસાન થયું તેની સ્મશાનયાત્રામાં એ જ સ્થિતિમાં તેઓ ગયા. પરિણામે તેમને ન્યૂમોનિયા થયો ને તેમાંથી તેઓ ફરી ઊભા ન થયા. દાક્તરોના હાથ હેઠા પડ્યા અને સાતેક દિવસની માંદગી ભોગવી ઈ. ૧૯૩૮ની ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ તેઓ આ દુનિયા છોડી ચાલ્યા ગયા. પુત્ર રામભાઉ તથા પુત્રી મથુરીબહેનને સોડમાં લઈ ધીર હૃદયે ગં. સ્વ. લક્ષ્મીબહેને આ આઘાત સહ્યો. ગાંધીજીને તે દિવસે મૌન હતું. તેમની કલમમાંથી આ વાક્ય સરી પડ્યું : 'બીજા પંડિતજી મળવા અશક્ય માનું છું. સંગીત અને શ્રેષ્ઠ નીતિનો મેળ ક્યાં શોધીએ?'
(પુરુષોત્તમ ગાંધી સંપાદિત 'ગુજરાતમાં સંગીતનું પુનરુજ્જીવન' પરથી)

થોડા સંસ્મરણો

પૂ. ગાંધીજીની અનેકવિધ પ્રવૃત્તિઓમાં રેંટિયો પણ એક અંગ હતો, એટલે આશ્રમમાં રહેનાર બધા જ કાંતતા. પં. ખરેજી તો સંગીતના સાક્ષર, એટલે તેમણે પોતાની દૃષ્ટિથી રેંટિયાને જોયો. તેઓ કહેતા કે 'જ્યારે વિદ્યાર્થીઓ સમૂહ-કાંતણમાં કાંતતા હોય ત્યારે એમ લાગે છે કે જાણે કે લતામંડપમાં ભ્રમરો ગુંજારવ કરે છે.' રેંટિયામાં પણ તેમણે સ્વરનો આનંદ માણ્યો. એવી જ રીતે એક પ્રસંગે તેમણે એમ કહ્યું કે "જુઓ, રેંટિયામાંથી કેટલો સુંદર નાદ નીકળે છે! આને જ 'સા' સ્વર કલ્પી ગાવાનું શરૂ કરો. તંબૂરની શી જરૂરત?' તેમણે પોતાની ખાનગી નોંધમાં રેંટિયા વિષે નીચે પ્રમાણે નોંધ લખી છે : 'રેંટિયાનું ચક્ર અને ત્રાક પરસ્પર સમાંતર હોય—એમાં સંવાદિત્વ હોય, ત્રાક સજ્જનના હૃદય જેવી સરળ ને સીધી હોય,અને સંઘર્ષના સર્વ સાંધાઓમાં સ્નેહ(તેલ)નું સિંચન હોય તો જ રેંટિયામાંથી સુંદર અવાજ નીકળે. તંબૂરાની ઘોડી પર રેશમનો દોરો ચડાવવામાં જોઇએ તેટલી કુશળતા રેંટિયો વ્યવસ્થિત રાખવામાં જોઈએ. ઉત્તમ તંબૂર હોય પણ જવારી મેળવતાં ન આવડે તો તંબૂરનો અવાજ કુંદ વાગે છે. તેવું જ રેંટિયાનું પણ જાણવું.

રેંટિયો તાલના નિયમ પ્રમાણે લયમાં એટલે કે એકધારો ચાલે છે ત્યારે તેમાંથી કર્ણમધુર આંદોલનો શરૂ થાય છે. આવે સમયે એમ લાગે છે કે જાણે મરુત-ગણોનું વૃન્દ આલાપથી એકાદા રાગનો બહેલાવો કરે છે. સવારે કાંતતી વખતે ભૈરવી રાગિણી આલાપવાથી ઉત્સાહ વધે છે. તેથી તારની સંખ્યા પણ વધે છે એવો મારો અનુભવ છે. વળી સંગીત સાથે કાંતવાથી થાક પણ લાગતો નથી. બપોરનું આળસ સારંગ રાગથી દૂર થઈ શકે છે. એ જ પ્રમાણે સાંજે કલ્યાણ રાગ ગાઈ શકાય. અથવા ખમાજ રાગને પસંદ કરવો. રેંટિયો પોતે શાન્ત સ્વભાવનો છે. એટલે તેની સાથે શાન્ત—ગંભીર રસનાં ગીતો સારીરીતે ગાઈશકાય. ધ્રુપદનાં ગીતો ઉત્તમ રીતે ગવાય.' જ્યોતિષ પણ તેમના શૉખનો વિષય હતો. જન્મકુંડળી પરથી ફલાદેશ તે બહુ સારો કહેતા.

હાલ સામાન્ય રીતે સંગીત સમાજમાં બે તડ પડી ગયાં જણાય છે. થોડા સ્વ. પં. ભાતખંડેજીને માને છે અને કેટલાક સ્વ. વિષ્ણુ દિગંબરજીને માને છે. પરંતુ ખરેજી આવા વાડા—તડમાં માનતા નહિ. તેમને બધા મિત્ર હતા. પોતે પં. વિષ્ણુ દિગંબરજીના શિષ્ય હોવા છતાં ખુદ સ્વ. પં. ભાતખંડેજી સાથે તેમને સારો પરિચય હતો. ૧૯૨૪માં અમદાવાદની સંગીત-પરિષદમાં ખરેજીએ ભારતના ઘણા કલાકારોને આમંત્ર્યા હતા. તેમાં શ્રી ભાતખંડેજી જોકે આવી શકેલા નહિ. પણ તેમણે લખેલું : 'સંગીતની ઉન્નતિ પ્રીત્યર્થ થતા પ્રયત્નો સ્તુત્ય છે. સંગીતના ઇતિહાસમાં આપના વિદ્યાલયે બજાવેલી મહાન સેવા સદા સ્મરણીય રહેશે......સંગીતદેવતાની નિઃસ્વાર્થ બુદ્ધિથી સેવા કરનારા સર્વ આપણા બંધુઓ જ છે. આપનું ઇષ્ટકાર્ય ઉત્તમ રીતે નિર્વિઘ્નપણે પાર પડો તથા આપને હાથે થતા સંગીતોદ્ધારમાં હજી એક પગલું આગળ વધો એવી મારીઇચ્છાછે.પંડિતજી(વિષ્ણુ દિગંબર)ને મારા નમસ્કાર કહેશો'.

જન્મે શાક્ત હોવા છતાં તેઓ રામના પરમ ભક્ત હતા. તુલસીકૃત રામાયણનું ઘણી વાર તેઓ કેવળ એમ ને એમ વાંચી જઇને નહિ પણ સ્વર-રાગમાં ગાઇને પારાયણ કરતા. જુદીજુદી ચોપાઈ-દોહા તેઓ જુદાજુદા રાગોમાં ગાતા. ખાસ કરીને ભૈરવી, સારંગ, દેશ, કલ્યાણ, હમીર વગેરેમાં બહુ જ સુંદર રીતે તેઓ ગાતા. રામાયણને આમ રાગદારીમાં ગાવાનો વારસો પં. વિષ્ણુ દિગંબરજીનો હતો. પરંતુ કાવ્યરચના તો તેઓ નાનપણથી જ કરતા. પં. વિષ્ણુ દિગંબરજી પાસે સંગીતનું શિક્ષણ શરૂ થયું તે પહેલાં પં. ખરેજી નાટકોનાં ગાયનોના ઢાળ પર કાવ્યો રચતા અને ગાતા. ગોસ્વામી તુલસીદાસજીનું જીવનચરિત્ર તેમણે કાવ્યમાં લખવાનું શરૂ કરેલું, જે અધૂરું પડેલું છે.

ગાંધીજી જેવા સંત પુરુષના સંગમાં રહી તેમણે પોતાના જીવનમાં યે ડોકિયું કર્યું. સંગીતના ઉપાસક રહી વિશ્વવિધાતાની વાઙ્મયી ઉપાસના શરૂ કરી. 'આશ્રમ-ભજનાવલિ'ની પ્રસ્તાવના તેની સાક્ષી પૂરે છે.

ઘણા લોકો તેમને સંગીતશાસ્ત્રી તરીકે થોડા ઓળખે છે. કેટલાક એમ કહે છે કે તેઓ રાગદારી—ખયાલ વગેરે સારા ગાઈ શકતા નહોતા—અથવા આશ્રમમાં આવ્યા પછી તેમનો રીયાજ—તેમનો મહાવરો રહ્યો નહિ ને તેઓ પછી ભજન જ ગાતા. આમ ઘણા લોકો પોતપોતાનાં મંતવ્યો પ્રમાણે બોલ્યા કરે છે. પરંતુ જેઓ મર્મજ્ઞ છે, જેમણે તેમનું સંગીત સાંભળ્યું છે, તેઓ એ વાતની સાક્ષી પૂરશે કે તેઓ ઉત્તમ કોટિના ગાયક હતા.તેઓ રાગમાં અંગ—ઉપજ ઘણી સારીરીતે કરતા ને સ્વરોમાં સ્વૈરવિહાર કરતા. સ્વ. વિષ્ણુ દિગંબરજીના શિષ્યોમાં, સ્વરના તરંગોમાં કોઈ મહાલી શકતું હોય તો તે પં. ખરેજી હતા. ગૌડ સારંગનું 'નૈનાં દોઉ રે' એ ગીત પં. ખરેજી એક ખાસ ઝલકથી ગાતા. તેની આબેહૂબ નકલ પંડિત ઓમકારનાથજી ઠાકુરના ભાઈ રમેશચંદ્રજી આજે કરે છે. એ સાંભળવાથી ખયાલ આવશે કે પં. ખરેજીનું સંગીત કેવું હતું. અને ભજન એ માર્ગી સગીત નથી શું? માર્ગી સંગીત એ આધ્યાત્મિક ભૂખનો સાચો ખોરાક છે. એક ગીતમાં કહ્યું છે કે 'રામબાણ વાગ્યાં હોય તે જાણે.' એમ આનો પણ જેણે રસાસ્વાદ ચાખ્યો હોયતેનેજ તે સમજાય તેવું છે.

રામચન્દ્ર ના. ખરે

પ્રેમ

કાષ્ઠ માત્રમાં વ્યાપી રહેલા અગ્નિ પેઠે પ્રેમ સર્વત્ર વ્યાપક છે; કોઈ પણ જગ્યાએ તેનો અભાવ નથી. જે સ્થળે તે પ્રગટ થશે ત્યાં કઈ જાતનો આકાર ધારણ કરીને આવશે એ વિષે પણ કોઈ સૂત્ર નથી. વાસનાનું ફાટેલું વસ્ત્ર પહેરીને, ભક્તિની પુષ્પમાળાઓ ધારણ કરીને, લજ્જાનાં વસનો વીંટીને,તો વળી મુગ્ધતાનું અવગુંઠન ઓઢીને, એમ ભિન્નભિન્ન સ્વરૂપ ને આકારોમાં પ્રગટ થઈ પ્રેમ પોતાના અસ્તિત્વને સફળ બનાવી દે છે. ચંદનના વૃક્ષને ફળ ન હોવા છતાં તેનું જીવતર કૃતાર્થ થયું છે; પ્રેમનું પણ એવું જ છે. એને કશું લબ્ધવ્ય નથી, કંઈ પ્રાપ્તવ્ય નથી.—ગોપાળ નીલકંઠ દાંડેકર

 ('કુમાર' અંક ૩૮૫)

ટિકિટસંગ્રહ

આ યુગનો એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની તથા બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

વિવિધ ટિકિટો

ઈ.૧૯૫૫ની ૧૪મી ઑક્ટોબરે પશ્ચિમ પાકિસ્તાનનું એકીકરણ થયું તેના સ્મરણમાં ગયા માસ(ડિસેમ્બર)ની ૭મી તારીખે એ દેશે ૧॥, ૨ અને ૧૨ આનાની ત્રણ ટિકિટો બહાર પાડી છે તેનું ચિત્ર આ સાથે આપ્યું છે. તેના પર પશ્ચિમ પાકિસ્તાનના બધા પ્રદેશો(પંજાબ, વાયવ્ય સરહદ પ્રાંત, સિંધ, બલુચિસ્તાન તથા ભાવલપુર, ખૈરપુર, ચિત્રાલ, દીર, સ્વાત વગેરે રાજ્યો)ને આવરી લેતા નકશાનું ચિત્ર છે.આ ટિકિટો તા. ૭-૧૨-૫૫ થી ૬-૨-૫૬ સુધી મળી શકશે, ને તા. ૬-૮-૫૬ સુધી ચલણમાં રહેશે. (મોકલનાર : જનાબ એ. ડી. કરીમ-કરાચી)







આવતા માર્ચ ૧૯૫૬ની ૧લી તારીખે ફિનલૅન્ડ તેની ટિકિટની શતાબ્દી ઊજવશે. જોકે એ દેશની પહેલવહેલી ટિકિટો ઈ. ૧૮૫૬ની ૧લી માર્ચે બહાર પડેલી, પણ તે અગાઉ પોસ્ટલ સ્ટેશનરી તો એ દેશમાં ૧૧ વર્ષ પહેલાં-છેક ૧૮૪૫માં ચાલુ થઈ ગઈ હતી; પરંતુ ૧૯૪૫માં મહાયુદ્ધની અસરને લીધે તેની શતાબ્દી તેણે ઊજવેલી નહિ. એ સ્ટેશનરી ઉપર, વચ્ચે ફિનલૅન્ડનું રાજચિહ્ન તથા તાજ અને બે બાજુએ પોસ્ટમૅનનાં બ્યૂગલનું ચિત્ર જુદીજુદી રીતે મુકાએલું હતું. આ સાથેની ઊભી છાપમાં ઈ. ૧૮૪૫ની પ્રથમ સ્ટેશનરી પરનું ચિત્ર આપ્યું છે, અને આડી છાપમાં ૧૮૫૬ની પ્રથમ ટિકિટ પરનું ચિત્ર આપ્યું છે, જે ઈ. ૧૮૫૦ની સ્ટેશનરી ઉપરથી લેવામાં આવેલું.



રેડ ક્રૉસ સંસ્થાના સ્થાપક હેન્રી ડયુનાન્ટની ૧૨૫મી જન્મતિથિ નિમિત્તે જર્મનીએ બહાર પાડેલી ટિકિટો આની સામે આપેલી છે, જેમાં વચ્ચે ડયુનાન્ટની સુંદર તસવીરવાળી અને તેની આજુબાજુ બે ચિત્રાલેખનોવાળી ટિકિટો છે. ડાબી તરફની ટિકિટમાં, હોકાયંત્રની મધ્યમાં મૂકેલું રેડ-ક્રૉસનું ચિહ્ન એમ નિર્દેશે છે કે એ પ્રવૃત્તિ દુનિયાભરમાં વ્યાપ્ત છે. જમણી તરફની ટિકિટમાં 'રસ્તા પરની સલામતી'ની ચળવળને આલેખતું ચિત્ર છે, જેમાં અકસ્માતનો ભોગ બનેલા બાળકને ખોળામાં લઈ બેઠેલી દુઃખી માતાનું ચિત્ર છે. (મોકલનાર: હિંમત સી. શાહ-અમદાવાદ)



એ સમૂહની નીચે પણ જર્મનીની ત્રણ વિશિષ્ટ ટિકિટો આપેલી છે. ૧૯૫૩માં મ્યૂનિચ(જર્મની)માં વિવિધ વાહનવ્યવહાર(ટ્રાન્સપોર્ટ)નું એક પ્રદર્શન ભરાએલું. તે પ્રસંગની બે ટિકિટોની વચ્ચે યુદ્ધકેદીઓના સ્મરણમાં બહાર પાડવામાં આવેલી ટિકિટ એમાં છે. એ એકરંગી ને સાદી પણ જોરદાર ટિકિટમાં કાંટાળા તારની બે રેખાઓની પાછળ દૂબળા કેદીનું સફેદ છાયાચિત્ર કરુણ અસર ઉપજાવે છે. વાહનવ્યવહારની ડાબી બાજુની ટિકિટમાં કબૂતર અને વિમાનોના પ્રતીક દ્વારા હવાઈ વ્યવહારનું આલેખન છે, જ્યારે જમણી તરફની ટિકિટમાં માર્ગ-વ્યવહારનું આલેખન છે, જેમાં નીચે રસ્તા પર મોટરો દોડતી બતાવવામાં આવી છે ને તેની ઉપર માર્ગ-વ્યવહારનું નિયંત્રણ કરતા 'રોડ-સિગ્નલ'ને રુકાવટ કરતા હાથના પંજામાં ચિત્રિત કર્યો છે. (મોકલનાર : હિંમત સી. શાહ-અમદાવાદ)

ઇન્ડોનેશિયાએ બહાર પાડેલી સ્કાઉટપ્રવૃત્તિની ટિકિટો, જેમાં એનાં જુદાં જુદાં અંગો દર્શાવવામાં આવ્યાં છે (મોકલનારઃ જ્યોતિકુમાર ફૂલચંદ દોશી-મુંબઈ)



દેવો ધાધલ (અનુસંધાન પૃષ્ઠ ૭થી)

સંભાળી લીધાં; ગધેડાંઓને પાછાં કોટેશ્વર તરફ તગડાવી મૂક્યાં.

ગાડીવાનોએ ગાડાં ઢાળ્યાં. હણુમાનના થાનકની બાવીઓએ રોટલા ઘડવા માંડ્યા. ભીંયા પગીએ પટેલનો સાંગ કાઢ્યો અને ભભૂતગરની સાંઢણી પલાણી. એની પાછળ એક બાવી પટલાણી જેવાં કપડાં પહેરી ચડી બેઠી. સાંઢણી જખૌ બંદર તરફ આડધડે ઊપડી.

સરદાર મહમ્મૂદ બલોચને આ ખીજડાના વનમાં લાવવાનું કામ ભીંયા પગીએ પાર ઉતારવાનું હતું.

ખંડ ૬: કપાયાનો પટેલ

સાંજ પડી ગઈ હતી. કોટેશ્વર તરફના રસ્તા ઉપર સોએક સાંઢણી-સવારોને મોખરે સરદાર મહમ્મૂદ બલોચ આસ્તે કદમ વધી રહ્યો હતો. બલોચના ભેદુઓ ખબર લાવ્યા હતા કે 'રાવળનાથ' બંદરમાં આવી નાંગર્યું હતું. બલોચ સરદાર દેવા ધાંધલની ધાકથી અજાણ્યો ન હતો. નગરઠઠ્ઠાના લારી બંદરમાં 'રાવળનાથ' નામચીન હતું અને એનો નાખવો તરેહતરેહનાં ખેપાન માટે મશહૂર હતો. પણ જે સિંધીઓએ ગ્રારા ઉપર જાડેજાઓને રોળી નાખ્યા, તે કોઇ દરિયાખેડૂથી થોડા જ ડરવાના હતા! ગ્રારા ઉપર તલવારો નહિ, પણ દગો જીત્યો હતો, એ વાત, વિજયના ઉન્માદમાં હવે ભુલાઈ ગઇ હતી. છતાં 'રાવળનાથ'નો ખયાલ રાખી બલોચે દિવસના છાપો મારવાનો વિચાર માંડી વાળ્યો હતો. આ કૂચ મહમ્મૂદ બલોચની પોતાની અંગત સરગુજસ્તી હતી. લૂટની લાલચે તે મુખ્ય લશ્કરથી છૂટો પડી સો માણસ સાથે આ તરફ આવતો હતો. ભેદુઓના કહેવા પ્રમાણે મહાજન હજુ શહેરમાં જ રોકાઈ ગયું હતુ. બલોચને કોટેશ્વરમાંથી જબ્બરદસ્ત દંડ મળવાની ઉમ્મીદ હતી! જખૌનો દંડ તો એની સાંઢણીઓના પલાણમાં ઠાંસ્યો પડ્યો હતો.

ઘેરાતા અંધારામાં સામેથી એક સાંઢણી આવતી દેખાઇ. બેચાર કલ્હેરાઓ એની આડે ઊતર્યા. ઊંટ ઉપર એક પટેલ અને પટલાણી બેઠાં હતાં. કલ્હેરાએ એને આંબી લીધાં.

સરદારે કણબીને ખૂબ ધારીધારીને જોયો. કણબણને પણ પગથી માથા સુધી બેચાર વાર જોઈ. બે ય સામાન્ય લાગતાં હતાં. એણે સવાલ પૂછવા માંડ્યા. ભીંયા પગીએ અચકાતે અચકાતે જવાબ દેવા માંડ્યા. દુભાષિયાની જરૂર ન હતી. સિંધી અને કચ્છી એ તો એક મગની બે ફાડ; સિંધી જરા તૂરી અને કચ્છી જરા ખટમીઠી!

'કોણ છો?'

'પટેલ છિયેં, બાપા!'

'ક્યાંના છો?'

'કપાયાના, જમાદાર!'

'જમાદાર નહિ, સરદાર કહે–' એક કલ્હેરાએ પગીને દાંટ્યો!

'કપાયાના, સરદાર!' પગીએ ગભરાઇને કહ્યું.

'નામ?'

'રામજી પટેલ, સરદાર!'

'કયું કપાયા!'

'પૂંજા ઠક્કરનું કપાયા, બાપલા!'

'સાચું બોલો છો?'

'અમે ખોટૂં શું કામ કહિયે, જમાદાર!'

'સરદાર કહો—' કલ્હેરાએ બંદૂકનો કુંદો ઉગામીને કહ્યું.

'આ સૂરજ મા'રાજની શાખ, સરદાર!' અસ્ત પામેલા સૂરજ મા'રાજ, આટલું સાંખી લેશે માની, ભીંયા પગીએ એની શાખ દીધી.

'અહીં, આટલે દૂર ક્યાંથી આવ્યાં?'

'માતાને મડ માનતા ઉતારવા ગ્યાં'તાં, જમાદાર!'

'ખોટું બોલછ, હરામખોર? માતાનો મડ ઇયાં જખૌ પાસે ક્યાંથી' આવ્યો?

'ત્યાંથી કોટેશ્વર ગ્યાંતાં, જમાદાર.' સરદારના કાન સરવા થઈ ગયા. વાતમાં કાંઈક ભેદ લાગ્યો:

'હવે જખૌ બંદરની માનતા ઉતારવી છે એમ?'

'ના સરદાર, કોટેશ્વરમાં જવાય એવું નહોતું; ગામ ત્રાયત્રાય પોકારે છે એટલે અમેં પાદરેથી ભાગ્યાં.'

'ત્રાય ત્રાય પોકારે છે? કોણે ત્રાય પોકારવી છે?'

'સરદાર, અમે પૂગાં તંઇએં ઉવાં દેવો ધાધલ આવી નાંગર્યો'તો, એના બેડિયાતોએ!'

'જુઠું બોલછ કાફર! જીભ કાપી લઈશ. ધાધલ તો કોટેશ્વરને મદદ કરવા નાંગર્યો છે!'

'સરદાર, અમેં ધરતીનાં છોરાં ખોટું શું કામ બોલીયેં? ધાધલ તો મા'દેવનાં ધામનું રખવાળું કરવા આવ્યો છે; વસતિનું નહિ. મહાજન પાસે ખરચીની લાખ કોરી રોકડી માગી. મહાજન મુંઝાઇ ગયું છે. એના બેડિયાતો દારૂ પીને બજાર વચ્ચે હીંડી નીકળ્યા છે. ન્યાલચંદ શેઠ જેમતેમ માન્યા તે પચા' હજાર કોરી દેવા તૈયાર થ્યા છે, પણ હીરજી શેઠ ન માન્યા. કે' છે કે હીરજી શેઠ ભાગી નીકળ્યા છે. ધાધલે ગામ લૂટવાનો જાસો દીધો છે.'

પટેલની વાતમાં ફરક નહોતો પડતો. બલોચ વિચારમાં પડી ગયો. થોડીવાર વિચાર કરી એણે પૂછ્યું, 'હીરજી શેઠ કઈ તરફ ભાગ્યા છે?'

'ઈ તો કોઇને ખબર નથી, સરદાર!' પગીએ કહ્યું, હવે પટલાણી વચ્ચે બોલી ઊઠી; 'કહી દ્યોને! ઇ ભલે ર્યા જીવણશેઠના વેવાઈ! આપણા તો વેવાઈ નથી!' પટેલે પીઠ ફેરવી, અને પટલાણીની બાથડમાં દીધી. કણબણ નીચી નમી ગઈ. બલોચના હાથમાં ભાલો તોળાઈ ગયો!

'નમકહરામ, પાજી! પૂંજાશેઠનો માણસ સમજી બચાબાપા કરીએ છિએ, ને અમને જ છેતરવા બેઠા છો, કણબા? બે ય જણને ભાલેથી વીંધી નાખીશ! બોલ, હીરજીશેઠ કઇ તરફ ભાગ્યો છે?'

એક કલ્હેરાએ પટેલની પાધ ઉપર બંદૂકનો કુંદો લગાવ્યો. પટેલે 'વોય, મા!' કહી ઠૂઠવો મૂક્યો. પટલાણીએ રાડ દીધી: 'હવે કઇ દ્યો ને સરખા સમણા. હીરજીશેઠ ક્યાં તમને ગગી પયણાવવાના છે!'

'અમને મારો મા, જમાદાર! કહું છું.' પટેલ બોલ્યો, 'રસ્તામાં બપોરે ટાણે ઢાળો કરવા ખીજડિયા હણુમાન પાસે ઊંઠ બેસાર્યો 'ને હું ડોલ લઇને હણુમાનની વાવ કને જતો'તો; ત્યાં મેં છેટેથી ગાડાં ઢાળેલાં દીઠાં એટલે પાછો ભાગી આવ્યો! ઈ હીરજી શેઠનો હુચાળ ખપે, પણ મેં નજરે કોઇને જોયા નથી!'

બલોચ મલકાયો. માળો! કણબીની જાત! પહેલેથી કહેતાં શું થતું હતું? પાછો પૂંજાશેઠનો પટેલ! બલોચે મૂછે તાવ દઈ પૂછ્યું, 'ખીજડિયા હણુમાનની જગ્યા ક્યાં છે?'

'બહુ આઘી છે, જમાદાર; ઈયાં પૂગતાં અમને સાંજ પડી ગઈ.' પટેલે હાથેથી માથું દાબતાં કહ્યું.

'પરવાહ નહિ! થા આગળ; અમને રસ્તો બતાવ. જો જરા પણ આડોઅવળો થયો છો તો ભાલેથી વીંધી નાખીશ, કાફર!'

કણબીએ સાંઢણી ન ફેરવી. બે કલ્હેરાએ પડખે આવી પટેલની રાસ ઝાલી અને બદૂક ઊંચી કરી.

'દેખાડું છું, જીબાવ!' પટેલ કરગરી પડ્યો. 'પણ ખીજડાં આવે, પછી અમેં આગળ નહિ આવીયેં, સરદાર! અમેં તો જાતરાયેં નીકળ્યાં છિયેં, એમાં આ દાખડામાં ક્યાં પડિયેં, જમાદાર!'

'ખીજડાં આને તો દે, પીછે દેખ લેંગે!' કલ્હોરાએ જવાબ દીધો. બાજ્-એ-મીર મહમ્મૂદ બલોચ રામસિંહ માલમની જાળ તરફ ઊપડચો!

ખંડ ૭ : 'મદદે ખુદા!'

વન પાસે પહોંચીને સિંધીઓએ ઝાડી ઘેરી લીધી. પચ્ચીસેક માણસો-ને લઈ બલોચ હણુમાનની દહેરી તરફ વધ્યો. પ્રેલને જ આગળ કર્યો.

ચોકમાં, વચ્ચે, તાપણું બળતું હતું. પડખે ગાદીતકિયા ઉપર હીરજી શેઠ સોડ તાણી સૂતા હતા. આસપાસ પસાયતાઓ ઝૂંકતા હતા. ગાડાંવાળાઓ એક પાસ ઘોરતા હતા. એમાંના એકને બીંયા પગીએ ઠેશ મારી. ઠેશ લાગતાં જ ગાડાવાળો સફાળો 'ચોર ચોર'ની રાડો દેતો બેઠો થઈ ગયો. પછી તો ધમાચકડી મચી ગઈ. ગાડાંવાળા અને પસાયતાઓ એકબીજાને 'ચોર' માની બાઝવા મંડચા. હીરજી શેઠ કાછડી અને પાટલી સંભાળતો આમતેમ ફૂદડીઓ ફરવા મંડચો. મંદિરની બારીમાંથી શેઠાણીઓ ચીસો પાડવા મંડી અને કલ્હોરાઓએ જોતજોતાંમાં બધાને ઝાલી લીધા. બલોચે હીરજી શેઠને ગરદનમાંથી પકડી જાજમ ઉપર ફેંકચો, અને એની છાતી ઉપર પગ મૂકી દબાવી રાખ્યો. હીરજી ઠક્કર ત-ત-ફ-ફ થઈ ગયો.

તાપણું તેજ કરાવી બલોચ ગાદીએ બેઠો. એની સામે હીરજીને ખડો કર્યો. બલોચનું દિલ તો પાછળની બારીમાં થરથરતી શેઠાણી-ઓમાં હતું, એટલે હીરજીને ટૂંકે પતાવવા માંડચો : 'બોલ, હીરજી શેઠ! તારાં માણસોને જીવતાં છોડિયેં, તો બાન કેટલું આપીશ?'

'બાન...કચાંથી...આપું...જાંપના?' હીરજી શેઠના મોંમાંથી માંડમાંડ બોલ બહાર પડતા હતા.

'હવે ગાગલો થા મા, હીરજી શેઠ!' કપાયાનો પટેલ વચ્ચે પુરાણો, 'આ જમાદાર કે' છે ઈ માની જા હવે, નકાં તારી ખેર નથી!'

'પણ મારો કંઈ ગનો અંનદાતા? હું તો અહીં મુસાફરીમાં છું; ઈયાં બાન કચાંથી હોય?'

બલોચને ગુસ્સો ચડચો. હીરજીને કાંડેથી બાંધી ઝાડ ઉપર લટ-કાવવાનો એણે હુકમ કર્યો. કલ્હોરાઓ એનાં કાંડાં બાંધવા મંડચા. બલોચ ઊભો થયો અને મંદિરની બારી તરફ ફર્યો. મંદિરનાં કમાડ બંધ હતાં, પણ બારી ઉઘાડી હતી. એના ખીંગા સળિયા પાછળ ત્રણ શેઠાણીઓ અને બે દાસીઓ થરથરતી ઊભી હતી. દરેકના અંગ ઉપર ઊંઘથી ચોળાએલાં પણ કીમતી વસ્ત્રો હતાં. દરેકે લાંબો ઘૂમટો તાણી લીધો હતો. પચ્છમ ધરા, એ તો છાતી સુધીના ઘૂમટાનો દેશ! પણ આ ઘૂમટા પાછળ દાઢીમૂછ ઢાંકયાં હતાં! શેઠાણીઓને આશ્વાસન આપતો હોય એમ બલોચ ખુચકારી બોલાવવા લાગ્યો. શેઠાણીઓએ જોરથી આર્તનાદ કર્યો. સ્ત્રીઓના આર્તનાદનો તો બલોચ ઇશ્કી હતો. મંદિરને બે દરવાજા હતા. ઓચિંતો પાછલો દરવાજો ખોલી શેઠાણી-ઓ અંધારામાં ભાગવા મંડી.

બલોચ હીરજીને ભૂલી ગયો. પડખેની પડથાર કુદાવતો એ શેઠા-ણીઓની પાછળ દોડચો. હીરજી શેઠને પડતો મૂકી કલ્હોરાઓ પણ સરદાર પાછળ દોડચા. કોઇકે રણશીંગું ફૂંકયું. બાકીના કલ્હોરાઓ ઝાડીની ચોતરફથી અંદર ધસ્યા.

મંદિર પાછળ વિશાળ ચોગાન હતું. એમાં મોટા વડ ઊગ્યા હતા. બલોચની અજાયબી વચ્ચે શેઠાણીઓ છલાંગો મારતી વડવાઇઓ પર થઈ ઝાડે ચડી ગઈ! નીચેનું ચોગાન કલ્હોરાઓથી ઊભરાઇ ગયું.

ઝાડ ઉપર તો કાબેલ માછીમારો ઊભા હતા. એક પછી એક જાળો ફેંકાઈ અને પાંચપાંચ, દસદસ કલ્હોરાઓ ઘૂમરી લેતી જાળોમાં ફસાઇ ગયા! ઝાડ ઉપરથી બંદૂકો વછૂટી. અકજ બનેલા સિંધીઓ હથિયાર સંભાળે તે પહેલાં તો એનો ઘાણ વળી ગયો. તલવારોથી જાળ કાપતા સિંધીઓ છૂટા થાય ત્યાં સુધીમાં તો બેડિયાતો ઝાડ ઉપરથી કૂદી પડચા. અને અધઘડીમાં આ 'જારિયાનું જુદ્ધ' પૂરું થઈ ગયું. ઓગ-ણીસ સિંધીઓ ખપી ગયા; ને સાત ખારવાઓ. મહમ્મૂદ બલોચ એક 'શેઠાણી'ની તલવારનો બલી પડચો. એકચાશી કલ્હોરાઓ 'રાવળનાથ'ના ગુલામી બંડકમાં જીવતા પુરાયા. (ચાલુ)

ગણિત-ગમ્મતના ઉકેલ

આપણે ગણિતના કોયડા વાંચીએ છીએ અને તેને ઉકેલવાના પ્રયત્ન પણ કર્યા કરીએ છીએ; પરંતુ તેની ચાવી જો જાણતા હોઈએ તો એ કામ ઘણું સરળ બને છે. ગણિત ઉપર જે કોયડા છપાય છે એમાં ગણિતના નિયમો જ લાગુ પાડેલા હોય છે, પરંતુ તે નિયમો તે વખતે યાદ ન આવે અથવા એવા નિયમો જાણતા ન હોઇએ તો તેની પાછળ સમય બરબાદ થવાનો જ. એક દાખલો લઈએ:

૧થી ૯૯ નંબરની ભેંસો છે. દરેક ભેંસ નંબર પ્રમાણે દૂધ આપે છે,—જેમકે ૧ નંબરની ૧ શેર, ૨ નંબરની ૨ શેર એમ ૯૯ નંબરની ૯૯ શેર. હવે (૧) આ ભેંસોને નવ ભાઈઓ વચ્ચે એવી રીતે વહેંચો કે જેથી દરેકને દૂધનો જથ્થો સરખો મળે. (૨) દરેક ભાઇને કેટલા શેર દૂધ મળે?

જવાબ: (૧) ૧થી ૯૯ નંબરની ભેંસોને નીચે પ્રમાણે ગોઠવો; એટલું જ નહિ, પણ આવો કોઈ પણ દાખલો હોય તો તેને નીચે પ્રમાણે ગોઠવશો એટલે જવાબ સાચો જ આવશે.

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧૮	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭
૨૬	૨૭	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫
૩૪	૩૫	૩૬	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩
૪૨	૪૩	૪૪	૪૫	૩૭	૩૮	૩૯	૪૦	૪૧
૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૪૬	૪૭	૪૮	૪૯
૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩	૫૫	૫૬	૫૭
૬૬	૬૭	૬૮	૬૯	૭૦	૭૧	૭૨	૬૪	૬૫
૭૪	૭૫	૭૬	૭૭	૭૮	૭૯	૮૦	૮૧	૭૩
૮૨	૮૩	૮૪	૮૫	૮૬	૮૭	૮૮	૮૯	૯૦
૯૯	૯૮	૯૭	૯૬	૯૫	૯૪	૯૩	૯૨	૯૧

ઉપરના કોઠામાં દરેક ઊભી લીટીનો સરવાળો કરતાં દરેકનો જવાબ સરખો જ આવવાનો. પણ જો આ સરવાળાની ભાંજગડમાં ન પડવું હોય તો નં. (૨) માટે નીચે પ્રમાણે કરો તો દરેકને કેટલા શેર દૂધ આવે તે મળી જશે: ૧થી ૯૯ ભેંસો. હવે ૯૯+૧=૧૦૦; અને ૧૦૦ × ૯૯= ૯૯૦૦÷૨=૪૯૫૦÷૯ (ભાઈ)=૫૫૦ શેર જવાબ.

આમ કોઈ પણ ક્રમિક સંખ્યાનો સરવાળો કરવો હોય તો છેલ્લી સંખ્યામાં એક ઉમેરી, જે સંખ્યા આવે તેને છેલ્લી સંખ્યા વડે ગુણી ૨ વડે ભાગી નાખવાથી બધી ક્રમિક રકમોનો સરવાળો મળી જશે. દા. ત. ૧થી ૧૦નો સરવાળો કરવો હોય તો : ૧૦+૧=૧૧; ૧૧×૧૦= ૧૧૦; ૧૧૦÷૨=૫૫ જવાબ.

વચ્ચેની કોઈ ક્રમિક રકમોના સરવાળા માટે દા. ત. ૩૧થી ૪૦ સુધીના માટે પહેલાં ૧થી ૪૦ અને પછી ૧થી ૩૦ના ઉપર મુજબ સરવાળા કાઢી, ૧ થી ૪૦ના સરવાળામાંથી ૧ થી ૩૦નો સરવાળો બાદ કરવો. (વધુ હવે પછી)

—રસિક એસ. શાહ

તને જ્યાં પુરુષાર્થ જેવો પારસમણિ મળ્યો છે, પછી વિજયના કનકની કે પરાજયના કથીરની આટલી બધી નાહક પરવા તું કેમ કરે છે?

પુસ્તક-પરિચય (અનુ. પૃ. ૨૮થી) વળી શાકભાજી વિષે સઘળી જ માહિતીની જાણકારી જેનાથી મળી રહે તેવા આ પુસ્તકની ભાષા, શૈલી અને પરિચયપદ્ધતિ પણ સરળ અને સાદી જ રખાઈ છે. આખું પુસ્તક સંવાદ-વાત રૂપે લખાએલું છે, તેથી ક્લિષ્ટતાનો ભય રહ્યો નથી, પણ વિષય વધારે રસિક અને હૃદયસ્પર્શી બની શક્યો છે. શાકભાજીનો વિગતવાર પરિચય તથા તેના વર્ગીકરણ સાથે તેનો આરોગ્ય સાથેનો સંબંધ પણ એના લેખક, કૃષિવિદ્યાના ખાસ અભ્યાસી શ્રી માર્તંડ શિવભદ્ર પંડ્યા, આપવો ભૂલ્યા નથી. ખેડૂતો ઉપરાંત સામાન્ય જનને પણ આ પુસ્તક શાકભાજી વિષેના સામાન્ય જ્ઞાન માટે ઉપયોગી થઈ પડે તેવું છે. કિંમત રૂ. ૨-૧૦-૦.

શકુન્તલા

મહાકવિ કાલિદાસના પ્રસિદ્ધ નાટક 'શાકુન્તલ'ને બાળકો માટે સરળ અને રસમય વાર્તાસ્વરૂપે અહીં રજૂ કરવામાં આવ્યું છે. વાર્તાપ્રવાહમાં ક્યાં યે લંબાણ કે સંદિગ્ધતા ન પ્રવેશે તેની લેખક શ્રી રવિશંકર નરોત્તમદાસ પાઠકે ખાસ તકેદારી રાખી છે. છતાં તેની શૈલી ને વસ્તુસંકલના એવી રસાળ કરી છે કે મૂળ નાટકનાં મહત્ત્વનાં બધાં જ પ્રસંગો ને તત્ત્વોને તે ખૂબીપૂર્વક સાંકળી લે છે. કિંમત રૂ. ૧-૮-૦.

સુખી જીવનની પગદંડી અથવા ગૃહજીવનનું માંગલ્ય

મહારાષ્ટ્રના પ્રસિદ્ધ વિચારક અને લેખક શ્રી શ્રીપાદ વામન કાળેના 'કણ અને ક્ષણ' નામના મરાઠી લઘુલેખોનું એમણે 'સુખી જીવનની પગદંડીઓ' એમ ટૂંકું વર્ણન આપેલું. રોજબરોજના જીવનની સાદીસીધી વાતો લઈ તે પ્રશ્નો પર સામુદાયિક સગવડ તથા સહકાર અને સુખની દૃષ્ટિ રાખી માણસે કેવી રીતે વર્તવું જોઈએ તે સચોટ, કલાત્મક અને સરળતાથી ગળે ઊતરી જાય તે રીતે દૃષ્ટાન્તો આપી સમજાવતું આ પુસ્તક ગુજરાતી ભાષામાં ઉપરના નામે પ્રા. શશિન્ ઓઝાએ અનુવાદિત કર્યું છે. ગુજરાતીમાં છ જ માસમાં આ પુસ્તકની પ્રથમાવૃત્તિ ખલાસ થઈ જવા આવી તે ગુજરાતી વાચકસમુદાયના જીવન પ્રત્યે જાગતા જતા રસની એક શુભ નિશાની છે. પ્રકાશક: સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ, કિં. ૧-૮-૦.

અનંત સાધના અને બીજાં નાટકો

જીવનના રોચક, હસનીય, કારુણ્યપૂર્ણ વગેરે વિવિધ અંશોને નિરૂપતી આ સંગ્રહમાંની જુદીજુદી ૧૧ એકાંકી નાટિકાઓના પાયામાં જીવનલક્ષી વિચારણા છે. ગયે વર્ષે અખિલભારતીય રેડિયો-નાટક-હરીફાઈમાં ગુજરાતી નાટકોમાં સર્વોત્કૃષ્ટ ઠરેલી નાટિકા 'અનંત સાધના' પરથી લેખકની ગુણવત્તાનો ખયાલ આવી શકે છે. શ્રી શિવકુમારની શૈલીમાં આડંબરનો અભાવ હોઈ તેમનાં નાટકો નાટ્યલેખનકલાના એક સૌથી મોટા ભયસ્થાનને ઓળંગી ગયાં છે. સંગ્રહના પ્રવેશકમાં શ્રી વ્રજરાય મુ. દેસાઈએ કહ્યું છે કે 'ગુજરાતી નાટકની શક્યતાઓ વિષે આપણી શ્રદ્ધા દૃઢ કરે એવાં કલાન્વિત આ નાટકો છે.' પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી લિમિટેડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨; કિંમત: ૪-૦-૦.

નવાં પુસ્તકો

ગુજરાત વિદ્યાસભા(અમદાવાદ)**નાં**

ગાંધીજીનું ગીતાશિક્ષણ: ગાંધીજીનાં પ્રવચનોની સદ્ગત મહાદેવભાઈએ લીધેલી નોંધ પરથી શ્રી નરહરિ દ્વારકાદાસ પરીખે સંપાદિત કરેલું મનનીય પુસ્તક, ૩-૦-૦; **ફોરમ:** પોતાના જીવન દરમ્યાન પરિચયમાં આવનાર વ્યક્તિવિશેષોનાં શ્રી વિદ્યાબહેન રમણભાઈ નીલકંઠે લખેલાં આલેખનો તથા સ્મૃતિચિત્રો, ૧-૮-૦; **મૈત્રકકાલીન ગુજરાત ભા. ૧-૨:** મૈત્રક સમયના પ્રાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક એમ બે વિભાગોમાં ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રીએ લખેલો સંશોધનસમૃદ્ધ અને અભ્યસનીય ઇતિહાસગ્રંથ, અનુ. રૂ. ૪ ને ૫; **ગુજરાતી પર અરબી-ફારસીની અસર:** અરબીફારસીના વિદ્વાન અભ્યાસી ડૉ. છોટુભાઈ નાયકે લખેલો સુવ્યવસ્થિત ને ગવેષણામૂલક ગ્રંથનો રજો ભાગ, ૨-૮.

અખિલ ભારત સર્વસેવાસંઘ(રાજઘાટ, કાશી)**નાં હિંદી પ્રકાશનો**

भूमि-वितरण: ભૂદાનસંબંધી નિયમો, ચર્ચાઓ આદિનું સંકલન, ૦-૫-૦; **सबै भूमि गोपालकी:** ભૂદાન-યજ્ઞવિષે પ્રસિદ્ધ હિંદી નાટકકાર શ્રી ગોવિંદદાસ લિખિત નાટક, ૦-૪-૦; **कोरापुट:** ભૂમિક્રાન્તિના તીર્થરૂપ ઓરિસ્સાના એ અશિક્ષિત ને અવિકસિત જિલ્લાનો શ્રી શ્રીકૃષ્ણદત્ત ભટ્ટે આપેલો માહિતીસભર પરિચય, ૦-૪-૦; **हाथचक्की:** ભોજનના એક પણ તત્ત્વને નુકસાન ન પહોંચવા દેનાર ગૃહ-સાધન 'ઘંટી' વિષે ગૃહોદ્યોગના અભ્યાસી લેખક શ્રી એમ. વિનાયકે આપેલો વિગતવાર અને સચિત્ર પરિચય ૦-૮-૦.

OUR FRIENDS ABROAD

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

આંતરરાજ્ય પત્રમિત્રસંમેલન

ગઈ ૨૯મી ડિસેમ્બરે દિલ્હીમાં ચોથું અખિલ ભારતીય આંતરરાજ્ય પત્રમિત્રસંમેલન ભરાઇ ગયું. તેના પ્રતિનિધિઓને ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વેપલ્લી રાધાકૃષ્ણને પોતાને નિવાસસ્થાને આમંત્રણ આપેલું ત્યાં શ્રીમતી કમલાદેવી ચટ્ટોપાધ્યાય પણ હાજર હતાં. પ્રતિનિધિઓને સંબોધતાં ડૉ. રાધાકૃષ્ણને કહ્યું, 'જગતમાં માત્ર એક જ જાતિ છે અને તે છે માનવજાતિ. આપણે પણ તે 'વિશ્વજાતિ'ના એક સંબંધી તરીકે રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના સંબંધોને આગળ વધારવાના છે. પછી તેમણે રાષ્ટ્રીય પત્રમિત્ર સંસ્થા દ્વારા રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેની દીવાલોને ભૂંસી નાંખી શુભેચ્છા તથા સમજણનું વાતાવરણ ઊભું કરવાના પ્રયત્નની પ્રશંસા કરીને માનવ-આચારના 'પંચશીલ'ના પાંચ સિદ્ધાંતો સમજાવ્યા હતા: (૧) કોઈને પણ ઈજા ન થવા દેવી: અહિંસા (૨) શારીરિક તેમજ માનસિક શુદ્ધિ, (૩) પોતાની માલિકીની ન હોય તેવી વસ્તુ અપાતી હોય છતાં તે ન લેવી, (૪) નિર્ભયતા અને સત્યનું ગમે તે ભોગે પાલન અને (૫) સત્તા સહિતનાં બધાં માદક તત્ત્વોનો ત્યાગ.

લોકસભાના સ્પીકર દાદાસાહેબ માવળંકરને હસ્તે સંમેલનનું ઉદ્ઘાટન થયું ત્યારે જગતનાં સર્વ રાષ્ટ્રોના ધ્વજો લહેરાવવામાં આવ્યા હતા. દાદાસાહેબે પ્રતિનિધિઓને સંબોધતાં કહ્યું કે 'મૈત્રી એ વ્યક્તિગત લાભના પાયા પર કદી ન બંધાવી જોઈએ. દરેક મનુષ્યની ફરજ છે કે તેણે પોતાનું મિત્રવર્તુળ વધારવું, જેથી રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેની ગેરસમજૂત દૂર થઈ શકે અને શુભેચ્છા તથા સહકારનું વાતાવરણ જન્મે.'

સંમેલનમાં થએલા ઠરાવોમાં: 'પત્રમૈત્રીને ઊગતી પ્રજાનું મહત્ત્વનું શિક્ષણ ગણવું જોઈએ' તેવો ઠરાવ નૅશનલ ગવર્નિંગ કાઉન્સિલના પ્રમુખ શ્રી મનુભાઈ કે. શાહે, 'કળા ને સંસ્કૃતિના વિવિધ શોખોના વિકાસ' માટેનો શ્રીમતી ઇલા પાલ ચૌધરીએ, 'સંસ્થાએ પોતાના બિનસત્તાવાર પ્રતિનિધિઓ પરદેશોમાં મોકલવા જોઈએ' તેવો ઠરાવ શ્રી આર. કે. ભાણે તથા 'ભારતમાં સદા આંતર-રાજકીય સંપર્કો વિકસ્યા કરે' તેવો ઠરાવ પ્રિન્સિપાલ એમ. એન. કપૂરે મૂક્યો હતો.

૨૨મી તારીખે પ્રતિનિધિઓને સંબોધતાં પંડિત નેહરુએ રાષ્ટ્રીય એકતા પર ભાર મૂક્યો હતો અને દરેક ભારતીયે પોતપોતાના પ્રાંતોનાં હિતો વિષે જ ન વિચારતાં સમસ્ત રાષ્ટ્ર વિષે વિચારતા થઈ રાષ્ટ્રીય એકતાની ભાવના કેળવવા અનુરોધ કર્યો હતો.

રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે પ્રતિનિધિઓને આદેશ આપતાં કહેલું કે 'આપણે રાષ્ટ્રીય એકતાનું જોમ કેળવવાનું છે. આપણા દેશમાં વિવિધ ધર્મો, ભાષાઓ ને પ્રણાલીઓ હોવા છતાં પાયાની એકતા તો એ સર્વમાં પહેલેથી જ રહેલી છે. હવે દેશને મજબૂત બનાવવા આપણે સહિષ્ણુતા કેળવીને રાષ્ટ્રીય એકતાની સાધના કરવાની છે.'

નવા પત્રમિત્રોને

'કુમાર'ના આ વિભાગમાં પોતાનું નામ આપવા ઇચ્છતા પત્રમિત્રોએ પોતાનાં નામ-સરનામાં સાથે આટલી વિગતો આપવી આવશ્યક છે: પૂરું નામ, ઉમર, અભ્યાસ અને પત્રમિત્ર થવા માટેની સંમતિસૂચક વાલી કે વર્ગશિક્ષકની સહી. આમાંની ખૂટતી વિગતવાળાં નામો સ્વીકારી શકાશે નહિ. અને કોઈ પણ જાતનો જવાબ મેળવવા ઇચ્છતા પત્રમિત્રોએ જવાબી ટપાલ-ખર્ચ મોકલવું પણ એટલું જ આવશ્યક છે.

જર્મન પત્રમિત્રો

(દરેક સરનામાને છેડે Germany ઉમેરવું)

(1) Gerdi Farmbauer, Girl—15, München 22, Maseimilianstrasse I/III, Cinema, Swimming, Tennis, Dancing, Reading; (2) Ilona Stemmle, Girl—15, Regensburg, Theodor-Kövnerstrasse 24, General Hobbies; (3) Lotte Lerbinger, Girl—15, Marklkofen bei Fron Hnbauslr, 1 Ndb, Bahnhofotrape 2, Sports, Dancing, View Cards, Photography; (4) Christa Kreiner, Girl—15, Landaü, Isar, Zahnhofstrasse 352, Sports, Stamps, Languages, Dancing, Reading; (5) Inge G. Stiegliti, Girl—15, München I, Harlachingerstrasse 33, Foreign Countries, Languages, Sports, Music, Reading; (6) Hiltruol Falkeustätter, Girl—15, Rauolwfenbei Brouinaü, Inn, Pfalsse 14, Sports, Reading, Foreign Countries; (7) Helianev Schad, Girl—11, Cham 1 opf, Meranweg 1, Languages, Science, Reading, Sports, Foreign Countries; (8) Vilja Feil, Girl—15, München 22, Liebherrastrasse 1/O, Sports, Cinema, Music, Dancing, Stamps; [ઉલ્લેખ: Arun A. Modi, C/o A. K. Modi, Burn & Co. Ltd. Hawrah (W. Bengal)]

પરદેશી પત્રમિત્રો

(1) Anilkumar V. Mehta—20, 102 Moghul Street, Rangoon (Burma), Stamps, Coins, First Day Covers; (2) Gandi Danner, Girl—15, Handenberg bei ackbach No. 1, Besirk Brauncw, Inn (Austria), Stamps, View-Cards, Cinema, Photography, Books [ઉલ્લેખ: Arun A. Modi, C/o A. K. Modi, Burn & Co. Ltd., Hawrah (W. Bengal)]; (3) Faakko Lindqvist, Boy—21, Ristina-kk (Mh) (Finland), Stamps; (4) Emil Larsen, Boy—20, Jansvamsun 9, Trondhelm-Kirkenes (Norwag), Stamps, View-cards; (5) Miss Vijayalakshmi Mahadeva, Girl—15, No. 65 Alexandra Place, Cinnomon Garden's, Colombo-7 (Ceylon), Stamps, View-cards; (6) N. A. Dharmasene Perera, Boy—18, Mahara, Gangexoatla, Gampola (Ceylon), Stamps; (7) S. Shanmugam, Boy—14, St. Anthony's College, Katugastota Rd., Kandy (Ceylon), Stamps; (8) J. V. Emmanuel, Boy—16, No. 143 Main Street, Jaffna (Ceylon), Collecting Pictures of Cricket, Aeroplanes and Film-stars; (9) S. H. Herath, Boy—14, No. 7 Talapitiya Lane, Kovilawatta, Magalle, Galle (Ceylon), Stamps; (10) S. L. M. Osman, Boy—18, 44 Alfred House Gardens, Colpetty, Colombo (Ceylon), Sports, Racing, Correpondence; [નં. ૩થી ૧૦, ઉલ્લેખ: Ramesh C. Shah, 63 Dhanji Street, Room No. 28, 3rd Floor, Bombay-3] (11) Renate Köhler, Girl—15, Schiefbahn B. Krefeld, Albert Oetkerstr-84 (Germany), Sports, Stamps, Reading; (12) Mrs. D. Forsyth, Age—29, 25 Waione St., Petone (New

Zealand), Stamps, Travelling, Photography; [નં. ૧૧ અને ૧૨, ઉલ્લેખ: Jayantilal Jadavji Shah, C/o Sthanakvasi Jain Chhatralaya, Out-side Delhi Gate, Ahmedabad.] (13) Ima V. D. Linde, Girl—17, 22c Bergncustadi Rbld, Othestrabe 11, (Germany); (13) Leni Vollhardi, Girl—18, Garten Street 48, Langen, Near Frankfurt/Main, (Germany); (15) Irmgard Firus, Girl—15, Espelkamp-Mittwald, Lauenburgerstr 5, Krs Lubbeche, In West Palen, (Germany); (16) Erika Edibauer, Girl-17, Kirchweidach 15/B, Altotting, Obb, (Germany); (17) R. Vogel, Girl —16, 140, Wasseral Fingen/Wttbg Bohmenstr 7, Deutschland; (18) Noor Ahmed, Boy—21, Jaswant Building, Mcleod Road, Lahore (Pakistan); (19) Ali Jafar Ali Najar, Boy—19, Adhamiya Haybet Khatoun 31/2/21, Baghdad (Iraq); (20) Pierrem Franfais, Girl —19, Rue de la Faix No. 31, Port Louis, (Mauritius); (21) C. Zerbram, Girl—17, P. O. Box 300, Keeteusmshoop, (S. W. A.); [નં. ૧૩થી ૨૧, ઉલ્લેખ: M. V. Dandekar, 127G.S. Medical College Hostel, Parel, Bombay].

હિંદી પત્રમિત્રો

ગયા અંકમાં હિંદી પત્રમિત્ર વિભાગમાં ૩૧૧મા ક્રમ પર જેમનું નામ પ્રકટ કરવામાં આવેલું તે પૂર્ણિમાબહેન ગુણવંતરાય ચોકસી અમને લખી જણાવે છે કે તેમને પૂરતા પત્રમિત્ર મળી ગયા હોવાથી હવે તેઓ વધુ પત્રમિત્રોને જવાબ આપી શકે તેમ નથી.

(314) Navnitray Vishvanath Upadhyay-25, Govt. Hospital, Dhoraji (Saur.), Correspondence, Stamps, Paintings; (315) Natverlal Thakkar-20, C/o Liberty Circle, 1603 Zatkan Street, Ahmedabad-1, Stamps, Literature, Photography, Novelties; (316) Hamid A. Shekh-17, C/o S. M. Shekh, Room No.383, Block No.87, Bapunagar, Ahmedabad-10, Poems, Biographies, Novels, Cricket, Table-tennis; (317) Surajmal J. Shah-18, C/o Jevatlal Morarji Shah, K.T.Shah Road, Mandvi (Kutch), Stamps, Coins, Films, Cricket; (318) Jayantilal B. Thakrar-20, 435 Khadkhad Lane No. 4, Veraval (Saur.), Stamps, Photography; (319) Mahendra R. Mistry-16, 863 Bhungli's Pole, Jamalpur Panch Pipli, Ahmedabad-1, Stamps, View Cards, Cricket, Photography, First Day Covers; (320) N.V.Rathod-17, Gunvantlal Manilal Patel, C/o Virjibhai G. Rathod, Jamalpur Panch Pipli, Ahmedabad, Cricket, Picnics, Photography, Stamps, View Cards; (321) B.M.Mistry, C/o Madhavlal D., Jamalpur Panch Pipli, Ahmedabad, Photography, Cricket, View Cards, Swimming, Stamps; (322) Chimanlal T. Patel-28, V. B. High School, Sunar, Via Anand, Photography, Drawing; (323) Manhar Boghani-17, C/o Dr. B. P. Boghani, M. D., R. M. O. General Hospital, Junagadh (Saur.), Stamps, View Cards, Novels, Cricket; (324) Chandulal Damodardas Bhuptani-16, Suthari Market, 25, Savar Kundla (Saur.), Stamps, Photography Picture-Collecting; (325) Manharlal S. Bhuptani-14, Lanthan Street, Opp. Kabutara, Savar Kundla, Stamps, Photography; (326) Bhavanji A. Bhagat-18, 23 A, Chinch Bundar, Second Floor, Bombay-9, Drawing & Painting, Stamps, F. D. Covers, View Cards, Coins, Photography; (327) Rasiklal D. Mehta-22, C/o J. K. Vora, House No. 6, Hospital Road, Next to Jai Hind Cinema, Bangalore City (S. India), Stamps, Travelling, Films, View Cards; (328) Amritlal J. Bhayani-20, 428, Khadkhad Lane, No.4, Veraval (Saur.), Pen-friendship, General Knowledge, Stamps; (329) Girishchandra Kantilal Shah-15, C/o Kantilal Ranchhodlal, Mandvi's Pole, Opp. Surdas Sheth's Pole, Ahmedabad-1, Stamps, Photography, Reading; (330) Kantilal V. Karia-18, Devla Gate, Savar Kundla, Cricket, Music, Swimming; (331) Balwant Master Sojitrawala-30, Near Raugao Bridge, Karvan (Dabhoi Taluka), Via Miyagam, Literature, Photography, Stamps; (332) Maunikati Bhogilal Parekh-19, C/o Bhogilal Chunilal Parekh, 86 Bhow Dazi Cross Road, Matunga (C. R.), Bombay-19, Stamps, Coins; (333) Jayantilal J. Modi-16, 541 Kajwado, Visnagar, Reading, Stamps, Coins, Drawing; (334) Chhotolal Mulji Vaghela-18, Near Nyaya-Court, Manavadar (Saur.), Magazines, Poetry, Literature; (335) Chimanlal Mulji Vaghela-16, Vaghela Bros' Office, Manavadar (Saur.), Magazines, Essays, Literature, Reading; (336) Manubhai Dahyabhai Patel-15, Near Parabdi, Ras (Kaira Dist.), Penfriendship; (337) Jitu R. Ghia-19, C/o R. T. Ghia, 'Dilkhush', Manoranjan, Junagadh (Saur.), Photography, Swimming, Games, Tourning; (338) Lina Ghia-17, Add. as above, Reading, In-door Games, Stamps, Cinema; (339) Kanukumar H. Shah -19, Prafulla Sadan, Mehta Street, Bhavnagar (Saur.), Travelling, Sports, Literature; (340) Amritlal K. Gala -17, C/o Karamshi Ratanshi, Kansara Bazar, Kutch Mandvi, Reading, Music, Urdu Shayari, Coins; (341) Krishnakumar Himmatlal Shah-17, Ambavadi Pole, Kadva Sheri, Baroda, Cricket, Friendship, Photography, Stamps; (342) Vinodrai A. Parekh-17, 158/60 Narayan Dhru Street, Vishram Bhavan, Bombay-3, Coins, Photography, Cinema; (343) Yaqub Mahmad Parsot-15, Kansarawad, Ankleshwar (Dist. Broach), Stamps; (344) Suresh Shankerbhai Patel-18, Sohrabji Compound, Vadaj, Ahmedabad-13, Correspondence; (345) Chamanlal K. Gupta—21, 16 Mallavia Ramrao Street, Bangalore-2, Stamps, Photographs; (346) Girishkumar D. Trivedi—16, C/o D. B. Trivedi, Senior Judge, Junagadh (Saur.), Stamps, View-Cards, Shooting.

(ચાલુ)

૧૨ માસ(જાન્યુઆરી)ઈતિહાસમાં: દિનવિશેષ·વ્યક્તિવિશેષ·પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: અબુલ ફઝલ



હાન અકબરનો ઘનિષ્ઠ મિત્ર, વિશ્વસ્ત મંત્રી અને તેના દરબારનાં નવ રત્નો પૈકીનો એક, ભારતનો આ ઉચ્ચ કોટિનો વિદ્વાન ને મહાન ઇતિહાસકાર ઈ.૧૫૫૧ની ૧૪મી જાન્યુરીએ આગ્રામાં વિદ્યાકલાનિપુણ કુટુંબમાં જન્મ્યો હતો. તેના વિદ્વાન પિતા શેખ મુબારકે તેને ઉત્તમ પ્રકારનું શિક્ષણ અપાવ્યું. અબુલ ફઝલનો મોટો ભાઈ અબુલ ફૈઝી પણ ઉચ્ચ કક્ષાનો કવિ, અને અકબરનાં નવ રત્નોમાંનો એક વિદ્વાન સાહિત્યકાર હતો.

પંદર વર્ષની ઉંમરે બધાં શાસ્ત્રો અને વિજ્ઞાનમાં પારંગત થઈ પછીનાં દસ વર્ષ સુધી અબુલ ફઝલે શિક્ષકનો ધંધો કર્યો. ઈ.૧૫૭૪થી અકબરના દરબારમાં દાખલ થયો અને પોતાની અદ્ભુત સાહિત્યપ્રતિભા, વિદ્વત્તા તથા વિપુલ જ્ઞાનને કારણે પહેલેથી જ અકબરનો માનીતો થઈ પડયો, તે એટલી હદ સુધી કે તેની સાથેની અકબરની ગાઢ મૈત્રીને પરિણામે અકબરની ધર્મદૃષ્ટિ અત્યંત ઉદાર બની; તે કારણે અકબર સામે રાજવર્તુળમાં છૂપું કાવતરું પણ રચાતું જતું હતું. અંતે વિરોધી પક્ષ સાથે વિવાદચર્ચા થતાં અબુલ ફઝલે 'કુરાનને અનુસરીને નવીન સુધારણા ઘડવાનો બાદશાહને અધિકાર છે' એવો સર્વમાન્ય અને ગૌરવભર્યો તોડ આણ્યો. આથી અકબરનું અબુલ ફઝલ માટેનું માન અનેકગણું વધી ગયું. તેણે બધા ધર્મોના સિદ્ધાંતોને એકસૂત્રે સાંકળતો 'દીન-એ-ઈલાહી' નામનો જે નવો ધર્મમત અકબરે સ્થાપ્યો, તેમાં યે અબુલ ફઝલના પ્રચાર ને ઉદાત્ત વિચારોની અકબર પર પડેલી પ્રબળ અસર સ્પષ્ટ જણાય છે. પરંતુ તે નવો મત અબુલ ફઝલનો પ્રેરિત નહોતો. તે વિદ્વાન દૂરદર્શી વિચારકને તેની અવ્યવહારુતાની ઝાંખી પહેલેથી જ થએલી. અકબરના આ નવા ધર્મમતે રૂઢિચુસ્ત મુસ્લિમોમાં હાહાકાર મચાવી દીધો. ખુદ શાહજાદા સલીમે પણ ઉશ્કેરાઈ જઈ અકબર સામે બંડ ઉઠાવેલું. તેમાં અબુલ ફઝલ ભળ્યો ન હોઈ તે સલીમના તિરસ્કારનો ભોગ બન્યો. પરિણામે સલીમે અબુલફઝલનું ખૂન કરવાનું કાવતરું રચી કાઢયું, અને વીરસિંહની સહાયથી ઈ. ૧૬૦૦માં તે પાર પાડયું. બીજો એક મત એવો છે કે તેનું ખૂન રૂઢિચુસ્ત મુસ્લિમોએ જ મળીને કરેલું. અબુલ ફઝલના મૃત્યુના સમાચારે અકબરના હૃદય પર ઘણી કારમી અસર કરી. કહેવાય છે કે ત્યાર પછી તે કદી હસ્યો ન હતો.

અબુલ ફઝલની યોગ્યતા તેના વિદ્વાન પિતા તથા પ્રતિભાશાળી ભાઈ કરતાં યે વધુ હતી. તેનું વાચન અત્યંત વિશાળ હતું, અને તેનો ઉદ્યમ અશ્રાન્ત હતો. વિધવિધ જ્ઞાનશાખાઓનો તેનો અભ્યાસ તલસ્પર્શી હતો. આજુબાજુની સર્વ પ્રકારની ઝીણામાંઝીણી માહિતીથી તે સર્વદા માહિતગાર રહેતો. જ્ઞાન, વિદ્વત્તા અને પ્રતિભા સાથે ઉત્તમ કોટિનું વ્યાવહારિક ડહાપણ તેને વરેલું હતું. તેની ભાષા ઉચ્ચ, સંસ્કારી ને પ્રગલ્ભ છે. પાશ્ચાત્ય પ્રકાંડ વિદ્વાન શાસ્ત્રજ્ઞ બેકન સાથે તેને ઘણા સરખાવે છે તે યોગ્ય જ છે. તેનો સૌથી મોટો અને મહત્ત્વનો ફારસી ગ્રંથ 'અકબરનામા' બે ભાગમાં વહેંચાએલો છે: અકબરનું શાસન, અને 'આઈન-એ-અકબરી'—એટલેકે અકબરની રાજ્ય, રાજ્યબંધારણ અને ધર્મવિષયક નીતિ. આ ઉપરાંત તેણે અનેક સંસ્કૃત ગ્રંથોનો ફારસી ભાષામાં અનુવાદ પણ કર્યો છે.

દિનવિશેષ

તા. ૧ દેશબંધુ દાસ, મોતીલાલ નહેરુ વગેરે નેતાઓએ 'સ્વરાજ પક્ષ' સ્થાપ્યો, ૧૯૨૩.

તા. ૨ સસ્તા સાહિત્યના પ્રચારનો પ્રશસ્ય પ્રયત્ન કરનાર ભિક્ષુ અખંડાનંદનું નિધન, ૧૯૪૨.

તા. ૪ સવિનયભંગની ચળવળનાં મંડાણ; દેશના નેતાઓની એકસામટી ધરપકડ, ૧૯૩૨.

તા. ૫ વૈદક-વિજ્ઞાનમાં અત્યંત ઉપયોગી 'ક્ષ' કિરણોની જર્મન પ્રો. રૉન્જને શોધ કરી, ૧૮૯૬.

તા. ૬ સ્વયંપ્રેરણાથી ફ્રાંસના સ્વાતંત્ર્યયજ્ઞમાં બલિ બનનાર જોન ઑવ આર્કનો જન્મ, ૧૪૧૧.

તા. ૭ બળવાના આરોપસર છેલ્લા મુઘલ સમ્રાટ બહાદુરશાહને દેશનિકાલી દેવાઈ, ૧૮૫૮.

તા. ૧૦ ભારતમાં વેપાર માટે મંજૂરી લેવા સર ટૉમસ રો જહાંગીરના દરબારમાં આવ્યો, ૧૬૧૬.

તા. ૧૩ તૈમૂર લંગે દિલ્હી શહેર પર ચડાઈ કરી તેને જીત્યું અને કત્લ તથા લૂંટ ચલાવી, ૧૩૯૯.

તા. ૧૯ પછાતો ને આદિવાસીઓના એકનિષ્ઠ ઉદ્ધારક ને સેવક ઠક્કરબાપાનું અવસાન, ૧૯૫૧.

તા. ૨૩ તાલિકોટના યુદ્ધમાં વિજયનગરના સામ્રાજ્યનો પરાજય અને આમૂલ ધ્વંસ, ૧૫૬૫.

તા. ૨૪ છપ્પનિયા વેળા ગુજરાતના ખેડૂતોના હામી થનાર ગોકુલદાસ પારેખનો જન્મ, ૧૮૪૭.

તા. ૨૬ મુઘલ યુગમાં સૌથી વધુ સમૃદ્ધ રાજ્ય ભોગવનાર શાહજહાંનું રાજ્યારોહણ, ૧૬૨૮.

તા. ૨૮ કલકત્તા, મદ્રાસ તથા મુંબાઈનાં શહેરોમાં પહેલી વાર ટેલિફોન દાખલ થયા, ૧૮૮૨.

તા. ૩૧ છત્રપતિ શિવાજી મહારાજે સ્વતંત્ર રાજ્ય સ્થાપવાની પ્રવૃત્તિનો આરંભ કર્યો, ૧૬૪૭.

પ્રસંગવિશેષ: ઝામોરિનના મહેલ પર આલ્બુકર્કનો હલ્લો: ૪ જાન્યુઆરી ૧૫૧૦

ભારત પહોંચવા માટેનો સૌથી પ્રથમ જળમાર્ગ શોધવામાં સફળતા મેળવનાર વાસ્કો દ ગામાનું જહાજ આફ્રિકાની દક્ષિણે કેપ ઑવ ગુડ હોપ ફરતું ચક્કર લગાવી હિંદી મહાસાગરમાં થઇને જ્યારે ૨૨મી મે ૧૪૯૮ને દિવસે ભારતની પશ્ચિમે મલબાર કિનારે આવેલા કાલિકટ બંદરે લાંગર્યું, ત્યારે કાલિકટના હિંદુ રાજા ઝામોરિને તેમને અતિથિ ગણીને વાસ્કો દ ગામા તથા તેના ખ્રિસ્તી સાથીઓનું અત્યંત પ્રેમપૂર્વક સ્વાગત કર્યું, અને તેમની વિનતિથી તેમને પોતાના રાજ્યમાં રહેવા તથા વેપાર કરવા રજા આપી. એ વખતે કોણ જાણતું હતું કે તે પરદેશીઓની એક નિકૃષ્ટ પનોતીને આવકારી રહ્યો છે! તે પછી બે વર્ષે ઈ. ૧૫૦૦માં પોર્ટુગીઝોએ કાલિકટમાં કોઠી નાખી. ત્રણ વર્ષ બાદ તેમણે એ કોઠી ફરતો કિલ્લો બંધાવ્યો અને આલ્બુકર્ક નામના એક સેનાપતિને તેનો રક્ષક નીમ્યો. વેપારના સાયા હેઠળ હિંદમાં પોર્ટુગીઝ સત્તાના પાયા નાખવાની ખ્વાહેશ લઇને આવેલા એ કુનેહબાજ આલ્બુકર્કે, તે પછી કાલિકટથી કિનારેકિનારે ઉત્તર તરફ વધીને ઈ. ૧૫૦૬માં ગોવા જીતી લીધું. છેવટે ઈ. ૧૫૧૦માં કાલિકટના રાજા સાથે પણ તકરાર કરી, જેને અંતે ઈ. ૧૫૧૦ની ૪થી જાન્યુઆરીએ આલ્બુકર્કે પોતાના ફિરંગી સાથી કૉન્ટીહો સાથે મળી ઝામોરિનના મહેલ પર હલ્લો કરી તેને આગ લગાડી અને એ આખું ગામ લૂંટ્યું. પરિણામે કૉન્ટીહોને તો મહેલમાં જ રાજાના સૈનિકોએ પકડયો અને ખતમ કર્યો. ઉપરાંત તેના સાથીઓમાંથી ૮૦ જણની પણ તે જ દશા થઈ અને આલ્બુકર્ક શરીર પર એક ઘા લઇને કોચીન તરફ નાઠો. ૧૨ વર્ષ પહેલાં જ આ વિદેશીઓ ઉપર અનુગ્રહ કરનાર નિરપરાધી તથા ઉદાર ઝામોરિનને એ ઉપકારનું આવું જુલમ અને કપટભર્યું કટુ ફળ મળ્યું, જે કડવાશનાં મૂળિયાં હજી આજે પણ હિંદની ભૂમિ પરથી ઊખડયાં નથી.

પાની બાઢે નાવમેં ઘરમેં બાઢે દામ,
દોનોં હાથ ઉલીચિયેં વહી સયાનો કામ.

કાનપુરના અબ્દુલા ઈલ્મ નામના ચામડાના વેપારી (જે મોટા દાની હતા) એમને એક વિચિત્ર ટેવ, કે રસ્તે કોઈ સલામ ભરતું તો તેઓ સલામનો જવાબ વાળતા: 'પહોંચાડીશ'. આ ઉત્તરનું રહસ્ય પામવા ઘણા મથતા, પણ એ વાત ટાળી દેતા. છેવટે એક નિકટતમ વ્યક્તિએ આગ્રહ કરતાં તેઓ એને પોતાને ઘેર લઈ ગયા અને ત્યાં મૂકેલી તિજોરી તરફ સંકેત કરી કહ્યું, 'સૌની એ સલામ હું આને જ પહોંચાડું છું. કારણકે પૈસો નહોતો ત્યારે મને એકલાને કોઈ સલામ ભરતું નહોતું.'

અનેકાર્થી શબ્દ: **ઝીલ**=વંદાની જાતનો એક જીવ; ઊંડા પાણીની જગ્યા, મોટું કુદરતી જળાશય; નીચી જમીન; છોળ કે છાલક; માટી અથવા કાચની મોટી બરણી; ધ્રુવગાન; બટેટાં ટમેટાં કોબી વગેરેનું રસદાર મિશ્રિત શાક; સામો લણવાનું વાંસનું ઓજાર; તંબૂરાનો એક તાર; એક જાતની વનસ્પતિ; છંદનું એક નામ.

પૅરેફિનમાં બોળેલું રૂનું પોતું ઘડિયાળના અંદરના ભાગમાં મૂકી ઢાંકણું વાસી થોડા દહાડા રહેવા દેજો. પૅરેફિનમાંથી ધુમાડા નીકળીને બધાં ચક્રો પર ચડેલી ધૂળ છૂટી પાડી નીચે જમા કરશે. (૨૫)



ગઈ ૧૦મી ડિસેમ્બર ઊજવાએલા સાતમા માનવ-હક્ક-દિનના સ્મરણમાં યુનાઇટેડ નેશન્સ 'યૂનો' તરફથી બહાર પડેલી નવી ટિકિટ

કહેવતોના અર્થ: 'આમદની ટોપી મામદને માથે, ને મામદ ફરે ઉઘાડે માથે.'— એકની પાસેથી પૈસા લઈ બીજાને સંતોષવો, ને તેની પાસેથી ફરી માગી ત્રીજાને આપવા એમ ફરતાફરતી પૈસા લઇ વેપાર ચલાવતા, અગર એ રીતના જીવન-વ્યવહારવાળા માણસોના વર્તન માટે વપરાતી આ કહેવતને મળતી બીજી કહેવતો: 'ગાયના ભેંશ હેઠે ને ભેંશના બકરી હેઠે'; 'ફઇનું પલ્લું માસીને ને માસીનું પલ્લું કોઇને'; 'પૂંજી વગર પેઢી માંડવી'; 'પોલે પાંને વેપાર'; 'રેતીમાં નાવ ચલાવવી' વગેરે.

કોઇ પણ એકમ આંકડાને નવગણો કરીને તે વડે ૧૨૩૪૫૬૭૯ એ રકમને ગુણવાથી જવાબમાં જે સંખ્યા આવશે તે આખી એ એકમના જ આંકડાની બનેલી હશે. જેમકે ૭ લીધો; તેના નવગણા ૬૩; હવે ૧૨૩૪૫૬૭૯×૬૩=૭૭૭૭૭૭૭૭૭. ગમે તે એકમ અજમાવી જુઓ. (૨૫)

લાલ ટમેટાંને ઊકળતા પાણીમાં અરધી મિનિટ રાખી પછી પાંચેક મિનિટ ઠંડા પાણીમાં રાખશો તો તેની છાલ સહેલાઈથી ઊતરી જશે.

શિયાળામાં શૌચ માટે ગરમ પાણી વાપરવાની ટેવ હરસનો ઉપદ્રવ કરે છે. (૨૫)

ઉપરના ૧૦૦ ખાનાના ચોકઠામાં ૧થી ૧૦૦ સુધીના આંકડા એવી રીતે ભરો કે દરેક આડી, ઊભી તેમજ ત્રાંસી લીટીએ ગણતાં સરવાળો ૫૦૫ આવે. કોઈ પણ અંક બે વાર ન આવવો જોઇએ. આ કોયડો પૂરો કરી આપનારને જૈન મુનિશ્રી જયચંદ્રજી મહારાજ પાંચ રૂપિયા પારિતોષિક આપશે એમ શ્રી જયંતીલાલ શાહ (C/o મહેતા ટ્રેડર્સ, મંગળદાસ માર્કેટ, આકોલા, મધ્ય પ્રદેશ) લખે છે. બધો પત્રવ્યવહાર સીધો એમની સાથે કરવો.



ગણિતગમ્મત: ૨૫૨ એ એવી રકમ છે કે જેના જમણી તરફના છેડે જે એકમ અંક મુકાય તે આંકડા વડે તે નવી બનતી રકમને નિઃશેષ ભાગી શકાય. માત્ર છેડે જો શૂન્ય મૂકીએ તો આખી રકમને ૨૦ વડે ભાગવી પડે. ચકાસી જોજો. (જયંતીલાલ ડાહ્યાભાઈ પટેલ)

કરચલાનું હાડપિંજર બીજાં પ્રાણીની પેઠે શરીરની અંદર નથી હોતું, પણ બહાર હોય છે; અને માંસમાવો બધું અંદર! (૨૫)

સ્થળ વિષે લોકોક્તિ:
ધૂળ ગામ ધોલેરા, અને અંદર ગામબારાં;
કાઠા ઘઉંની રોટલી, ને પાણી પીવાં ખારાં.

તમને નવાઈ લાગશે કે સૌથી ઊંચું શિખર એવરેસ્ટ નહિ, પણ આફ્રિકાની ભૂમધ્ય રેખા પર આવેલું માઉન્ટ કેનિયા છે! અલબત્ત સમુદ્રની સપાટીથી તો તે ૧૭૦૦૦ ફૂટ જ ઊંચું છે; પણ પૃથ્વીના ગોળાના મધ્યબિંદુથી માપતાં માઉન્ટ કેનિયા એવરેસ્ટ કરતાં ૧૪૦૦૦ ફૂટ વધારે ઊંચું છે.



હંસના આકારનું દક્ષિણ હિંદનું પાનદાન.

કાગળો મળે છે (અનુસંધાન પૃષ્ઠ ૧૯થી)

શ્રી 'સુકાની' વાર્તાસુકાન પકડી અમને કથાનાવની સફર કરાવશે જાણી ખૂબ આનંદ થયો છે. એ જ પ્રમાણે મુ. શ્રી હરિનારાયણ આચાર્ય, સમયાંતરે, પશુપક્ષી વ.ની આતંવી જ્ઞાનયાત્રા કરાવે તો ખૂબ ઉપકાર થાય.

(ચાંગા) —છોટુભાઈ સુથાર

આ સાથે 'આ દિલ્હી છે' નામની સચિત્ર પુસ્તિકા મોકલી છે. એ અને એના જેવી જ દિલ્હીનાં ઐતિહાસિક સ્થળો વિષેની બીજી અનેક પુસ્તિકાઓ 'બુકસ્ટૉલ' પર વેચાય છે.

આની ભાષા ગુજરાતી છે એમ પહેલી નજરે જોનારા કહી શકે, પણ અંદરનાં પાનાં ફેરવતાં જ વાચકની ભ્રમણા તૂટી જાય; કારણ કે અંદરની ભાષા વર્ણસંકર–અગુજરાતી છે, ગુજરાતી ભાષાનું અપમાન જ છે.


હિન્દના પાટનગરમાં ગુજરાતી ભાષાનાં આવાં પુસ્તકો, ગુજરાતના સમર્થ લેખકો અને પ્રકાશકો હોવા છતાં, વેચાય છે; કારણ કે શુદ્ધ અને સાદી ગુજરાતી ભાષાનાં પુસ્તકો અને સચિત્ર માર્ગદર્શિકાઓનો સદંતર અભાવ છે. આ બાબતમાં કુમાર કાર્યાલય આગળ વધશે તો ગુજરાતના પ્રવાસીવર્ગને ઘણો લાભ થશે.

(મુંબાઇ) —જયરામ મોરારજી

[લખનાર ભાઇએ ઉપર્યુક્ત પુસ્તક અમને મોકલ્યું છે. તેમાંનો પહેલો જ પૅરૅગ્રાફ આ નીચે ઉતારીએ છીએ. વાંચવાથી જ પ્રતીત થશે કે આ ભાઇની અકળામણ યથાર્થ છે. 'કુમાર' પાસેથી એમણે રાખેલી અપેક્ષા એમનો પ્રેમ બતાવે છે, પણ પ્રકાશનો વિષે અમારી સ્થિતિ અમે આ અગાઉ ઘણી વાર સ્પષ્ટ કરી છે.]

"દેહલીના પ્રાચીન નગર યમુના નદીનો તટે અધિક ઉભરેલા અરાવલી પર્વતના ઉત્તરી ભાગમાં તથા યમુના નદીના મધ્ય વર્તમાન એક સંકુચિત મૈદાનમાં સ્થિત છે. દેહલી એક ઐતિહાસિક નગર છે, જેના યહ સંસારના અન્ય નગરાઓની તુલનામાં અદ્વિતીય છે. વાસ્તવમાં દેહલી ભારતીય ઇતિહાસના પ્રતિનિધિત્વ કરે છે. સત્ય વાર્તા તો એ જ છે કે દેહલી ભારતના સંક્ષિપ્ત રૂપ છે. વસ્તુતઃ દેહલીના ઇતિહાસિજ ભારતના ઇતિહાસ છે. ૧૨ ડિસેમ્બર ૧૯૧૧ વે દિવસે દેહલી દરબારના અવસરમાં રાજાધિરાજ પંચમ જાર્જે કલકત્તાને સ્થાને દેહલીને ઈજરાજ્ય સત્તાના કેન્દ્ર બનાવેલી ઘોષણા આપી દેઈ, અને આ પ્રકાર પોતાને પુરાતન અને સમ્મિલિત ગૌરવપૂર્ણ ભારતની રાજધાનીના પદૅ પુનઃ પ્રાપ્ત થઈ ગઈ."


ઑગસ્ટ '૫૫ના અંકમાં છપાએલ આકૃતિના ખૂણા ૧૨૦ નહિ પણ ૮૪ થાય છે, નીચે બતાવેલી આકૃતિના ખૂણા બરાબર ૧૨૦ થાય છે.



(અમરગઢ) —બી. બી. ચૌહાણ

ડિસે. '૫૫ના અંકમાં પૃ. ૪૮૩ ઉપર અવિભાજ્ય સંખ્યાઓનો 'સર્વતોભદ્ર યંત્ર' આપ્યો છે. તેની પાંચમી ઊભી લાઈનમાં ૧૦૬૧ છપાએલા છે તે ખોટા છે. ૧૦૫૧ જોઈએ.

(તિલકવાડા) —મ. ના. ખત્રી



કૃષ્ણલીલા : ચિત્રકાર · જયંત ભટ્ટ

ભારતની રાષ્ટ્રીય કલા-સંસ્થા 'લલિતકલા અકાદમી' તરફથી આ વર્ષે ભરાએલા બીજા રાષ્ટ્રીય કલાપ્રદર્શનમાં સર્વશ્રેષ્ઠ નીવડેલી દસ કૃતિઓમાં પણ શ્રેષ્ઠ આવી અકાદમીનો સુવર્ણપદક તથા રૂ. ૧૦૦૦નું ઈનામ મેળવનાર ચિત્રનો એક ભાગ. મૂળ આખા ચિત્રનો ઝાંખો ખયાલ તથા કલાકારનો પરિચય મેળવવા માટે જુઓ 'માધુકરી' વિભાગ. ચિત્રમાં કૃષ્ણના જન્મથી કાલીયદમન (જે ભાગ ઉપરના ચિત્રખંડમાં છે) સુધીની બાળલીલાના પ્રસંગોને ભારતીય ઢબનાં ગ્રામપાત્રો દ્વારા ભીંતચિત્રની શોભનશૈલીએ નિરૂપ્યા છે. ભીંતચિત્રોમાં અજંતાની ઢબે પાત્રો અને સાધનોની ભાત પાડતા જઇને કથાપ્રસંગને વહેવડાવતા જવાની પદ્ધતિ ભાતીગળ અને ભરીભરી લાગે છે.

'કુમાર' જાન્યુઆરી ૧૯૫૬ · સળંગ અંક ૩૮૫ · છૂટક નકલના બાર આના January 1956 KUMAR Regd. No. B. 1808



ગરીબની લક્ષ્મી

ફોટો · મધુકાન્ત મહેતા